gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 05 મે 2022

વૈશાખ સુદ - 04 , વિક્રમ સંવત 2078 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 250 | વર્ષ : 05 | અંક : 52 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



દિશા પટાણીએ સર્જરી કરાવી પોતાનો નેચરલ લૂક બગાડ્યો

પેજ 11

**સુવિચાર**

વ્યક્તિને સમજવા માટે દર વખતે ભાષાની જરૂરત નથી હોતી એનું વર્તન પણ, ઘણું બધું કહી દે છે.

જાગતે રહો...ભાજપ જેમને દેશ માટે ભયજનક ગણાવે છે એ, કેજરીવાલને ગુજરાતમાં સત્તા મળ્યા બાદ અલગ ખાલિસ્તાનની જેમ

# અલગ સૌરાષ્ટ્રની માંગ નહીં થાય એની શું ખાતરી..?

Open a Free Demat A/c* with mastertrust

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 55,669.03 | 16,677.60 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| ઓએનજીસી | +3.77 % |
| બિટાનીયા લિ. | +3.49 % |
| પાવર ગ્રીડ | +2.61 % |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| એપોલો હોસ્પિ. | -6.77 % |
| અદાણી પોર્ટ | -5.11 % |
| હિંદાલ્કો | -4.70 % |

mastertrust®

BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 52,680 | 62,700 |

## ખતરનાક: પંજાબમાં કેજરીવાલની આપ પાર્ટી સત્તામાં આવતા જ પટિયાલામાં ખાલિસ્તાન માટે તલવારો ઉછળી...બિનશીખો પર હુમલાઓ

ગુજરાત | વંદન

એક સમયે આપ આદમી પાર્ટીમાં અરવિંદ કેજરીવાલના વિશ્વાસુ એવા કુમાર વિશ્વાસે પાર્ટીમાંથી નિકળી જવાનું પસંદ કર્યું, અને હમણા પંજાબ વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં કુમાર વિશ્વાસે વિશ્વાસ સાથે કેજરીવાલને ખુલ્લા પાડતાં જાહેર કર્યુ કે કેજરીવાલે તેમને એક વાર એવુ કહ્યું હતું કે તેઓ કાં તો પંજાબના સીએમ થશે અથવા ખાલિસ્તાનના પીએમ....! કુમાર વિશ્વાસના મતે કેજરીવાલ ખાલિસ્તાન તરફી છે. તેમના આક્ષેપનો જવાબ તે વખતે કેજરીવાલ એન્ડ કંપનીએ રાબેતા મુજબ આપ્યો. પણ પંજાબમાં આપ પાર્ટીની સરકાર બનતા જ કુમાર વિશ્વાસ અને અલકા લાંબાની સામે પોલીસ દ્વારા આ મુદે માન સરકાર દ્વારા રહી રહીને કેસ કરવામાં આવ્યો.

ખાલિસ્તાન કોને જોઈએ છે..? ખાલિસ્તાનની પાછળ કોણ છે, કઇ રીતે બનશે..? તે સવાલોના જવાબો ભારતને તોડવા સમાન છે. 1971માં ભારતે પાકિસ્તાનના બે ટુકડા કરી અલગ બાંગ્લાદેશ નામના નવા દેશની રચના થઇ ત્યારથી તેનો બદલો લેવા પાકિસ્તાન પંજાબમાં કેટલાક અલગતાવાદી શીખ સમુદાયને ભડકાવીને ભારતથી પંજાબ અને અન્ય પ્રાંતને દૂર કરી પોતાની સાથે ભેળવીને અલગ દેશ ખાલિસ્તાન બનાવવા લોહિયાળ પ્રયાસો કરે છે. 1980ના દાયકામાં ખાલિસ્તાન પ્રવૃતિઓ ચરમસીમા પર હતી અને પંજાબમાંથી અન્ય ધર્મના લોકોને હાંકી કાઢવાના પ્રયાસો થતાં હતા.










અખબારોમાં શીખ આતંકવાદી એવા શબ્દો લખાતા હતા. પંજાબ શીખ સમુદાય સિવાય અન્ય સમુદાયો માટે અસલામત ગણાય એ હદે દેશવિરોધી પ્રવૃતિઓ થતી હતી.પંજાબમાંથી ટ્રેન પસાર થાય તો બીક લાગે એવો માહૌલ કરી દેવામાં આવ્યો હતો. પંજાબના પોલીસ વડા કેપીએસ ગીલને ત્યારબાદ છૂટો દોર આપવામાં આવ્યો તે પછીથી થયેલા પોલીસ એન્કાઉન્ટરોમાં અનેક ભાન ભૂલેલા અને ખાલિસ્તાનના રવાડે ચઢેલા યુવાનો માર્યા ગયા ત્યારે પંજાબમાં માંડ માંડ શાંતિ સ્થપાઇ હતી.

દોઢ-બે મહિના પહેલાં જ પંજાબમાં આપ પાર્ટીની સરકાર આવ્યાં બાદ પ્રથમવાર ખાલિસ્તાન તરફી અને હિન્દુ સમુદાય વચ્ચે અગાઉની જેમ બનેલી લોહિયાળ ઘર્ષણની ઘટના ખતરનાક છે. ભગવંત માનની સરકાર ઉંઘતી ઝડપાઇ કાં તો ધ્યાન ના આપ્યું અને પટિયાલામાં ખાલિસ્તાન દિવસની ઉજવણીમાં તલવારો નિકળી ગઇ, જે દેશ માટે ગંભીર અને સૂચક કહી શકાય. લોહિયાળ ઘર્ષણ બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીઓ કરવાથી શું થાય..? માથુ કાપીને પાઘડી પહેરાવવાનો કોઇ અર્થ ખરો..? જેઓ વિદેશી પરિબળો સાથે મળીને ભારતના ટુકડા કરી અલગ દેશ ખાલિસ્તાન બનાવવા માંગે છે તેઓ આપ પાર્ટીની સરકારમાં ખુલ્લેઆમ તલવારો લઈને નિકળ્યા. પોલીસે હવામાં 15 રાઉન્ડ છોડ્યા પણ તોફાની તત્વોને જેર કરવા સીધો ગોળીબાર કેમ ના કર્યો તેનો જવાબ કોણ આપશે..? વાઈરલ વિડિયો દર્શાવે છે કે બિનશીખોની દુકાનમાં શીખ યુવાનો તોડફોડ, મારામારી કરી રહ્યાં છે અને પોલીસ રોકવાનો પ્રયાસ કરી રહી છે. પંજાબ સરકારને રિમોટ કન્ટ્રોલથી ચલાવવાના અભરખા

...અનુસંધાન પેજ નં. 6 પર

## ન્યૂઝ બ્રિફ

### ગુનાહિત કેસની વિગતો છુપાવવાથી નોકરીમાંથી કાઢી શકાય નહીં



સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ફક્ત ગુનાહિત કેસ સંબંધિત માહિતી છુપાવવા અથવા ખોટી જાણકારી આપવાનો અર્થ એવો નથી કે, નોકરીદાતા મનમાની રીતે કર્મચારીને સેવામાં હટાવી શકે છે. જસ્ટિસ અજય રસ્તોગી અને જસ્ટિસ સંજીવ ખન્નાની પીઠે કહ્યું કે, આ તથ્યની પરવા કર્યા વગર કોઈને પણ દોષ સિદ્ધ થયા વગર, ફક્ત તથ્યો છુપાવવા અથવા ખોટી જાણકારી પર એક ઝાટકે નોકરીમાંથી હટાવી શકાય નહીં.

### રશિયા પાસેથી 70 ડોલર પ્રતિ બેરલથી ઓછામાં તેલ ખરીદવા ઈચ્છે છે ભારત



યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધના કારણે રશિયા પશ્ચિમી દેશોનો આર્થિક પ્રતિબંધ સહન કરી રહ્યું છે અને પોતાનું તેલ વેચવા માટે તનતોડ મહેનત કરી રહ્યું છે. તેના અનુસંધાને રશિયાએ પહેલા જ ભારતને ઉંચા ડિસ્કાઉન્ટ પર તેલ આપવાની રજૂઆત કરી હતી કારણકે અન્ય ખરીદદારોએ મોઢું ફેરવી દીધું છે. તેવામાં ભારત OPEC+ પ્રોડ્યુસર સાથે ડીલ કરવાના જોખમની ભરપાઈ માટે રશિયન તેલ પર ભારે મોટી છૂટ મેળવવા પ્રયત્ન કરી રહ્યું છે. આ મામલે બંને દેશ વચ્ચે વાતચીત ચાલી રહી છે. એક અહેવાલ પ્રમાણે ભારત રશિયા પાસેથી ડિલીવર કરવામાં આવેલા તેલના આધાર પર પ્રતિ બેરલ 70 ડોલર (5352 રૂપિયા)થી ઓછામાં રશિયન તેલ ખરીદવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક બેંચમાર્ક બ્રેંટ હાલ 105 ડોલર (8028 રૂપિયા) પ્રતિ બેરલ આસપાસ વેચાઈ રહ્યું છે.


### વાંકી નજરે...





## બેની લડાઈમાં બિચારા જાવડેકર કૂટાઇ ગયા...!





ભાજપના પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કયા પ્રસંગમાં ક્યારે અને ક્યાં શેમ્પેઈન(એક પ્રકારનો દારૂ)ની બોટલમાંથી છોળો ઉડાડી તે તેઓ જ જાણે.. પણ ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો નેપાળની એક નાઈટક્લબનો વીડિયો વાયરલ કર્યા બાદ કોંગ્રેસે વળતા પ્રહારમાં પ્રકાશ જાવડેકરનો શેમ્પેઈન વાળો ફોટો વાયરલ કરીને હિસાબ કિતાબ એક સમાન કરવાનો પ્રયાસ કર્યો છે. રાહુલ ગાંધી ક્યાં જાય છે, શું કરે છે, કોણે મળે છે, તેના પર ભાજપના એક જૂથની બારીક નજર રહેતી હોય છે. રાહુલ ગાંધી કોઇ લગ્ન પ્રસંગમાં જાય તે તેમનો અંગત વિષય અને મામલો છે. પરંતુ તેમનો વીડિયો વાયરલ કર્યા બાદ પ્રકાશ જાવડેકરની તસવીર બહાર લાવીને કોંગ્રેસે એવો સંદેશો પણ આપ્યો હશે કે હમ કિસી સે કમ નહીં...

પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને પાઠવી શુભેચ્છા

## ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના વડાપ્રધાન સાથે PM મોદીની મુલાકાત



ગુજરાત | વંદન

ત્રણ દિવસની યુરોપ યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદી ડેનમાર્કમાં સેકેન્ડ ઈન્ડો-નોર્ડિક સમિટમાં ભાગ લીધો હતો. આ પહેલા PM મોદીએ ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના વડાપ્રધાન સાથે બેઠે કરી હતી. આ દરમિયાન જળવાયુ પરિવર્તન સહિત ભારત-નોર્ડિક સહયોગ જેવા વિષયો પર ચર્ચા કરી. તેમણે કહ્યું નોર્ડિક દેશ ભારત માટે સસ્ટેનેબિલિટી, રિન્યુઅલ એનર્જી, ડિજિટલાઈઝેશન અને ઈનોવેશનમાં મહત્ત્વના ભાગીદાર છે.

વડાપ્રધાન મોદીએ ડેનમાર્કની રાજધાની કોપેનહેગનમાં આઈસલેન્ડના PM કેટરિન જેકોબ્સડોટિર સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. આ દરમિયાન બંને નેતાઓએ વિશેષ રુપે

...અનુસંધાન પેજ નં. 6 પર

MNS પ્રમુખ સહિત 4 લોકોની સામે એફઆઈઆર નોંધવામાં આવી

## રાજ ઠાકરેની સભામાં હાજર તમામ 13 હજાર લોકોને પોલીસે મોકલી નોટિસ

ગુજરાત | વંદન




મહારાષ્ટ્રમાં લાઉડસ્પીકર વિવાદને લઈને હોબાળો વધુ વકર્યો છે. મનસે પ્રમુખ રાજ ઠાકરે ફરીથી મંગળવારે એક પત્ર જારી કરીને લોકોને કહ્યું હતું કે, આજે એટલે કે 4 મેના રોજ તે બધા સ્થળો પર હનુમાન ચાલીસાનો પાઠ થશે જ્યાં લાઉડસ્પીકરથી અજાન કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, લાઉડસ્પીકર એક સામાજિક મુદ્દો છે, ધાર્મિક મુદ્દો નથી. તેમણે કહ્યું કે, અમે દેશની શાંતિ ભંગ કરવા નથી માંગતા. અમારે કોઈ હુલ્લડ નથી જોઈતું પરંતુ જો લાઉડસ્પીકરના મુદ્દા પર ધ્યાન આપવામાં નહીં આવે તો અમે પણ આ મુદ્દે મક્કમ રહીશું.

મનસે પ્રમુખ રાજ ઠાકરેની ખુલ્લી ચેતવણી બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે. મુંબઈ સહીત આખા રાજ્યમાં મનસે નેતાઓને નોટિસ આપવામાં આવી રહી છે. આમાં ચેતવણી આપવામાં આવી રહી છે કે, જો કોઈ પણ પ્રકારની ગડબડ અથવા સરકારી સંપત્તિને નુકસાન થશે તો નુકસાનની વસૂલાત કરવામાં આવશે. DGP કાર્યાલયના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં અત્યાર સુધી 15,000થી વધુ લોકોની સામે પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત મનસે કાર્યકર્તાઓ સહીત રાજ્યભરમાં 13,054 લોકોની સામે સીઆરપીસીની ધારા 149 હેઠળ નોટીસ જારી કરવામાં આવી છે.

ભારતના અર્થતંત્ર પર રશિયા-યુક્રેન યુદ્ધની અસર : શક્તિકાંસ દાસ

## RBIએ રેપો રેટ વધારીને 4.40% કર્યો, લોનના હપ્તા હવે મોંઘા થશે

ગુજરાત | વંદન



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને બેન્ચમાર્ક પોલિસી રેટમાં અચાનક વધારો કર્યો હતો. આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ સાથે જ રેપો રેટ વધીને 4.40 ટકા થઈ ગયો છે. આ સાથે જ કેશ રિઝર્વ રેશિયોમાં પણ 0.5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

RBI દ્વારા વ્યાજ દરમાં વધારો કરવાની સીધી અસર લોન લેનારા ગ્રાહકો પર પડશે. સામાન્ય રીતે બેંકો રેપો રેટ પર RBI પાસેથી નાણાં મેળવતી હોય છે. રેપો રેટમાં વધારો થવાથી બેંકોનો નાણાં મેળવવાનો ખર્ચ વધી જશે. આ ખર્ચ વધારાની અસર બેંકો ગ્રાહકો પર નાંખતી હોય છે અને લોનના વ્યાજ દરમાં વધારો કરે છે. ભારતમાં મોંઘવારી માઝા મુકી રહી રહી છે. કોરોનાકાળ બાદ આવેલી ઝડપી રિકવરીને કારણે પડતર વધતા દેશમાં ચોતરફ મોંઘવારી વધી હતી. આ સમયેફાટી નીકળેલા રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ક્રૂડના ભાવ આસમાને પહોંચતા ભારત સહિત વિશ્વભરમાં મોંઘવારી રોકેટ ગતિએ વધી રહી છે. મોંઘવારીના વિષચક્રને કાબૂમાં લેવા માટે સેન્ટ્રલ બેંકોએ વ્યાજદરમાં વધારો કરવો જરૂરી બન્યો છે.

### બજારમાં ઘટાડો, સેન્સેક્સ 1400 પોઇન્ટ તૂટ્યો

RBI ગવર્નર શક્તિકાંત દાસે બપોરે 2 વાગ્યે નિવેદન જાહેર કર્યાના સમાચાર મળતાની સાથે જ શેરબજારમાં કડાકો બોલી ગયો હતો. બોન્ડ માર્કેટ સહિત ઈક્વિટી માર્કેટમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. RBI ગવર્નરનું નિવેદન જાહેર થતાં જ નાણાકીય જગતમાં ખળભળાટ મચી ગયો હતો. સેન્સેક્સમાં 1400 પોઈન્ટનો કડાકો નોંધાયો હતો.

એલન મસ્કનું એલાન, કેઝ્યુઅલ યુઝર્સ માટે ફ્રી

## હવેથી કોમર્શિયલ અને સરકારી યુઝર્સને ટ્વિટરનો ચાર્જ ચૂકવવો પડશે



ગુજરાત | વંદન

હવેથી કોમર્શિયલ અને સરકારી યુઝર્સે ટ્વિટરનો ઉપયોગ કરવા માટે ચાર્જ ચૂકવવો પડશે. આ અંગેની ખુદ એલન મસ્કે ટ્વિટ કરીને જાણકારી આપી છે. ગયા સપ્તાહે જ ટ્વિટરને ખરીદ્યા બાદ ચર્ચામાં રહેલા વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક અને ટ્વિટર કંપની ફરી એક વાર ચર્ચામાં છે. આ વખતે ચર્ચાનો વિષય એવો છે કે જે તેના યુઝર્સ સાથે જોડાયેલ છે. એલન મસ્કે તેને ખરીદ્યા બાદ સ્પષ્ટ કર્યું છે કે, ભવિષ્યમાં હવે ટ્વિટરનો ઉપયોગ કરવા માટે કોમર્શિયલ અને સરકારી યુઝર્સને ચાર્જ ચૂકવવો પડશે. એલન મસ્કે ટ્વિટ કરીને આ અંગેની જાણકારી આપી છે. જો કે, તેઓએ સાથે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, તે તેના કેઝ્યુઅલ યુઝર્સ માટે હંમેશાની જેમ ફ્રી રહેશે.

એલન મસ્કે પોતાના ટ્વિટમાં કહ્યું કે, “ટ્વિટર હંમેશા કેઝ્યુઅલ યુઝર્સ માટે ફ્રી રહેશે. પરંતુ કોમર્શિયલ અને સરકારી યુઝર્સે આ માટે થોડીક કિંમત ચૂકવવી પડી શકે છે.”

ટ્વિટરના રિપોર્ટ અનુસાર, અમેરિકામાં તેના લગભગ 4 કરોડ ડેઈલી એક્ટિવ યુઝર્સ છે. એલન મસ્ક ઈચ્છે છે કે, અમેરિકામાં હજુ વધારે યુઝર્સ ટ્વિટરનો ઉપયોગ કરે.

એલન મસ્કે ટ્વિટરને 44 અરબ ડોલરમાં ખરીદવાનો સોદો કર્યો છે. અનેક રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, એલન મસ્ક હવે કંપનીમાં અનેક મોટા ફેરફાર કરવાના મૂડમાં છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, CEO પરાગ અગ્રવાલ અને પોલિસી હેડ વિજયા ગાડ્ડેને કંપનીમાંથી નીકાળી શકાય છે.

ટ્વિટર ખરીદવાની જાહેરાત કર્યા બાદ એલન મસ્કે કહ્યું હતું કે, કોઈ પણ લોકશાહી માટે કામ કરવા માટે સ્વતંત્ર ભાષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટ્વિટર એક ડિજિટલ ટાઉન સ્ક્વેર છે કે જ્યાં માનવતાના ભવિષ્ય પર ચર્ચા થાય છે. તેઓએ આગળ જણાવ્યું કે, તેઓ ટ્વિટરને નવા ફીચર્સ સાથે વધારે સારું બનાવવા માંગે છે. તેઓએ ટ્વિટમાં એમ પણ લખ્યું કે, તે તેના અલ્ગોરિધમને ઓપન સોર્સ રાખીને વિશ્વાસને વધારવા માંગે છે.

ચાલીસા વિવાદમાં 11 દિવસ બાદ જેલમુક્તિ

## મુંબઈ સેશન્સ કોર્ટે રાણા દંપતિને આપ્યા શરતી જામીન

ગુજરાત | વંદન



હનુમાન ચાલીસા વિવાદ કેસમાં બુધવારે અમરાવતીથી અપક્ષ સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાને સેશન્સ કોર્ટમાંથી જામીન મળ્યા છે. રાણા દંપતિને જામીન મળ્યા બાદ અમરાવતી સ્થિત તેમના ઘરે ખુશીનો માહોલ છે. આ સાથે જ જય શ્રી રામના નારા પણ લગાવવામાં આવી રહ્યા છે. જામીન આપતી વખતે કોર્ટે દંપતિ માટે ઘણી શરતો પણ મૂકી છે. કોર્ટના આદેશ મુજબ રાણા દંપતી મીડિયા સાથે વાત કરી શકશે નહીં. પુરાવા સાથે છેડછાડ કરી શકશે નહી. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે દંપતી ફરી આવો કોઈ ગુનો નહીં કરે.

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા લાઉડસ્પિકર વિવાદની વચ્ચે નવનીત રાણાએ જાહેરાત કરી હતી કે, તે સીએમ ઉદ્ધાવ ઠાકરેના

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગાંધીનગર મેડિકલ કોલેજની છાત્રાએ હોસ્ટેલના નવમા માળેથી લગાવી મોતની છલાંગ

ગુજરાત | વંદન

ગાંધીનગર GMERS મેડિકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહી એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી 20 વર્ષીય આસ્થા પંચાસર નામની યુવતીએ હોસ્ટેલના ધાબા પરથી મોતની છલાંગ લગાવી મોત વહાલું કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. બનાવને પગલે હાલમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસનો દોર ચલાવી રહી છે.



ગાંધીનગર GMERS મેડિકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી 20 વર્ષીય આસ્થા સંજયભાઈ પંચાસર મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. બીજા વર્ષની તેની રિપીટરની પરીક્ષા પણ હતી. મેડિકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રૂમ નંબર 902માં રહેતી આસ્થાએ સવારના સમયે હોસ્ટેલના ધાબા પરથી મોતની છલાંગ લગાવીને જીવન ટૂંકાવી લીધું છે.બનાવની જાણ થતાં અન્ય મેડિકલની સ્ટુડન્ટ્સ સહિતના લોકો દોડીને બહાર આવી ગયા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં સેક્ટર-7 પોલીસ મથકના પીએસઆઈ દીપક પરમાર સ્ટાફના માણસો સાથે સ્થળ પર દોડી આવ્યા છે. આ અંગે તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આજે આસ્થાની રિપીટરની પરીક્ષા હતી. ઉપરાંત ગર્લ્સ હોસ્ટેલ નવ માળની છે. જ્યારે તેનાં માતા-પિતા યુએઈમાં રહે છે.

ગાંધીનગર સેક્ટર-5 બીમાં તેના દાદા વસંતભાઈ અને કાકા કાકી રહે છે. આસ્થા મેડિકલના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી. આસ્થાએ NRI ક્વોટામાં એડમિશન લીધું હતું. તેના રૂમમાંથી અંગ્રેજીમાં લખેલી સુસાઇડ નોટ મળી આવી છે. એમાં માતા-પિતાને સંબોધી લખેલું છે કે મમ્મી-પપ્પા, સોરી, ભણવાના લીધે પગલું ભરું છું. હું જાઉં છું.

# ગાંધીનગર એસટી ડેપોએ દોઢ મહિનામાં 3.38 લાખ લિટર ડિઝલ બહારથી ખરીદ્યું



## ■ બસો માટે પ્રતિ દિન 7500 જેટલું ડિઝલ બજારમાંથી ખરીદવામાં આવે છે

ગુજરાત | વંદન

બજાર ભાવ કરતા પ્રતિ લીટરે રૂપિયા 25નો ઉંચા ભાવે ડિઝલ નિગમને આપતું હતું. આથી એસ ટી નિગમે બજારમાંથી ડિઝલ ભરાવવાનું નક્કી કર્યું છે. જેને પરિણામે નગરના ડેપોએ છેલ્લા 45 દિવસમાં 3.38 લાખ લીટર બજારમાં ભરાવ્યું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે એસ ટી બસો તેમજ સરકારી ગાડીઓમાં ડિઝલ જરૂરીયાતને ધ્યાનમાં રાખીને ભારત પેટ્રોલિયમ લિમિટેડ સાથે કરાર કર્યો હતો. આથી નિગમને બલ્કમાં ડિઝલ આપવામાં આવતું હતું. પરંતુ હાલમાં યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે વધુ ડિઝલની ખરીદી કરતા એકમોને ડિઝલ નહી આપવાનો નિર્ણય લીધો છે.

ઉપરાંત ડિઝલના ભાવ પણ વધારવામાં આવ્યા છે. આથી બીપીસીએલ કંપની એસ ટી નિગમને બજાર ભાવ કરતા પ્રતિ લીટર રૂપિયા 25 જેટલા ઉંચા ભાવે ડિઝલ આપવામાં આવતું હતું. આથી એસ ટી નિગમને આર્થિક રીતે નુકશાન થતું હોવાથી બીપીસીએલ પાસેથી ડિઝલ લેવાનું બંધ કરીને બજારમાંથી ડિઝલ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગત તારીખ 19મી, માર્ચ-2022થી એસ ટી નિગમે બજારના પેટ્રોલપંપ સાથે કરાર કરીને ડિઝલની ખરીદી શરૂ કરી છે. જે અંતર્ગત નગરના ડેપો દ્વારા છેલ્લા 45 દિવસમાં કુલ 3.38 લાખ ડિઝલની ખરીદી બજારના પંપમાંથી કરી છે. ડેપોની બસો માટે પ્રતિ દિન 7500 જેટલું ડિઝલ બજારના પંપ માટે ખરીદી કરવામાં આવે છે.


જોકે ગત 19 માર્ચના રોજ પ્રતિ લીટર ડિઝલ 89 ના ભાવે નિગમે ખરીદી શરૂ કરી હતી. જ્યારે હાલમાં બજારમાં પ્રતિ લીટર ડિઝલનો ભાવ 100 છે.

## ગાંધીનગરમાં વધારે પાણી ભરાઈ રહેતા

# આંતરિક માર્ગોનો સર્વેક્ષણ હાથ ધરી સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવશે

## ■ ચોમાસામાં પાણી ભરાઈ રહેવાની સમસ્યાનો અંત લાવવા કોર્પોરેશન કામગીરી હાથ ધરશે

ગુજરાત | વંદન



ગાંધીનગરનાં આંતરિક માર્ગો ઉપર પાણી ભરાઈ રહેવાની ખાસ કરીને વરસાદી સિઝનમાં વધુ ઉદ્દભવતી સમસ્યાના નિરાકરણ માટે કોર્પોરેશન તંત્ર દ્વારા આંતરિક માર્ગો કે જ્યાં વધુ માત્રામાં પાણી ભરાઈ રહેતાં હોય છે એવા માર્ગોનો સર્વે હાથ ધરીને સ્ટ્રોંમ વોટર લાઈન નાંખવાની કામગીરી કરશે. જેનાં માટે સેકટરોમાં વધારે પાણી ભરાઈ રહેવાની ફરીયાદો છે તે જાણવા માટે ભુતકાળની ફરિયાદોનો રેકોર્ડ તપાસી તેમજ સ્થાનિકોનો પણ અભિપ્રાય લેવામાં આવશે.

ગાંધીનગરનાં આંતરિક માર્ગો ઉપર ખાસ કરીને વરસાદી સિઝનમાં પાણી ભરાઈ રહેવાની વ્યાપક બૂમરાણ ઉઠતી રહેતી હોય છે. શહેરમાં મુખ્ય અને રીંગ રોડ ઉપર પાણીના નિકાલ માટે તંત્ર દ્વારા સ્ટ્રોંમ વોટર લાઈનો નાખવામાં આવેલી છે. જેનાં કારણે આ માર્ગો પર પાણી ભરાઈ રહેવાની સમસ્યા નહિવત રહેતી હોય છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં રોડ ઉપર પાણી ભરાઈ રહેવાની ચોમાસામાં ફરિયાદો વ્યાપક બને છે.

મકાન આગળ પેવર બ્લોક નંખાયેલા હોવાથી પાણી જમીનમાં ઉતરતું નથી અને પાણી રોડ ઉપર જ ભરાઈ રહે છે જેના કારણે મચ્છરજન્ય રોગચાળો પણ માથું ઉંચકે છે. ત્યારે આ સ્થિતિમાં કોર્પોરેશને હવે ગાંધીનગરના સેકટરોમાં આંતરિક માર્ગો ઉપર પણ સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાનું નક્કી કર્યું છે. આંતરિક માર્ગો ઉપર બન્ને બાજુ પાણી, ગટર, ઈલેકટ્રીક અને ગેસ લાઈન હોવાથી રોડ સાઈડમાં સ્ટ્રોમ વોટર લાઈન નાંખવી શક્ય નથી. જેથી માર્ગની વચ્ચો વચ નવી સ્ટ્રોમ વોટર લાઈન નાંખવા માટે સર્વે હાથ ધરવામાં આવશે. જેના માટે સ્થાનિક વસાહતીઓના અભિપ્રાય પણ લેવામાં આવશે.

હાલમાં મોટાભાગે તમામ સેકટરોમાં મકાન આગળ પેવર બ્લોક નાંખી દેવામાં આવ્યા છે. જેના કારણે માર્ગો કરતાં પેવર બ્લોકનું લેવલ વધી ગયું છે અને આ જ સ્થિતિના કારણે સેકટરોના આંતરિક માર્ગો ઉપર પાણી ભરાઈ રહેતું હોવાની ફરિયાદો વ્યાપક બની હોવાનું કોર્પોરેશન તંત્રના ધ્યાને આવતા આગામી સમયમાં પેવર બ્લોકની કામગીરી પણ રોડની સમાંતર જ કરવા માટે સૂચના આપવામાં આવશે.

## જય શ્રી રામ... જય પરશુરામ....



ગાંધીનગરના સેક્ટર-૩ ખાતે બ્રહ્માકુમારી સેવા કેન્દ્રના સંચાલિકા બી. કે. સુનિતાદીદી દ્વારા પરશુરામ જયંતિ નિમિત્તે નીકળેલ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.

# અનુસૂચિત જાતિના લાભાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ:પરમાર

ગુજરાત | વંદન

## ■ અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧,૪૮૭ લાભાર્થીને રૂ. ૩૯.૨૫ કરોડનું ધિરાણ ઓનલાઈન ડ્રો દ્વારા વિતરણ કરાયું



સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમાર જણાવ્યું છે કે, અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આર્થિક રીતે સધ્ધર બનાવી સ્વરોજગાર મેળવે તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સઘન આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧,૪૮૭ લાભાર્થીઓને રૂા. ૩૯.૨૫ કરોડનું ધિરાણ કરવા માટે ઓનલાઈન ડ્રો કરવામાં આવેલ છે.

ગાંધીનગર ખાતે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ધિરાણ ઓનલાઈન ડ્રો દ્વારા ઉપલબ્ધ કરાવ્યા બાદ મંત્રી પરમારે કહ્યું હતું કે, અનુસૂચિત જાતિના નાગરિકોને સ્વરોજગાર સહિત રોજગારી માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ પગલાં લીધાં છે.

મંત્રીએ ઉમેર્યું કે, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન તથા ભારત સરકારના NSFDC નવી દિલ્હીની સહયોગી યોજનાઓમાં ટ્રેક્ટર ટોલી યોજનામાં ૬૫ લાભાર્થીઓને રૂા .૪.૬૩ કરોડ, મોબાઈલ ફુડકોર્ટવાન યોજનામાં ૨૧ લાભાર્થીઓને રૂા. ૧.૨૭ કરોડ, નાના પાયાની યોજનાઓમાં ૩૨ લાભાર્થીઓને રૂા. ૦.૩૦ કરોડ, માલ વાહક ફોર વ્હીલર યોજનામાં ૪૧ લાભાર્થીઓને રૂા. ૨.૪૦ કરોડ, ફોર વ્હીલર પેસેન્જર ટેક્ષી યોજનામાં ૭૯ લાભાર્થીઓને રૂા. ૪.૬૭ કરોડ અને થ્રી વ્હીલર યોજનામાં ૩૩૭ લાભાર્થીઓને રૂા. ૮.૧૬ કરોડ એમ મળીને કુલ રકમ રૂા.૨૧.૪૪ કરોડના ધિરાણ માટે કુલ ૫૭૫ લાભાર્થીઓની પસંદગી માટે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર સહાયિત યોજનાઓમાં નાના પાયાની યોજનામાં ૫૮૯ લાભાર્થીઓને રૂા. ૮.૭૭ કરોડ, મારૂતી સુઝુકી ઈકો યોજનામાં ૪૩ લાભાર્થીઓને રૂા. ૨.૦૪ કરોડ તેમજ થ્રી વ્હીલરની યોજનાઓમાં ૨૮૦ લાભાર્થીઓને રૂા. ૭.૦૦ કરોડ મળી કુલ રકમ રૂા. ૧૭.૮૨ કરોડના ધિરાણ માટે કુલ ૯૧૨ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ બન્ને યોજનાઓમાં કુલ ૧૪૮૭ લાભાર્થીઓને કુલ રકમ રૂા. ૩૯.૨૫ કરોડનું ધિરાણ કરવા માટે ડ્રો કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશના મેનેજીંગ ડિરેક્ટર પ્રકાશ સોલંકી સહીત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કુડાસણમાં નવો બોર બનાવવાની વાતને લઈને વોટ્સએપ ગ્રુપમાં બાખડ્યા

# ગાંધીનગર મનપાની બે મહિલા કોર્પોરેટરના પતિઓ વચ્ચે વિખવાદ, વોટ્સએપ ચેટના સ્ક્રીન શોટ થયા વાયરલ

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગર પાલિકા અને ભાજપના આંતરિક વિખવાદ વચ્ચે મનપાના કોર્પોરેટરોના વોટ્સએપ ગ્રુપમાં બે મહિલા કોર્પોરેટરના પતિઓના અંદરો અંદરના વિખવાદના સ્ક્રીન શોર્ટ વાયરલ થયા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૭ના અલ્પાબેન કૌશિકભાઈ પટેલ અને શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી મહિલા કોર્પોરેટર તરીકે ફરજ બજાવે છે. ત્યારે આ બંને મહિલા કોર્પોરેટરના પતિ કૌશિક પટેલ અને સુનિલ ત્રિવેદી વચ્ચે વોટ્સએપ ગ્રુપમાં બાખડ્યા હતા જે વોટ્સએપ ચેટના સ્ક્રીન શોર્ટ વાયરલ થયા હતા.

કુડાસણ ગામમાં પાણીની તંગીને લઈ વોર્ડ નં.૭ના કાઉન્સિલર શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદીએ તાજેતરમાં મનપા કમિશનરને પત્ર લખી નવો બોર બનાવવાની માંગ કરી હતી. ત્યારે આ માંગને લઇ કોર્પોરેટર શૈલાબેનના પતિ સુનિલ ત્રિવેદીએ આ અંગે કોર્પોરેટરોના વોટ્સએપ ગ્રુપમાં મેસેજ કરી ફરી બોર બનાવવાને લઇ રજુઆત કરી હતી. જેના જવાબમાં કોર્પોરેટર અલ્પાબેનના પતિ કૌશિક પટેલે જણાવ્યું હતું કે, 10 દિવસમાં બોર બનાવવાની ખાતરી આપી છે છતાં તમે લેટર લખી ખોટી લોકપ્રિયતા મેળવી રહ્યા છો તેમ કહી આક્ષેપો કરવા લાગ્યા હતા.





કુડાસણ વિસ્તારમાં નવો બોર બનાવવાની વાતને લઈને બંને મહિલા કોર્પોરેટરના પતિઓ વોટ્સએપ ગ્રુપમાં બાખડ્યા હતા. બંને મહિલા કોર્પોરેટરના પતિઓએ જશ ખાંડવાની બાબતને લઈને ગ્રુપમાં વિખવાદ ઉભો કર્યો હતો. જે બાદ ગાંધીનગર મનપાના કોર્પોરેટરોના વોટ્સએપ ગ્રુપમાં બંને મહિલા કોર્પોરેટરના પતિઓના અંદરો અંદરના વિખવાદના વોટ્સએપ ચેટના સ્ક્રીન શોર્ટ વાયરલ થયા હતા.

ત્યારે આ મામલે કોંગ્રેસના કાઉન્સિલર અંકિત બારોટે ભાજપ પર આક્ષેપો કરી કોર્પોરેટરસની લોબી ચાલતી હોવાનું કહી ભાજપના મહિલા કોર્પોરેટરના પતિ જ વહીવટ કરે છે તે જણાવી તંજ કસ્યો હતો.

# ઈસનપુર મોટા નજીક કારમાંથી દેશી દારૂનો મોટો જથ્થો પકડાયો

## ■ દહેગામના સાણોદાથી અમદાવાદ લઈ જવાતો હતો, ત્રણ સામે ફરિયાદ

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેર નજીક ઈસનપુર મોટા પાસે ચિલોડા પોલીસે બાતમીના આધારે દેશી દારૂના જથ્થા ભરેલી કારને ઝડપી લીધી હતી. અમદાવાદ ઠક્કરનગરના શખ્સને પકડી 1.03 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. જ્યારે દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત ત્રણ સામે પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ચિલોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સાણોદાથી ઈસનપુર મોટા ગામ તરફ એક કારમાં દેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જે બાતમીને પગલે પોલીસ ટીમે ઈસનપુર મોટા ગામ પાસે વોચ ગોઠવી હતી અને બાતમીવાળી કાર આવતા તે ઉભી રાખી હતી જેમાં તપાસ કરતા 170 લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કારચાલક અમાદાવાદના ઠક્કરનગર પાસે રહેતો સતપાલસિંહ ઉર્ફે દિપક અમોદસિંહ તોમરને ઝડપી લીધો હતો. જેની પુછપરછમાં આ દારૂનો જથ્થો દહેગામના વડવાસા ખાતે રહેતા સામણજી રાધાજી ઠાકોરે ભરી આપ્યો હતો અને અમદાવાદના ઠક્કરનગર ખાતે રહેતા રઘુનાથસિંગ ઉર્ફે રોડસિંગ રાઠોડે દારૂ મંગાવ્યો હતો જેથી પોલીસે ૧.૦૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને ત્રણ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી.

## પ્રોત્સાહન બાળકોને સુપોષિત બનાવવા બદલ ભાજપને સ્મૃતિએ આપ્યા અભિનંદન

# કેન્દ્રીય મંત્રીના હસ્તે પૌષ્ટિક બાલ આહાર કીટનું વિતરણ

ગુજરાત | વંદન

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીનગરના ધોળાકુવા સ્થિત ચંચળ માતાના મંદિર નાં દિવ્ય પ્રાંગણમાં ભારતીય જનતા પાર્ટીના રાજ્યભરમાં ચાલી રહેલા 'સુપોષણ અભિયાન' અંતર્ગત એક વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે પ્રદેશ ભાજપ દ્વારા કુપોષિત બાળકોને સુપોષિત કરવાનાં હેતુસર તૈયાર કરાયેલ 'પૌષ્ટિક બાળ આહાર કીટ'નું લાભાર્થીઓને કેન્દ્રીય મંત્રીના હસ્તે વિતરણ કરાયું હતું.

સ્મૃતિ ઈરાનીજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશના રાજકીય ઈતિહાસમાં પહેલી વખત બન્યું છે કે કોઈ રાજનૈતિક પાર્ટી દ્વારા બાળકોને સુપોષિત કરવા માટે પક્ષનું સંગઠન હજારોની સંખ્યામાં બાળકોને દત્તક લઈને તેના પોષણ અંગેની સારસંભાળ રાખી રહ્યું છે; તેમજ આ પ્રકલ્પ સંપૂર્ણ રીતે બિનરાજકીય પ્રકલ્પ છે કેમકે નાના ભૂલકાઓ મત નથી આપતા હોતા.

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ભાજપના તમામ પદાધિકારીઓ, કાર્યકર્તાઓ કે જેમણે બાળકોને સુપોષિત કરવાની નેમ લઈ દત્તક લીધા છે તે સૌ સમક્ષ ભાવવિભોર થઈ શીશ ઝુકાવી તેમના ચરણોમાં વંદન કર્યા હતા. આ તેમણે પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું કે, ભાજપાના કાર્યકર્તાઓ સુપોષણ અભિયાનને ફક્ત એક



સંગઠનના કાર્યક્રમની જેમ નહીં પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ સુપોષિત કરવા દત્તક લીધેલ બાળક પોતાના પરિવારનું સભ્ય હોય તે રીતે બાળકની સારસંભાળ અને કાળજી રાખી રહ્યા છે જે ખૂબ આનંદની વાત છે. બાળકોને સુપોષિત બનાવવાનું અભિયાન સંગઠન સ્તરે વ્યાપક પ્રમાણમાં શરૂ કરવા બદલ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ એકમને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' તેમજ સરકારના કાર્યક્રમના માધ્યમથી, ટેકનોલોજીના ઉપયોગ થકી પોષણ અભિયાનની સંકલ્પનાને ઘર-ઘર સુધી પહોંચાડવા વારંવાર દેશની જનતાને પ્રોત્સાહિત કરી છે. જે અંતર્ગત ગુજરાત ભાજપનું સંગઠન સેવાનું માધ્યમ બનતા બાળકોને સુપોષિત કરવા અંગેની જાગૃતિનું ઐતિહાસિક કાર્ય યથાર્થ રહ્યું છે. સ્મૃતિ ઈરાનીજી એ કહ્યું હતું કે, માટે જ દેશની માતાઓને પોતાના બાળકોને સુપોષિત રાખવા માટે કોઈ તકલીફ ન પડે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા સુપોષણ અભિયાનને વધુ ગતિ આપવા પર ભાર મૂકે છે.

## ફિનાઈલ પીનારા ત્રણ સફાઈ કામદારોની હાલત હાલ સ્થિર

# આપઘાતનો પ્રયાસ કરનારા સફાઈકર્મીઓની અધિકારીઓએ ખેર-ખબર પણ ના લીધી!

ગુજરાત | વંદન

ગાંધીનગર કોર્પોરેશનમાં જ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કરનાર ત્રણ સફાઈ કામદારોની હાલત હાલ સ્થિર છે. જોકે મહત્વની વાત તો એ છે કે ઘટના બાદ કોર્પોરેશનના કોઈ અધિકારી કે પદાધિકારી કામદારોના હાલચાલ પૂછવા માટે ડોકાયું નથી. એટલું જ નહીં જે એજન્સીઓ માટે કામદારો કામ કરતાં હતા તેના કોઈ જવાબદાર વ્યક્તિઓએ પણ કામદારોના હાલચાલ પૂછ્યા નથી. ખરેખર તો કામદારો હડતાળ ન કરે અને કામગીરી યોગ્ય ચાલે તે



જોવાની જવાબદારી એજન્સીઓની છે. મનપા દ્વારા સ્માર્ટવોચનો અમલ કર્યા પછી સફાઈ કામદારોનો પ્રશ્નો શરૂ થયા હતા. ડિસેમ્બરની શરૂઆતમાં કપાત અને મોડો પગાર તથા સ્માર્ટવોચ મુદ્દે સફાઈ કામદારોની હડતાળ પાડી હતી. 1 દિવસની રજા સામે 2 દિવસની કપાત, 16 ડિસેમ્બર થવા છતાં પગાર ન થતાં તથા સ્માર્ટવોચ મુદ્દે સફાઈ કામદારોએ હડતાળ પાડી હતી. પગાર મોડો થવો કે કપાત થવાનો સમગ્ર મુદ્દો એજન્સી અને કામદારો વચ્ચેનો હતો.

માણસો ઓછા મળતા હોવાને પગલે તંત્ર દ્વારા એક વ્યક્તિ ઓછો હોય તો બે હાજરી કાપી લેવાતી હતી. જે દંડ એજન્સીને કરાયો હતો પરંતુ એજન્સીઓ દ્વારા કામદારોનો પગાર કાપી લેવાતા તેઓના રોષ ફેલાયો હતો અને હડતાળ પર ઉતર્યા હતા. જોકે એજન્સીઓ સાઈડમાં જતી રહેતાં કામદારોના રોષનું ભોગ મનપાને બનવું પડી રહ્યું છે.

# શું ગુજરાત ડ્રગ્સ માટે ટ્રાન્ઝિસ્ટ પોઈન્ટ બની રહ્યું છે...?

## છેલ્લા આઠ મહિનામાં 25 હજાર કરોડનો જથ્થો દરિયાઈ સહિત વિવિધ સ્થળેથી ઝડપાયો

ગુજરાત | વંદન

ગુજરાતના 1600 કિ.મી. ના દરિયા કાંઠાને સોફ્ટ લેન્ડીંગ પોઈન્ટ ગણી ડ્રગ્સ માફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ડ્રગ્સ સહિતનાં માદક પદાર્થોનો જથ્થો હેરાફેરી કરવા માટે ગુજરાતના આ દરિયા કાંઠાનો ઉપયોગ કરવામાં આવે છે. છેલ્લા આઠ માસમાં ગુજરાતમાંથી 25000 કરોડનું ડ્રગ્સ ઘુસાડવામાં આવ્યું હોય જેને પકડી પાડી ડ્રગ્સ માફીયાની મેલી મુરાદ ઉપર પાણી ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાતના દરિયાકાંઠા ઉપર કુલ 42 બંદરોમાંથી 17 જેટલા નોન મેજર પોર્ટ છે જે કાર્ગો હેન્ડલર કરે છે. આવા બંદરો ઉપર અરબિયન દેશમાંથી અન્ય સામાન સાથે ડ્રગ્સ ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યું છે. છેલ્લા આઠ મહિનામાં ગુજરાતના અલગ અલગ બંદરો ઉપરથી 25 હજાર કરોડનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું હોય છતાં પણ ડ્રગ્સ માફીયાઓ હજુ પણ ડ્રગ્સ ઘુસાડવામાં સક્રિય છે.

તાજેતરમાં ગુજરાત ATS, ગુજરાત પોલીસ અને કોસ્ટ ગાર્ડના એક સંયુક્ત ઑપરેશન અંતર્ગત આ 205 કિલોગ્રામ હેરોઈન પોલીસે જપ્ત કર્યું હતું. આ કેસમાં અત્યાર સુધીમાં નવ લોકોની ધરપકડ થઈ ચૂકી છે અને પોલીસ તપાસ પ્રમાણે આ કેસનો માસ્ટર માઈન્ડ પાકિસ્તાનના કરાચીમાં રહેતો મુસ્તફા નામનો શખ્સ છે. ડીજીપી, આશિષ ભાટિયા પ્રમાણે, આ હેરોઈન દરિયાઈ માર્ગે ગુજરાત પહોંચાડ્યા બાદ ઉત્તર ભારત તરફ મોકલવાનું હતું. એટીએસના અધિકારી ભાવેશ રોજિયાની બાતમીને આધારે કોસ્ટ ગાર્ડની મદદથી આ ઑપરેશન પાર પાડ્યું હતું, જે બૉટમાં હેરોઈન હતું તે બૉટ પર પોલીસને ફાયરિંગ પણ કરવું પડ્યું હતું. હાલ પકડાયેલા નવ લોકો પોલીસ કસ્ટડીમાં છે.

23 એપ્રિલ 2022ના રોજ વડોદરામાંથી 7 લાખથી વધુનું ડ્રગ્સ ઝડપાયું હતું. આ કેસમાં હાલોલમાં રહેતી મોહમ્મદ યુસૂફ મકરાણી નામની વ્યક્તિને ભાગેડુ જાહેર કરવામાં આવી છે. પોલીસના કહેવા પ્રમાણે આ લોકો એમડી ડ્રગનો નેટવર્ક વડોદરા શહેરમાં ચલાવતા હતા. હાલમાં પોલીસે ફતેહગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. એ પહેલા 21 એપ્રિલ 2022ના રોજ કંડલા પૉર્ટ પરથી ATS અને DRI દ્વારા સંયુક્ત ઑપરેશન હાથ ધરી શંકાસ્પદ એક કન્ટેનરમાંથી 250 કિલોગ્રામ હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું. આ હેરોઈનની ઈન્ટરનેશનલ માર્કેટમાં આશરે 2500 કરોડ રૂપિયાની કિંમત આંકવામાં આવી હતી. આ કન્ટેનર કંડલા પૉર્ટ પર સીઝ કરવામાં આવ્યાં હતાં, પરંતુ ત્યાર બાદ પોલીસની બાતમીને આધારે ડોગ સ્કવૉડની મદદથી કન્ટેનરને ચેક કરવામાં આવ્યાં હતાં. પોલીસ પ્રમાણે આ કન્ટેનરમાં ચિરોડી (એક પ્રકારનો પથ્થર) છે તેવું પોલીસને કહેવામાં આવ્યું હતું, પરંતુ તે ચિરોડીની આડમાં 2500 કરોડનું હેરોઈન ગુજરાતના દરિયાઈ માર્ગ થકી દેશના બીજા ભાગોમાં પહોંચાડવાનું હતું. 3 માર્ચ 2022ના રોજ અમદાવાદ ઍરપૉર્ટ પરથી ડીઆરઆઈએ કેન્યાના બે નાગરિકોને પકડીને તેમની પાસેથી આશરે 60 કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કર્યું હતું. આ બન્ને લોકો અમદાવાદમાં મેડિકલ ટૂરિઝમના ઓથ હેઠળ આવ્યા હતા. તેમની ખાલી બૅગ જ્યારે વજનદાર લાગી ત્યારે ડીઆરઆઈના અધિકારીને શંકા ગઈ અને વધુ તપાસ કરતા આ બૅગની અંદર છૂપાં ખાનાં બનાવેલાં છે તેવી ખબર પડી હતી. તે ખાનાંમાં હેરોઈન મળી આવતા આ બે નાઈજીરિયન નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

13 ફેબ્રુઆરી 2022ના રોજ અરબી સમુદ્રમાંથી 800 કિલો ડ્રગ્સ ઝડપાયું હતું. ગુજરાતના દરિયાઈ માર્ગે 750 કિલો ડ્રગની હેરાફેરી કરતી એક શિપને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો અને ઈન્ડિયન નેવીના એક સંયુક્ત ઑપરેશન અંતર્ગત સીઝ કરવામાં આવી હતી. આશરે 120 કિલો હેરોઈન, જેની ગ્લોબલ માર્કેટમાં 600 કરોડની કિંમત આંકવામાં આવે છે તે ડ્રગ ગુજરાત એટીએસે 15 નવેમ્બર 2021ના રોજ મોરબીના ઝીંઝુડા ગામના એક અન્ડર કન્સ્ટ્રક્શન મકાનમાંથી જપ્ત કર્યું હતું. પોલીસ અનુસાર, આ કેસના તાર પાકિસ્તાનના ડ્રગ ડીલર ઝાહીદ બલોચ નામની એક વ્યક્તિ સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું હતું. ગુજરાતમાં તેમની સાથે કામ કરનારા લોકોમાં મુક્તાર હુસૈન અને સમસુદ્દીન સૈયદનાં નામ બહાર આવ્યાં હતાં. આ ડ્રગ નવેમ્બર 2021માં જપ્ત કરવામાં આવ્યો હતો, પરંતુ તેનું કન્સાઈન્મેન્ટ આ બન્ને લોકોને ઑક્ટોબર મહિનામાં મધદરિયેથી મળી ચૂક્યું હતું. આ ડ્રગના પૅકેટ્સને તેમણે દેવભૂમિ દ્વારકાના સલાયા ગામમાં સંતાડીને રાખ્યાં હતાં. પોલીસે આ કેસમાં બે લોકોની ધરપકડ કરી છે અને ઝાહીદ બલોચને ભાગેડુ જાહેર કરેલો છે. 10 નવેમ્બર 2021ના રોજ દ્વારકામાંથી 65 કિલોનું ડ્રગ્સ ઝડપાયું હતું. એક ચોક્કસ બાતમીને આધારે ગુજરાત પોલીસે સજ્જાદ ઘોષી નામની એક વ્યક્તિની મુંબઈના થાણે વિસ્તારથી ધરપકડ કરી હતી. તેમની પાસેથી એક પૅકેટ મળ્યું હતું, જેમાં આશરે 11.4 કિલો હેરોઈન હતું. સજ્જાદની પૂછપરછ કર્યા બાદ વધુ માહિતી મળતા પોલીસે સલીમ યાકુબ કારા અને અલી યાકુબ કારા નામના બે લોકોની દેવભૂમિ દ્વારકા પાસેના સલાયા ગામથી ધરપકડ કરી હતી, અને તેમનાથી 46 પૅકેટમાં પૅક કરેલું હેરોઈન મળી આવ્યું હતું. આ હેરોઈનની કિંમત ગ્લોબલ માર્કેટમાં આશરે 300 કરોડની આંકવામાં આવી હતી. હાલમાં આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરાઈ છે અને વધુ તપાસ ચાલુ છે.સુરત શહેરમાં પણ 10 નવેમ્બર 2021ના રોજ સુરત પોલીસ દ્વારા 5.85 લાખનું એમડી ડ્રગ ઝડપી પાડવામાં આવ્યું હતું. આ કેસમાં પોલીસે રાજસ્થાન અને ગુજરાતના એક-એક શખ્સની ધરપકડ કરી હતી. આ કેસમાં સુરતમાં જ રહેતી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે એમડી ડ્રગ સુરત શહેરના અલગઅલગ વિસ્તારોમાં વેચવામાં આવતું હતું.



### આ રીતે કામ કરે છે નેટવર્ક

પોલીસ અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, ઘણા માછીમારો મધદરિયે માછીમારી માટે જાય છે. ગુજરાતમાં હાલમાં 3000 ફિશિંગ બૉટ્સ રજિસ્ટર્ડ છે, અને તે બૉટ્સ મધદરિયે ફિશિંગ કરવા જાય છે. આ બૉટ્સમાંથી અમુક બૉટ આ નેટવર્કનો ભાગ હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

### આ સિવાય પણ અન્ય સ્થળોએ ડ્રગ પકડાયું છે

24 ઑક્ટોબર 2021, અમદાવાદમાંથી 25 લાખનું ડ્રગ્સ ઝડપાયું
12 ઑક્ટોબર 2021, બનાસકાંઠામાંથી 117 ગ્રામ ડ્રગ્સ ઝડપાયું
10 ઑક્ટોબર 2021, સાબરકાંઠાથી 384 ગ્રામ MD ડ્રગ્સ ઝડપાયું
27 સપ્ટેબર 2021, બનાસકાંઠાથી 26 લાખનું ડ્રગ્સ ઝડપાયું
24 સપ્ટેબર 2021, સુરતથી 10 લાખ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું
23 સપ્ટેબર 2021, પોરબંદરના દરિયામાંથી 150 કરોડનું ડ્રગ્સ જપ્ત

---

## જિગ્નેશ મેવાણીના કેસમાં કોર્ટે આસામ પોલીસની ઝાટકણી કાઢી

# ‘ધારાસભ્યને જાણી જોઈને ફસાવ્યા, પોલીસની મનમાની રોકો’ : કૉર્ટ



ગુજરાત | વંદન

આસામના બારપેટા કોર્ટે ગુજરાતના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીને મહિલા કોન્સ્ટેબલ પર કથિત હુમલો કરવાના કેસમાં જામીન આપી દીધા છે. આ દરમિયાન કોર્ટે આસામ પોલીસ પર જિજ્ઞેશને ફસાવ્યા હોવાની વાત કરીને પોલીસની ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું હતું કે જો પોલીસની આ પ્રકારની મનમાની રોકવામાં નહીં આવે તો આપણું રાજ્ય એક પોલીસ સ્ટેટ બની જશે.

વડાપ્રધાન મોદી પર ટ્વીટ કરવાના કેસમાં આસામની એક અન્ય કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા પછી 25 એપ્રિલે જિજ્ઞેશની એક પોલીસકર્મી પર હુમલાના કેસમાં ફરી ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં આસામ કોર્ટે જામીન આપતી વખતે 29 એપ્રિલે આસામ પોલીસની ઝાટકણી કાઢી હતી.

કોર્ટે મેવાણીને જામીન આપવાના તેમના આદેશમાં ગુવાહાટી હાઈકોર્ટને રાજ્યમાં પોલીસની ગેરવર્તણૂક વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એક અરજી પર ફેરવિચારણા કરવાની અપીલ કરવામાં આવી છે. એ ઉપરાંત એવું પણ કહ્યું છે કે આસામ પોલીસે બોડી કેમેરા પહેરવા અને પોતાનાં વાહનો પર સીસીટીવી કેમરા લગાવવાનો આદેશ આપે. જેથી આરોપીની ધરપકડ કરવામાં આવે ત્યારે જે પણ ઘટના બને એને કેદ કરી શકાય.

કોર્ટે કહ્યું હતું કે મહિલાએ FIRમાં કંઈક અલગ કહ્યું છે અને મેજિસ્ટ્રેટની સામે એક અલગ નિવેદન આપ્યું છે. મહિલાના નિવેદનને ધ્યાનમાં રાખીને એવું લાગે છે કે જિજ્ઞેશ મેવાણીને કસ્ટડીમાં રાખવા માટે આ જાણીજોઈને ઊભી કરેલી ઘટના છે.

---

## સરદાર પટેલ સ્ટેડિયમ રૂ.50 કરોડના ખર્ચે રીનોવેશન કરવામાં આવશે

ગુજરાત | વંદન



શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલું 62 વર્ષ જુના સરદાર પટેલ સ્ટેડિયમની જર્જરિત હાલતને ધ્યાનમાં રાખીને હવે કોઈ કાર્યક્રમ કે ઈવેન્ટ માટે ન આપવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે. જોકે સ્ટેડિયમમાં આવેલ મેદાનનો ક્રિકેટ તેમજ અન્ય માટે ઉપયોગ થઈ શકશે. એક મહિના અગાઉ સરદાર પટેલ સ્ટેડિયમમાં ગુજરાત ખેલ મહાકુંભ 2022નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન ખૂબ જ ભીડ થઈ હતી અને ત્યારે કોર્પોરેશનના ધ્યાને આવ્યું હતું કે, સ્ટેડિયમમાં બેસવાની જગ્યા અને મોટાભાગની દીવાલોનો RCC ભાગ જર્જરીત હાલતમાં છે. મદ્રાસ IITના સ્ટ્રક્ચરલ રીપોર્ટ અને અભિપ્રાય મુજબ લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોઈ અકસ્માત ના થાય તે હેતુથી સરદાર પટેલ સ્ટેડીયમ હવેથી જાહેર કાર્યક્રમો તેમજ ઈવેન્ટો માટે રીપેરીંગ કરવામાં ન આવે ત્યાં સુધી બંધ રાખવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. સરદાર પટેલ સ્ટેડિયમને 20મી સદીના હેરીટેજ મોન્યુમેન્ટ તરીકે વર્લ્ડ મોન્યુમન્ટ વોચલિસ્ટ 2020માં કરવામાં આવ્યો છે. જેથી હવે આખું રીનોવેશન કરી અને હેરિટેજ લૂક આપી નવું બનાવવાનું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવશે. પ્રથમ ફેઝમાં રૂ.50 કરોડના ખર્ચે આખું રીનોવેશન કરવામાં આવશે.

---

# અમદાવાદમાં પુરાવો વગર સાઈકલ ખરીદી પર પ્રતિબંધ

## પોલીસ કમિશ્નરનુ જાહેરનામુ



ગુજરાત | વંદન

અમદાવાદમાં પર્યટન સ્થળ, જાહેર જગ્યાઓ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન બહાર અને સરકારી ઓફિસ પાસે અનેક મોટી દુર્ઘટના બન્યા બાદ હવે પોલીસ સતર્ક બની ગઈ છે. જેના ભાગરૂપે અમદાવાદમાં સાઈકલની ખરીદી માટે પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ દ્વારા એક નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં લીગલ ID ડોક્યુમેન્ટ્સ વગર સાયકલ અથવા બેટરી સંચાલિત ટુ-વ્હીલર વાહન નહીં ખરીદી શકાય. અગાઉ થયેલા બોમ્બ બ્લાસ્ટમાં સાયકલ, ટુ-વ્હીલરનો ઉપયોગ થતા આ સાવધાનીના ભાગરૂપે આ જાહેરનામું બહાર પાડ્યું હોવાનું મનાઈ રહ્યું છે. આ સિવાય પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા પ્રમાણે, અમદાવાદમાં મોબાઈલ સિમ કાર્ડની ખરીદી પર લીગલ ડોક્યુમેન્ટ્સ આપવા પડશે. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ અસામાજિક તત્વો સિમકાર્ડનો ઉપયોગ નાણાકીય સાયબર ક્રાઈમમાં કરે છે, જેના કારણે ગુનાખોરો નકલી ડોક્યુમેન્ટ આપી સાઈબર ક્રાઈમ આચરતા આ નિર્ણય લેવાયો છે.

અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવના જાહેરનામા મુજબ સાઈકલ, બેટરીથી ચાલતા ટૂ વ્હીલર જેવા વાહનો વેચતા દુકાનના માલિકો, મેનેજરો અને એજન્ટોએ ખરીદનારને બિલ આપવું પડશે. ગ્રાહકએ કોઈપણ એક આધાર પુરાવો જેવો કે ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ આપવાનું રહેશે. બિલમાં ખરીદનારનું પુરૂ નામ- સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે.

---

# ધોલેરાના તલાટી 17000ની લાંચ લેતા રંગે હાથે ઝડપાયા

## વાડાની આકારણી માટે 20 હજાર માંગ્યા હતા

ગુજરાત | વંદન

સરકારી કચેરીમાં કામ કરાવવા લાંચ લેનાર અધિકારીઓ અને કર્મચારીઓનો રાફડો ફાટ્યો છે. અમદાવાદ જિલ્લામાં વાડાની આકારણી માટે 20 હજારની તલાટીએ લાંચ માંગી હતી. જેમાંથી 3 હજાર અગાઉ લઈ લીધા હતા અને બાકીના 17 હજાર લેવા જતા હતા ત્યારે ACBએ લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યા છે.

ધોલેરાના તલાટી મેહુલ ગોસ્વામીએ ફરિયાદી પાસે વાડાની આકારણી કરવા 25,000 લાંચ માંગી હતી. જેમાં રકઝકના અંતે 20,000 આપવાનું નક્કી થયું હતું. ત્યારે ફરિયાદીએ 3000 જે તે દિવસે આપી દીધા હતા જ્યારે બાકીના 17000 આકારણી લેવા જાય ત્યારે આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચના આપવા માંગતા ACBનો સંપર્ક કર્યો હતો જેથી છટકું ગોઠવ્યું હતું.

તલાટી સાથે ફરિયાદીએ વાતચીત કરી હતી ત્યારે તલાટીએ 17000 ગાડીના ખાનામાં મુકવાનું કહ્યું હતું તે 17000 ફરિયાદીએ મુક્યા હતા. આમ 17000ની લાંચ લેતા તલાટી રંગે હાથ ઝડપાઈ ગયા હતા. ACBએ તલાટીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

---

## વિશ્વ સ્તરની નવી યોજનાઓની મહત્વપૂર્ણ જાહેરાત

# હવે અમદાવાદના રિવરફ્રન્ટને જોવા વિદેશીઓની લાઈનો લાગશે!

ગુજરાત | વંદન

અમદાવાદની શાન કહેવાતા સાબરમતી રિવરફ્રન્ટ પર હજુ વધુ કેટલાક આકર્ષણ આકાર પામવાના છે. જે શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દેશે. રિવરફ્રન્ટ કોર્પોરેશનના ચેરમેન કેશવ વર્માએ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત નવી યોજનાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે.



કેશવ વર્માએ કહ્યું કે રિવરફ્રન્ટને હેલ્થી હેબીટાટ બનાવવા પર ભાર મુકાશે. ઓપર જિમનેશિયલ અને યોગા ક્લાસ પણ શરૂ કરાશે.આર્મી અને NCC સાથે મળી રોઈંગ અને યોટ સહિતના આકર્ષણ ઉભા કરાશે. તો વર્ટિકલ વોલ પર રોક ક્લાઈમબિંગનું આકર્ષક ઉભું કરાશે. ચોમાસામાં મિયાવાકી પદ્ધતિથી વધુ 3 લાખ નવા વૃક્ષ ઉછેર કરવામાં આવશે અને હેરિટેજ સહિતના વધુ 2 નવા પાર્ક ઉભા કરવામાં આવશે. કેશવ વર્માએ કહ્યું, કે અમે રિવરફ્રન્ટ પ્રોજેક્ટને વિશ્વ સ્તરનો બનાવવા માંગીએ છીએ. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કેટલીક નવી યોજના શરૂ થવા જઈ રહી છે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ લોકો માટે મહત્તમ રસપ્રદ બને એવા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. જેની રિવરફ્રન્ટ કોર્પોરેશનના ચેરમેન કેશવ વર્મા દ્વારા મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રિવરફ્રન્ટની જમીનની નિલામી માટે વધુ પ્રયત્નો ચાલી રહ્યા છે, તંત્રની અપેક્ષા મુજબના ભાવ મળી રહ્યા નથી. જેના કારણે અમે રિવરફ્રન્ટ પ્રોજેક્ટને વિશ્વ સ્તરનું બનાવવા માંગીએ છે. પાણીની ગુણવત્તા સુધારવી એ અમારી મોટી પ્રાથમિકતા રહેશે. રિવરફ્રન્ટ ચેરમેને ભાર મૂકતા જણાવ્યું હતું કે, પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ પહેલા કરતા વધ્યું છે.

### રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કંઇ યોજનાઓ પર ભાર મૂકાશે?

- રિવરફ્રન્ટને હેલ્થી હેબીટાટ બનાવવા પર ભાર મુકાશે.
- રિવરફ્રન્ટ પર ઓપન જીમનેશયમ અને યોગા કલાસ શરૂ કરાશે.
- આર્મી અને ncc સાથે મળીને નદીમાં રોઈંગ અને યોટ સહિતના આકર્ષણ ઉભા કરાશે.
- વર્ટિકલ વોલ પર રોક કલાઈમબિંગનું આકર્ષક ઉભું કરાશે.
- ચોમાસામાં મિયાવાકી પદ્ધતિથી વધુ 3 લાખ નવા વૃક્ષ ઉછેરવામાં આવશે.
- હેરિટેજ સહિતના વધુ 2 નવા પાર્ક ઉભા કરવામાં આવશે.
- રિવરફ્રન્ટ દ્વારા 100 દિવસ, 6 મહિના અને 1 વર્ષ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

---

# અજબ-ગજબ એક દર્દીના શરીરમાંથી 250 પથરીઓ કાઢવામાં આવી..!

## અમદાવાદની એલજી હોસ્પીટલનો કિસ્સો, ડોક્ટરો પણ તાજુબ



ગુજરાત | વંદન

પેટમાં દુખાવાની ફરિયાદ સાથે આવેલા દર્દીનું 3.30 કલાક ઓપરેશન કરી એલ.જી. હોસ્પિટલના ડૉક્ટરોએ ડાબી કિડનીમાંથી અંગૂઠાના આકારની એક તેમજ અન્ય 250 પથરી કાઢી હતી. સર્જરી વિભાગના વડા ડૉ. અસિત પટેલના નેતૃત્વમાં ડૉક્ટરોએ ઓપરેશન પાર પાડ્યું હતું.

ડૉક્ટરોએ કહ્યું કિડની કે પેશાબની પથરી હોય ત્યારે ગેસ, ઊલટી, ઉબકા, પેટમાં દુખાવો, પેશાબમાં બળતરા કે લોહી નીકળવા જેવા લક્ષણો દેખાય છે. ડૉક્ટરોનું કહેવું છે, એક સાથે આટલી બધી પથરી નીકળ્યાનો આ ભાગ્યે જ જોવા મળતો કિસ્સો છે. તમામ પથરી નીકળી જતાં દર્દી હવે સ્વસ્થ થઈ ગયો છે.

---

## તસવીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



અમરાઈવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસે મેટ્રોના થાંભલાની આજુબાજુથી બે રસ્તા પસાર થાય છે, જેમાંનો એક રસ્તો લગભગ બનાવવામાં જ આવ્યો નથી તો વળી વધારામાં ત્યાં રસ્તાની વચ્ચોવચ ઈલેક્ટ્રીકનું એક આખું વિશાળ ડીપી બનાવી દેવામાં આવ્યો છે. વાહન વ્યવહાર નિકળે તો કઇ રીતે નિકળે...?



અમદાવાદના એરપોર્ટ રોડ પર વીવીઆઈપીની અવરજવર રહેતી હોય છે, તે સમયે કચરાના ઢગલાં અને ઝૂપડપટ્ટી ઢાંકી દેવામાં આવે છે. ત્યારે એરપોર્ટ રોડ પર ગંદા પાણીનું એક મિની તળાવ બની ગયું છે. જ્યાં મચ્છર, માખી, ઉપદ્રવ, ગંદકીના ઢગલાઓને કારણે આસપાસના લોકો પરેશાન થઈ રહ્યા છે.



અમદાવાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં આવેલા જાહેર રોડ-રસ્તા પર દરરોજ આવી રીતે ગટરનું પાણી ઉભરાઈને રસ્તા પર આવે છે, અને પાણી સાથે કચરાના કારણે ગંદકીનું સામ્રાજ્ય વધી રહ્યું છે, ત્યારે આ માથાના દુખાવારૂપ સમસ્યાથી સ્થાનિક દુકાનદારો તેમજ રહેવાસીઓ ત્રસ્ત થયા છે.



એક તરફ અમદાવાદના ગૌરવ સમાન મેટ્રો રેલ સેવાનું કામ ચાલી રહ્યું છે, મેટ્રો માટે ઊભા કરાયેલા થાંભલાઓ અને જેમના ઉપર મેટ્રો રેલ સ્ટેશન બનાવવામાં આવ્યા છે, તે થાંભલાનો ઉપયોગ પશુઓને બાંધવા માટે થઈ રહ્યો છે. તસવીર જોતા એમ લાગે કે શહેરી અને ગ્રામીણ વિસ્તારનું નવું સંયોજન કરવામાં આવ્યું છે.

---

## શહેરની સડકો પર ફરીથી ગૂંજશે - જય રણછોડ.. માખણ ચોર!

# બે વર્ષ બાદ ભક્તો સાથે નગરચર્યાએ નીકળશે ભગવાન જગન્નાથ



ગુજરાત | વંદન

છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે ભગવાન જગન્નાથ ભક્તો વિના જ નગરચર્યાએ નીકળ્યા હતા. જોકે આ વર્ષે જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની 145મી રથયાત્રા રંગેચંગે યોજવામાં આવશે. મંગળવારે વૈશાખ સુદ ત્રીજના દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના રથનું પૂજન મંદિરના મહંત ટ્રસ્ટીઓ અને સાધુ સંતોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું કે, આ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા પરંપરાગત રીતે હાથી, અખાડા, ભજન મંડળી તેમજ શણગાર કરેલી ટ્રકો સાથે નીકળશે. 14મી જૂને ભગવાનની જળયાત્રા યોજાશે અને 1 જુલાઈના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. આ રથયાત્રા ભક્તોની હાજરીમાં નીકળશે અને લોકો ભગવાનના દર્શન કરી શકશે.

મંગળવારે અખાત્રીજના દિવસે ત્રણેય રથનું પૂજન કરવામાં હતું. વૈદિક મંત્રોચ્ચાર અને વિશિષ્ટ મહાપૂજા સાથે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના એમ ત્રણેય રથનું પૂજન કરાયું હતું.

જગન્નાથની જે નગરયાત્રા જે રથમાં નીકળે છે તેનુ નામ નંદીઘોષ છે. કહેવાય છે કે આ રથ ઈન્દ્ર દ્વારા આપવામાં આવેલ છે, આ રથને સંપૂર્ણ રૂપે પીળા રંગથી શણગારવામાં આવે છે. ભાઈ બળભદ્રને મળેલ રથ તાલવનના દેવતાઓએ આપેલ હોવાથી તેનુ નામ તાલ ધ્વજ છે અને સુભદ્રાના રથનુ નામ પદ્માધ્વજ છે.

રથયાત્રામાં સૌ પહેલા આગળ મોટાભાઈ બલરામ, વચ્ચે બહેન સુભદ્ર અને છેલ્લે શ્રી કૃષ્ણના રથની સવારી નીકળે છે.

સંપાદકીય સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# ભારતના અર્થતંત્રની ગાડી ફરી પાટે ચઢી, જીએસટી કલેકશન આવ્યુ સોને મઢી..!

ભારતીય અર્થતંત્ર ફરી રાગે આવ્યું છે અને દેશમાં આર્થિક પ્રવૃતિઓ ધમધોકાર ચાલી રહી છે તેનો પુરાવો એપ્રિલ માસનું જીએસટી કલેકશન છે. એપ્રિલમાં કેન્દ્ર સરકારને જીએસટીની આવક 1.68 લાખ કરોડ પર પહોંચી ગઇ છે જે ઓલ ટાઈમ હાઈ છે. કોરોના કાળમાં જીએસટીની આવક 90



હજાર કરોડની આસપાસ રહેતી હતી. કોરોના કાળમાં ભલભલા દેશોની આર્થિક સ્થિતિને અસર પહોંચી હતી. ભારત પણ તેમાંથી બાકાત નહોતું. ભારતમાં કદાજ વિશ્વનો સૌથી લાંબો અને કડક લોકડાઉન ચાલ્યો હતો. લોકડાઉનની પીડા જેમણે ભોગવી તે તેને ભૂલી શકે તેમ નથી. દેશને પણ સહન કરવુ પડ્યું હતું. ભારત સરકારે ગરીબો માટે મફત અનાજની વ્યવસ્થા શરૂ કરી હતી અને આજે પણ દેશમાં 80 કરોડ ગરીબોને મફત અનાજ વગેરે.નો પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

કોઈ પણ દેશની આર્થિક સ્થિતિનું માપદંડ તેની કરવેરાની આવક છે. અગાઉ સેલ્સટેક્સનું ચલણ હતું. હવે તેના સ્થાને જીએસટી લાવવામાં આવ્યું અને દર મહિને કેન્દ્ર સરકારને કેટલી આવક જીસટી પેટે થાય છે તેના આધારે દેશની ઈકોનોમીનું ચિત્ર જણાય છે. જીએસટીની આવક ત્યારે વધે કે જ્યારે બજારમાં લોકો ખરીદવા નિકળે, લોકોની ખરીદ શક્તિ વધે એટલે ધૂમ વેચાણ થાય, ધૂમ વેચાણ થાય એટલે જીએસટીની આવક પણ વધે જે છેવટે સરકારની તિજોરીમાં જમા થાય ને એ નાણાં થકી સરકારની વિવિધ યોજનાઓ માટે નાણાંની ફાળવણી થાય અને લાભાર્થીઓને જે તે યોજનાનો લાભ મળતો રહે. કોરોનાકાળમાં લોકો ઘરોમાં કેદ હતા. બજારો બંધ હતા. આવશ્યક બાબતો સિવાય કાંઈ ખુલ્લુ નહોતું. લોકોની ખરીદ શક્તિ ઘટી ગઈ હતી. જેમની પાસે અઢળક સંપત્તિ હતી તેઓને કોઈ મુશ્કેલી પડી નહોતી. કોઈ ધનિકને ભૂખ્યા રહેવુ પડ્યુ હોય એવુ બન્યુ નથી.,.પણ ઘણાંને ભૂખ્યા રહેવુ પડ્યુ હશે તેમ છતાં જ્યારે સરકારને જાણ થઈ કે તરત જ તેનો ઉપાય કરવામાં આવ્યો હતો. તે વખતે જીએસટીની આવકને અસર થઈ હતી. પણ ધીમે ધીમે લોકડાઉન ખુલ્યુ અને નાઈટ કરફ્યુ સહિતના પ્રતિબંધો દૂર થયા બાદ જાણે કે બજાર ફરીથી ખુલી ગયું હોય તેમ જીએસટીની આવક પણ ધમધોકાર વધતી ગઈ અને તે ઓલ ટાઈમ હાઈની જેમ 1.68 કે 1.70 લાખ કરોડ પર પહોંચી ગઇ છે...! એમ કહેવાય કે સોને મઢીને આવી..!

ભારતે 5 ટ્રીલીયન ડોલર સુધી પહોંચવાનું છે અને ભારતની ગતિ સસલાની નહીં પણ કાચબાની ગતિ છે-ધીમી પણ મક્કમ. અને લક્ષ્યાંક પર કાચબો જ પહોંચે તેમ એ દિવસ દૂર નથી કે જ્યારે ભારત એક દિવસ 5 ટ્રીલીયન ડોલરના લક્ષ્યને પાર કરી જશે.

ધર્મ

# વૈશાખ્ મહિનામાં આટલા છે લગ્ન મુહૂર્ત

હિન્દુ કેલેન્ડર મુજબ વર્ષનો બીજો મહિનો શરૂ થઈ ગયો છે. પરંતુ અંગ્રેજી કેલેન્ડર મુજબ વર્ષનો પાંચમો મહિનો મે મહિનામાં શરૂ થશે. નવો મહિનો શરૂ થતાની સાથે જ દરેક વ્યક્તિઓ ખાસ કરીને યુવાઓ આ મહિનામાં આવતા શુભ દિવસો વિશે જાણવા ઉત્સુક રહેતા હોય છે. મે 2022માં લગ્ન માટે 15 દિવસ શુભ માનવામાં આવે છે. બીજા અનેક શુભકાર્યો માટે આવો જાણીએ કયા દિવસો છે શુભ. 3 મે, અક્ષય તૃતીયા લગ્ન માટે શ્રેષ્ઠ દિવસ છે. જો તમે મુંડન, ગૃહ પ્રવેશ, જનોઈ, નામકરણ સંસ્કાર, પ્રોપર્ટી શોપિંગ વગેરે માટે મે મહિનામાં શુભ સમયની રાહ જોઈ રહ્યા છો, તો મે મહિનામાં એવા ઘણા દિવસો છે જ્યારે તમે આ બધું કરી શકો છો. મે મહિનામાં ગૃહપ્રવેશ માટે 10 શુભ દિવસો છે. ચાલો જાણીએ મે મહિનામાં આવતા શુભ દિવસો વિશે વધુ માહિતી.

**મે 2022 ગૃહ પ્રવેશનું મુહૂર્ત-**

જો તમે ઘરમાં પ્રવેશ કરવાનું વિચારી રહ્યા છો, અને શુભ સમય હજુ બહાર આવ્યો નથી, તો આ કાર્ય માટે મે મહિનો શ્રેષ્ઠ છે. મે મહિનામાં ગૃહપ્રવેશ માટે 10 શુભ દિવસો જણાવાયા છે. 2, 11, 12, 13, 14, 16, 20, 25, 26 અને 30 મે એ ગૃહપ્રવેશ માટેના શુભ દિવસો છે. આમાંથી કોઈપણ દિવસે ગૃહ પ્રવેશ કરી શકાય છે.

**મે 2022માં લગ્ન મુહૂર્ત-**

જો તમે લગ્ન માટે શુભ સમયની રાહ જોઈ રહ્યા છો, તો તેના માટે મે મહિનામાં 15 શુભ દિવસો જણાવાયા છે. જો તમારે તમારા અથવા પરિવારના કોઈ સભ્ય માટે લગ્નનો શુભ દિવસ નક્કી કરવો હોય તો તમે 02, 03, 09, 10, 11, 12, 15, 17, 18, 19, 20, 21, 26, 27 અને 31 મેમાં કોઈપણ દિવસ પસંદ કરી શકો છે. આ અક્ષય તૃતીયામાં 03 તારીખે અબુઝ મુહૂર્ત છે, આમાં તમે આખા દિવસના કોઈપણ સમયે લગ્ન કરી શકો છો.

**મે 2022માં ખરીદી માટે મુહૂર્ત-**

જો તમે મે મહિનામાં પ્રોપર્ટી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આ સમય દરમિયાન તમે ખરીદી કરી શકો છો. મે મહિનામાં, 6, 7, 10, 11, 15, 16, 19, 24, 25, 26 અથવા 31 મેના કોઈપણ દિવસે પ્રોપર્ટી ખરીદી અથવા વેચી શકો છે. પ્રોપર્ટી કમાવવા માટે આ 11 દિવસ શ્રેષ્ઠ છે.

**મે 2022માં મુંડન મુહૂર્ત-**

બાળકોની મુંડનવિધિ માટે મે મહિનામાં 6 દિવસ શુભ માનવામાં આવે છે. મે મહિનામાં 4, 6, 13, 14, 27 અને 28 મેએ શુભ દિવસો છે.

**મે 2022માં મુહૂર્તનું નામકરણ-**

જો તમે તમારા બાળકના નામકરણનું વિચારી રહ્યા છો, તો આ શુભ કાર્ય માટે મે મહિનામાં 13 દિવસ ઉપલબ્ધ છે. આ મહિનાની 3, 4, 5, 8, 12, 13, 16, 17, 20, 21, 22, 30 તારીખો છે અને 31મીનો દિવસ શ્રેષ્ઠ છે.

**મે 2022માં જનોઈનું મુહૂર્ત-**

મે મહિનામાં જનોઈ માટે કુલ 7 શુભ દિવસ જણાવાયા છે. જો તમે કોઈ માટે જનોઈ સંસ્કાર કરવાનું વિચારી રહ્યા છો, તો તે 04 મે, 05 મે, 06 મે, 12 મે, 13 મે, 18 મે અને 20 મેના કોઈપણ એક દિવસે કરી શકાય છે. જનોઈ સંસ્કાર માટે આ દિવસો શુભ છે.

41 વર્ષ પહેલાં જ્યારે એક પત્રકાર બજારમાંથી ચીજવસ્તુની જેમ સ્ત્રી ખરીદીને લાવ્યો- ભારતીય પત્રકારત્વની યાદગાર ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરીઝ

# ભારતીય પત્રકારત્વ ક્ષેત્રનું અનોખુ પ્રકરણ-કમલા..

'ગઈ કાલે હું મધ્ય પ્રદેશના શિવપુરી નજીકના એક ગામમાંથી ૨૩૦૦ રૂપિયામાં એક દૂબળી-પાતળી સ્ત્રીને ખરીદી લાવ્યો છું. હું આજે સવારે રાજધાનીમાં પાછો આવ્યો છું અને મને ખુદને વિશ્વાસ નથી આવતો કે પંજાબમાં જે ભાવથી ભેંસ મળે છે એનાથીય અડધા પૈસામાં હું એક મધ્યવયસ્ક સ્ત્રીને ખરીદી લાવ્યો છું. વેપારીઓનો વિશ્વાસ જીતવા માટે હું ૧૦ વખત એ વિસ્તારમાં ગયો હતો, પરંતુ છેલ્લે એવું લાગ્યું જાણે હું જૂતાં ખરીદતો હોઉં.'

૧૯૮૧ની ૨૭ એપ્રિલે દિલ્હીમાં 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ' સમાચારપત્રના પહેલા પાના પર એક ઈન્વેસ્ટિગેટિવ સમાચારનો આ પહેલો ફકરો છે. એની પર બાયલાઇનમાં અશ્વિની સરીન નામના પત્રકારનું નામ હતું. ભારતીય પત્રકારત્વમાં જે કેટલીક યાદગાર ઈન્વેસ્ટિગેટિવ સ્ટોરીઝ છે એમાંથી એક સ્ટોરી આ હતી, જેણે એ સમયે દેશને હચમચાવી નાંખ્યું હતું..

અટલ બિહારી વાજપેયીની સરકારમાં પ્રધાન અને એક સમયના એડિટર અરુણ શૌરીએ તાજેતરમાં તેમનાં સંસ્મરણો પર એક પુસ્તક પ્રગટ કર્યું છે. એમાં આ સનસનીખેજ સ્ટોરીની વિગતવાર વાત છે. અરુણ શૌરી અને અશ્વિની સરીન દેશના એક રાજ્યમાં કેવી રીતે મહિલાઓ વેચાય છે એ હકીકત ઉજાગર કરવા માગતા હતા, પરંતુ પ્રસિદ્ધ મરાઠી નાટ્યકાર વિજય તેન્ડુલકરને એમાં જે મહિલાને ખરીદવામાં આવી હતી તેને ભાવના, નૈતિકતા અને અધિકારને લઈને સવાલ થયા અને એના પરથી તેમણે 'કમલા' નામનું નાટક લખ્યું. અશ્વિની સરીનની સ્ટોરી તો ખાલી ખરીદ-વેચાણ પર આવીને અટકી ગઈ હતી, પરંતુ તેન્ડુલકરે 'કમલા' નાટકમાં એથી આગળ જઈને પ્રશ્ન કર્યો કે નૈતિકતાની વાત કરતા પત્રકારનો વ્યવહાર કેટલો નૈતિક હતો? તેની પત્ની અને તે જે ખરીદી લાવ્યો હતો એ સ્ત્રી વચ્ચે શું ફરક છે? તેન્ડુલકરની શૈલી મુજબ નાટક પણ ચોંકાવનારું હતું.

શૃંગારિક અને હૉરર ફિલ્મોમાં પડી ગયેલા ફિલ્મમેકર જગમોહન મુન્દ્રાને આ નાટકમાં એક ફિલ્મ દેખાઈ અને ૧૯૮૪માં તેમણે દીપ્તિ નવલ, માર્ક ઝુબેર અને શબાના આઝમીને લઈને 'કમલા' ફિલ્મ બનાવી. એ ફિલ્મ નાટકની જેમ જ સશક્ત હતી.

જયસિંહ જાધવ (માર્ક) દિલ્હીનો ખોજી પત્રકાર છે. તેને ખબર પડે છે કે મધ્ય પ્રદેશના એક ગામમાં, સ્થાનિક પોલીસ અને રાજકારણીઓની સાઠગાંઠથી સ્ત્રીઓના ખરીદ-વેચાણનો ધંધો ચાલે અને પછી તેમને દેહ-વ્યાપારમાં સામેલ કરવામાં આવે છે. મહત્ત્વાકાંક્ષી જયસિંહ આ કૌભાંડને ઉઘાડું કરવા માટે 'પુરાવા'રૂપે લોકલ છોકરી કમલા (દીપ્તિ)ને ખરીદીને દિલ્હીમાં તેના ઘરે લાવે છે. થોડા દિવસ પછી તે દિલ્હી પ્રેસ ક્લબમાં એક પ્રેસ-કૉન્ફરન્સમાં કમલાને બાજુમાં ઊભી રાખીને ગામમાં ચાલતા ગોરખધંધાનો પર્દાફાશ કરે છે. ઈન્વેસ્ટિગેશનનું કામ પતે છે પછી તે કમલાને નારીગૃહમાં મોકલી દે છે. અહીં સુધી અશ્વિની સરીનની સ્ટોરી હતી.

ફિલ્મમાં સ્ત્રીઓને ખરીદવાની દિલ્હીના મીડિયા જગતની એક સનસનીખેજ કહાની જયસિંહના ઘરની ચાર દીવાલ વચ્ચે એક જુદો જ સવાલ ખડો કરે છે. જયસિંહની પત્ની સરિતા ગૃહિણી છે. બન્નેને બાળક નથી. પૉશ ઘરમાં રહે છે. કમલાને જયસિંહે ઘરમાં રાખી છે. સરિતાને ગરીબ અને અભણ કમલાની દુર્દશા જોઈને દયા ઊભરાય છે અને બન્ને વચ્ચે 'સખીપણાં' થાય છે. પતિ ઑફિસ જાય પછી સરિતા અને કમલા એકમેક સાથે સમય પસાર કરે છે.

કમલા એટલી ભોળી છે કે તેની સાથે શું થઈ રહ્યું છે એનો અંદાજ પણ નથી. તેને એમ જ લાગે છે કે સ્ત્રીને ખરીદવી એ બહુ સામાન્ય વાત છે. અનપઢ, ગમાર કમલાને લાગે છે કે સરિતા પણ તેની જેમ ખરીદીને લવાયેલી છે. એમાં તેને ખબર પડે છે કે 'સાહેબ'ને બાળક નથી એટલે કમલા સરિતા પાસે જયસિંહની દયા ખાવા માંડે છે, કારણ કે ૧૦ વર્ષથી તેને ઘરમાં રાખી હોવા છતાં સરિતા 'માલિક'ને એક બચ્ચું આપી શકી નથી.

સરિતા આઘાત સાથે તેની સામે ખૂલી રહેલી ખુદની આ 'ઘરેલુ વાસ્તવિકતા'ને સમજવા માટે ઝઝૂમી રહી છે ત્યાં કમલા પૈસાનો અને સખીપણાનો બદલો ચૂકવવા માગતી હોય એમ કહે છે, 'બહેન, ચિંતા ન કરીશ. તું સાહેબ સાથે બહાર ફરજે, હું તારા વતી અહીં બાળક જણીશ.'

અભણ, ગામડિયણ અને બોલતાંય ન આવડે એવી કમલા તરીકે દીપ્તિએ આ ફિલ્મમાં જીવ રેડી દીધો હતો. 'કમલા' દીપ્તિની કરીઅરનો સૌથી ઉત્તમ પર્ફોર્મન્સ છે. દીપ્તિએ કુપોષિત કમલા બનવા માટે બીમાર થઈ જવાય ત્યાં સુધી ખુદને ભૂખી મારી હતી અને ચામડી બળી જાય ત્યાં સુધી તડકામાં રહીને કાળી પડી ગઈ હતી. તેને શબાનાવાળો રોલ કરવો હતો, કારણ કે ફિલ્મની ખરી સ્ટોરી જ સરિતા હતી, પણ જગમોહન મુન્દ્રાને ખબર હતી કે અસલી જીવનમાં શબાનાનો આક્રમક દેખાવ નારીવાદી સરિતા માટે અને દીપ્તિનો ગભરુ દેખાવ કમલા માટે ફિટ છે.

અશ્વિની સરીને રાજસ્થાન ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના ત્રિભેટે આવેલા મુરેના-આગરા-ધૌલપુરના 'બજાર'માંથી કમલા નામની એક આદિવાસી સ્ત્રીને ખરીદી હતી. સરીનની પત્ની ઉમાને કે ન તો 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના માલિક રામનાથ ગોએન્કાને ખબર હતી કે શૌરી અને સરીન શું ખીચડી પકાવી રહ્યા છે. એ સ્ટોરી એ જમાનાનું સ્ટિંગ ઑપરેશન હતું.

સરીને બંદૂકધારીઓ વચ્ચેથી ૨૩૦૦ રૂપિયામાં કમલાને ખરીદી હતી અને તેને દિલ્હીના પોતાના ઘરે લઈ આવ્યો હતો અને પછીથી તેને નારી નિકેતન ગૃહમાં રાખી હતી. સરીન એક વર્ષથી આ કૌભાંડ પાછળ હતો. આ એ વિસ્તારની વાત હતી જ્યાં સિગારેટનું પૅકેટ ખરીદીએ એટલી આસાનીથી દેશી પિસ્તોલ મળતી હતી.

ધૌલપુરમાં એક ચૂંટણી સંબંધી રિપોર્ટિંગ વખતે સરીને રેલવે સ્ટેશન પર બે જણને અંદરોઅંદર નજીકના પાંચ ગાંવના 'અચ્છા માલ'ની વાતો કરતા સાંભળ્યા હતા, એમાંથી તેના કાન સરવા થયા હતા. તે બે જણ સાથે દોસ્તી કરીને સરીને આ પાંચ ગાંવની માહિતી કઢાવી, જે નારી અને નશા માટે કુખ્યાત હતું. દિલ્હી આવીને સરીને એડિટર અરુણ શૌરીને વાત કરી, પણ ઉપલબ્ધ માહિતીના આધારે સમાચાર લખવાને

(અનુસંધાન પેજ નં.૬ પર)

## કમલા અંગે અરુણ શૌરી શું કહે છે?



સ્ટોરીએ સનસનાટી મચાવી દીધી હતી. રાજ્ય સરકારો અમારા પર અકળાઈ. ધૌલપુરની સ્થાનિક પોલીસે અશ્વિની પર મહિલાના ખરીદ-વેચાણનો ગુનો નોંધ્યો. અમે સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરીને કહ્યું કે સરકારોને કહો કે આ ધંધો બંધ કરાવે અને કમલાને રહેવાની વ્યવસ્થા કરે. આર્ય સમાજે કમલાને આશ્રય આપ્યો પણ દિલ્હી પોલીસ કમલાને ઉપાડી ગઈ. અમે ફરી સુપ્રીમ કોર્ટ ગયા. કોર્ટે કમલાને ત્યાં જ રહેવા દેવાનો હુકમ કર્યો અને મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને કેન્દ્ર સરકારને નોટિસ મોકલીને પૂછ્યું કે મહિલાની લેવેચને રોકવા શું પગલાં ભર્યાં છે. મધ્ય પ્રદેશ સરકારે મામલાની તપાસ કરવા પંચની રચના કરી. ૧૦ દિવસમાં તપાસનો અહેવાલ સુપરત થયો. અમને પણ એની એક કૉપી મળી. એમાં આ ધંધો કેવી રીતે અને ક્યાં ચાલતો હતો એની વિગતો હતી. અશ્વિનીએ પછી તો પત્રકારત્વ છોડી દીધું હતું. હું તેના સંપર્કમાં નહોતો. આ પુસ્તક લખતી વખતે યાદદાસ્ત દગો ન દઈ જાય એટલે મેં તેને ફોન કર્યો હતો. ચાલીસ વર્ષ પછી અમે વાત કરી. એ વાત કરતાં-કરતાં રડી પડ્યો. - ધ કમિશનર ફૉર લૉસ્ટ કૉઝિસ પુસ્તકમાંથી.

આંખે અતીતના તોરણ

સ્નેહલ નિમાવત

# ગ્રીષ્મની ધોમધખતી ગરમીમાં મળી ગઇ એક ઝાકળભીની લાગણી...

## સારું થયું મનની તકલીફ બહાર આવી ગઇ, હવે તમારા મનનો ભાર હળવો થયો હશે

ગુજરાત | વંદન

સંજના તેની પાંચ વર્ષની દીકરી ગ્રીવા સાથે બગીચામાં રમતી હતી.સાંજનો સમય આકાશમાં સંધ્યાના રંગો ફેલાવી રહ્યો હતો. ગ્રીવા રમત રમી રહી હતી. સંજના ગ્રીવા સાથે રમતી હતી અને એક નાનકડો ભુલકો તેમની સાથે ટગર મગર જોઇ રહ્યો હતો. ગ્રીવા તેની પાસે ગઇ અને વ્હાલથી તેને પુછ્યું તું રમીશ અમારી સાથે બોલથી ? તે બાળક એકદમ ખુશ થઇ ગયો. સંજના બંને બાળકો સાથે રમતી હતી ત્યાં જ તે બાળકની મમ્મી ઝરણા આવી એ ત્યાં બેસી ગઇ. અને તેના બાળક રાજને રમતા જોઇ રહી.

સંજનાએ તેમને રમવાનું કહ્યું પણ તેણે રમવાની ના પાડી. સંજનાએ રમત આગળ વધારી. તે બાળકો સાથે રમવામાં ખોવાઇ ગઇ. થોડીવાર પછી તેણે ઝરણાને ઉદાસ જોઇ તેને એવું લાગ્યું તેના મનમાં કંઇક ગડમથલ ચાલી રહી હોય. સંજના થોડીવાર બાળકો સાથે રમી પછી બંનેને બોલ આપીને કહ્યું તમે રમો હું થોડીવાર બેસુ છું.

સંજના ઝરણા પાસે બેઠી અને ધીરેથી વાત કરવાની શરુ કર્યું,તમને તો અહીંયા જોયા નથી નવા આવ્યા છો? ઝરણા એ કહ્યું હા અમે બોમ્બે રહેતા હતા પણ હવે સુરતમાં રહેવા આવ્યા છીએ. મારા પિતાની બદલી થઇ ગઇ છે. હું અને રાજ એકલા ત્યાં કેમ રહેત? ઝરણા થોડી અટકી અને તેની આંખોમાં ઝળઝળીયા આવી ગયા.

ઝરણા સંવેદનશીલ થઇ ગઇ.તેના ગળે ડુમો ભરાઇ ગયો. સંજનાએ તેને શાંત પાડી, પાણી પીવડાવ્યું. બંને બાળકોને હિંચકા ખાવા થોડા દૂર મોકલ્યા. તેણે રમિલાબેનને બાળકોનું ધ્યાન રાખવા કહ્યું. સંજના એ ઝરણાને શાંત પાડી. થોડીવાર એમ જ તેના હાથમાં હાથ રાખીને મનથી તેને હિંમત આપી રહી. ઝરણા તો શાંત થઇ પણ તેનું મન વિષાદથી ભરેલું હતું.

ઝરણાએ વાત શરુ કરતા કહ્યું મારા પિતાએ મારા લગ્ન ધામધુમથી કર્યા હતા. બોમ્બેમાં અમે રહેતા હતા. છોકરો પણ બોમ્બેમાં જ રહેતો હતો. ધનાઢ્ય પરિવારમાં મારા લગ્ન થયા હતા. આખોમાં સપના સજાવીને હું મારા સાસરે ગઇ. અમારા બંને વચ્ચે મનમેળ થવા લાગ્યો હતો. અમે સંટુક્ત કુટુંબમાં રહેતા હતા. રાજના જન્મ પછી બધુ જ



બદલાઇ ગયું. સૌ મને ધીક્કારવા લાગ્યા. મારા સાસુ સસરા જે મને પ્રેમથી રાખતા, મારો પડ્યો બોલ ઝીલતા.રાજના જન્મ પછી તો મારા પતિ અજય પણ જાણે ધીરે ધીરે મારાથી દૂર જતો લાગ્યો. મને જરા વાર લાગી આ બદલાવ સમજતા.

અજયનને તેના માતા પિતા ચડાવતા અને ધીરે ધીરે તે ઘરે ઓછુ આવતો.લગભગ બહાર જ રહેતો. રાજ પુનામાં રહેવા લાગ્યો. ઓફિસના કામનું બહાનું કાઢ્યું અને પુનામાં નવું ઘર,નવો બંગલો અને નવી છોકરી રાખીને ત્યાં જ સ્થાયી થઇ ગયો. એ છોકરી તેની ઓફિસમાં કામ કરતી ક્યારે તેઓ નજીક આવ્યા એ મને નથી ખબર અને એક દિવસ મારા સાસુએ મને શરબતમાં ઝેર નાંખી પીવડાવવાની કોશિશ કરી પણ મને વોમીટ થઇ અને હું દવાખાને પહોંચી ડૉક્ટરોએ મને બચાવી લીધી..

આ ઘટના પછી મારા પિતાએ મને પિયરમાં જ રાખી.અમારા છુટાછેડા થઇ ગયા છે. તેને તો તેના પુત્ર માટે પણ જરા જેટલી લાગણી નથી. ક્યાંય બહાર જવું મને નથી ગમતું. રાજ સમજદાર છે પણ હું એના માટે કંઇ જ નથી કરી શકતી એનો મને અફસોસ છે. જીવન આમ જ ચાલ્યા કરે છે. મારા માતા પિતા મને આ તકલીફમાંથી બહાર કાઢવા કોશિશ કરતા રહે છે.પણ મનના ઝખમ ભરાતા નથી.

રાજ તેના પિતા વિશે કોઇ સવાલ નથી પુછતો પણ મનમાં ને મનમાં મુંઝાતો રહે છે. સમજાતું જ નથી હું શું કરું. ક્યાં જાઉં? તકલીફમાંથી હું બહાર આવીશ તો જ રાજને લાવી શકીશ. ઝરણા ફરી રડવા લાગી. સંજનાએ તેને રડવા દીધી. તેનું મન શાંત કરવા કહ્યું.

ઝરણાએ સંજના તરફ જોયું અને કહ્યું હું મારી વાત કોઇને જણાવતી નથી પણ આજે જાણે કેમ તમને આ બધી વાતો કરી દીધી. સંજનાએ કહ્યું સારુ થયું મનની તકલીફ બહાર આવી ગઇ.હવે તમારા મનનો ભાર હળવો થયો હશે.

ઝરણાએ સંજના સામે જોયું અને ધીમેથી કહ્યું : મેં તો મારા હ્રદયને ખોલી તમારી સમક્ષ રજુ કરી દીધું પણ તમે તો તમારા વિષે કશું જણાવતા જ નથી.

સંજનાએ સ્મિત ફરકાવ્યું, પણ તેના અંતરમાં છુપાયેલી કોઇ અજાણી પીડા તેમાં છલકાઇ રહી હતી.તેણે કહ્યુંઃ મારું નામ સંજના, મારા જીવનમાં પણ ઘણીબધી ઘટનાઓ બની છે એટલે હું તમારી વાત સમજી શકુ છું. મારે બાળક હતું નહીં. ઘરના અને સમાજના લોકોએ મને કોઇ ઘાવ આપવામાં બાકી ન રાખ્યું. મારા પતિએ મારો સાથ આપ્યો અને અમે ગ્રીવાને અનાથઆશ્રમમાંથી દત્તક લીધી છે. તે બે મહિનાની હતી અને તેને કોઇ મંદિરના પગથિયે છોડીને ચાલ્યું ગયું હતું. મંદિરના પુજારીએ તેને અનાથઆશ્રમમાં મોકલાવી. અમે તેને દત્તક લઇને અમારી સાથે લઇ આવ્યા. અત્યારે એ અમારા જીવનનો જ એક ભાગ બની ગઇ છે.

ગ્રીવા એટલી વ્હાલી છે કે તેની સાથે જ આખો દિવસ પસાર થઇ જાય છે. જીવનમાં જે અધુરપ હતી તે ગ્રીવાએ પુરી કરી. આજે પણ અમુક લોકો સવાલો ઉઠાવે છે, છતાં અમે તેને વ્હાલ કરવાનું છોડતા નથી.તે પણ સમજદાર છે લોકોને તેમની જ ભાષામાં જવાબ આપી દે છે. હું અઠવાડિયામાં બે વાર એ અનાથઆશ્રમમાં જાઉં છું અને બાળકો સાથે સમય પસાર કરું છું. મારા જીવનને નવી જ દિશા ગ્રિવાના આગમનથી મળી.

ઝરણા તરત બોલી ઉઠી શું હું પણ ત્યાં આવી શકું? સંજનાએ ફક્ત એક નાનકડી સ્માઇલ આપી. ઝરણાને તે પોતાના ઘરે લઇ ગઇ અને પરસ્પર નીકટ આવ્યા અને લાગણીના તાણાવાણા ગુંથાયા અને એક મજબુત સંબંધની દિશા ઉઘડી ગઇ.

# લૉકડાઉન-1 ...પણ મને ઘડીએ ઘડીએ પેલા મોચીનો ઉદાસ ચહેરો નજર આવવા લાગ્યો

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

લૉકડાઉનની પરિસ્થિતિમાં આખું શહેર બંધ હતું. આ પહેલું જ લૉકડાઉન હતું. ઘણાં દિવસો પછી આજે બપોર સુધી બજાર ખોલવાની છૂટ મળી હતી. પરંતુ કોરોનાની મહામારીની બીકે કોઈ બહાર નીકળતું ન હતું. વાહનોના ધમધમાટથી ગાજતો રોડ જાણે આજે લાંબો વાહો કરી આરામ ફરમાવી રહ્યો હોય તેવું લાગતું હતું. ક્યારેક કોઈ ટવર્યું -ટવર્યું નીકળતું હતું. રસ્તાના પોઈન્ટે પોઈન્ટે પોલીસ જવાનો પોતાની ડ્યુટી નિભાવી રહ્યા હતા. ભૂતોનું શહેર હોય તેવો સન્નાટો હતો. ક્યારેક આ સન્નાટાને ચીરતી એમ્બ્યુલન્સની સાયરનની ચીસ વાતાવરણને વધારે ભયભીત કરતી હતી. આવશ્યક સેવાઓની દુકાનો જેવી કે કરિયાણા સ્ટોર, પેટ્રોલ પમ્પ, શાકભાજી અને ફ્રુટ સ્ટોર, મેડિકલ સ્ટોર્સ ખુલ્લા હતા. બાકી બધું જ બંધ હતું. અહીં પણ એકલદોકલ માણસો જ દેખાતા હતા. આવા સુમસામ રોડ પર હું મારું બાઈક લઈ મારા મેડિકલ સ્ટોર પર જઈ રહ્યો હતો.

હંમેશા ભીડભાડવાળા એસટી ડેપો સામેથી હું પસાર થયો. જે કાયમ લાંબા રૂટની એસટી બસો અને ટૂંકા રૂટની લોકલ બસોના ધમધમાટથી ગાજતો હોય. જ્યાં વિદ્યાર્થીઓના ટોળે ટોળા હોય, મુસાફરોની દોડધામ હોય, ફેરિયાઓની બૂમાબૂમ હોય, પ્રાઈવેટ વાહનોવાળા મુસાફરોની ઉઠાંતરી કરવા સાદે સાદ દેતા હોય. આજુબાજુ આવેલી ફરસાણની દુકાનો, છોકરાનાં ભાગની દુકાનો, ચાની કીટલીઓ માણસોથી ભરેલી હોય.બરાબર એસ ટી સ્ટેશનની સામે રોડની સાઈડમાં નાનો ઓટલો કરી માથે કોથળાનો છાયડો કરી બુટ ચપ્પલ રીપેરીંગ અને બૂટ પોલીશની બે હાટડી કરેલી હતી. તેમાં એક મોટી ઉંમરના મૂછડદાદા અને બાજુમાં આધેડ વયનો બીજો જણ પોતાનું પેટીયું રળતા હતા.

સામાન્ય સ્થિતિમાં આ હાટડીમાં કોઇનું કોઇ પોતાના જૂતાનું કામ કરાવતું જ હોય. આટલી ભીડવાળી જગ્યા પર આ બંનેને કોઈને કોઈ ગ્રાહક મળી જતા હતા. આ બંનેમાં પહેલો



આધેડ વયનો મોચી મૂંગો છે. તે બોલી શકતો નથી. કોઈ ચપ્પલ રીપેરીંગમાં આપે તો તેને તે ઈશારાથી સમજાવે કે રીપેરીંગના કેટલા પૈસા લાગશે. તે બુટ પોલીશ કરવાના 10 રૂપિયા લેતો. આવતા જતા કાયમ હું તેને જોતો હતો. તેની એક આદત એવી હતી કે તે જ્યારે નવરો હોય ત્યારે રોડ પર આવતી-જતી બાઈક સવારના પગ પર ધ્યાન ટકાવીને બેઠો હોય. હું વિચારતો કે તે લોકોના મોંઢા જોવાને બદલે પગ કેમ જોયા કરતો હશે? પરંતુ પછી સમજાયું કે લોકોને ધંધો કરી કરીને પોતાના ધંધાની વસ્તુ જોવાની આદત થઈ જાય છે. તે મોચીનું ધ્યાન આવતા જતા લોકોના બુટ ચપ્પલ પર જ રહેતું. આજે આ બધી જગ્યા સુમસામ હતી. રોજ દોડમ-દોડ કરતા લોકોને આજે પોતપોતાના ઘર ગળી ગયા હતા. બસ સ્ટેશનની સામેની પેલી બંને હાટડીમાંથી એક હાટડી બંધ હતી. પણ પેલો મૂંગો મોચી રોજની માફક રોડ પર નજર ટેકવી ઉભડક બેઠો હતો. આવાં સમયમાં રોજનું કમાઈને રોજ ખાવા વાળાને ખૂબ તકલીફ પડે છે.

સવારે દસેક વાગ્યાનો સમય હતો. ખાલીખમ રોડમાં હું મારી બાઈક લઈને નીકળ્યો. તેણે દૂરથી મારા બૂટ પર નજર ટેકવી દીધી હતી. હું પણ તેના તરફ જોઈ રહ્યો હતો. તેને મનમાં એવું હશે કે આ સાહેબ બુટપોલીશ કરાવે તો સારું. પણ હું ત્યાંથી નીકળી ગયો.

તેના મોઢા પરની ઉદાસી જોતા મને એવું લાગ્યું કે આજે હજી તેને બોણી પણ નહીં થઈ હોય. હું ત્યાંથી નીકળી ગયો એટલે તેણે ફરી ખાલીખમ રસ્તા પર વાટભરી મીટ માંડી.

હું મેડિકલ સ્ટોર પર આવીને બેસી ગયો. પણ મને ઘડીએ ઘડીએ પેલા મોચીનો ઉદાસ ચહેરો નજર આવવા લાગ્યો. પણ હું શું કરું? મે તો થોડા દિવસ પહેલાં જ બુટ પોલીશ કરાવેલા હતા. હું મારા કામમાં જીવ પરોવવા લાગ્યો. આજે આ વેરાન રસ્તાઓ વચ્ચે મારા સ્ટોરે પણ કોઈ ગ્રાહક આવતું ન હતું. મને ફરી ફરીને પેલો મોચી યાદ આવવા લાગ્યો. સમય નીકળતો ગયો.

બરાબર દોઢ વાગ્યે હું મારો સ્ટોર વધાવી જમવા જવા નીકળ્યો. કોરોનાની એ મહામારીની ચિંતામાં અને ભયભીત માહોલમાં હવે મારા મગજમાંથી પેલા મોચીનો વિચાર થોડી વાર માટે નીકળી ગયો હતો. પરંતુ ફરી બસ સ્ટેશન આવતાં મેં તેને જોયો. તેનો ચહેરો ભૂખથી લંઘાઈ ગયેલો હતો. તે ઉભડક બેઠો હતો. બંને ગોઠણ ફરતે હાથ વીંટાળેલા હતાં. તેણે ફરી દૂરથી તેની ઉદાસ નજર મારા બૂટ પર ખોડી. મને લાગ્યું કે હજી તેને બોણી(પ્રથમ ગ્રાહક

(અનુસંધાન પેજ નં.૬ પર)


Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# સક્કરબાગ ઝૂમાં સિંહ અને દીપડા ઉપર ભારતની પ્રથમ વેક્સિનની ટ્રાયલ શરૂ થશે

ગુજરાત | વંદન

જૂનાગઢમાં આવેલ સક્કરબાગ ઝૂઓલોજિકલ પાર્ક સિંહ અને દીપડા માટે કોવિડ રસીના પરીક્ષણોનું ભારતનું પ્રથમ સ્થળ બન્યું છે. આ પ્રક્રિયા છ મહિનાના વિલંબ પછી શરૂ થાય છે કારણ કે દિલ્હીમાં વૈજ્ઞાનિકો અને ટોચના અધિકારીઓએ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયપાસેથી બહુવિધ પરવાનગીઓ માંગી હતી. તેઓએ એન્કોવેક્સ કોવિડ રસીના ઉમેદવારના તબક્કા-2 ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવા માટે મંજૂરી માંગી હતી. . આ રસી પ્રાણીઓને, મુખ્યત્વે જોખમમાં મુકાયેલા પ્રાણીઓને કોવિડથી બચાવવા માટે છે.હવે મેં માસમાં આ ટ્રાયલ શરુથશે.

નેશનલ રિસર્ચ સેન્ટર ઓન ઈક્વિન્સે સિંહો અને ચિત્તાઓ પર ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે પાંચ સાઈટ્સ (પ્રાણીસંગ્રહાલયો) પસંદ કર્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ ના નેજા હેઠળના સંશોધન કેન્દ્રને ગયા વર્ષે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી તરફથી ટ્રાયલ માટે પ્રાથમિક મંજૂરી મળી હતી. જોકે, સંબંધિત રાજ્યોના વન વિભાગની પરવાનગીના અભાવે ટ્રાયલ અટકી પડી હતી.




અગાઉ એવો અહેવાલ આવ્યો હતો કે સમગ્ર ભારતમાં રાજ્ય સત્તાવાળાઓ MoEFCCના હસ્તક્ષેપ વિના ક્લિનિકલ ટ્રાયલ્સને મંજૂરી આપવા માટે અનિચ્છા ધરાવે છે કારણ કે એશિયાટિક સિંહ અને ચિત્તો, બંને ભારતમાં શેડ્યૂલ-1 સંરક્ષિત પ્રજાતિઓ છે. ગુજરાત ઉપરાંત દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કર્ણાટકના પ્રાણીસંગ્રહાલયોમાં ક્લિનિકલ ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતે ટ્રાયલને લીલી ઝંડી આપી દેતા હવે વૈજ્ઞાનિકો 5 મેના રોજ સક્કરબાગ પહોંચશે. ક્લિનિકલ ટ્રાયલ મેના પ્રથમ સપ્તાહમાં થશે.

એનિમલ સાયન્સના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. ભૂપેન્દ્ર નાથ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ડાયરેક્ટર-જનરલ ડૉ. ત્રિલોચન મહાપાત્રાના પ્રયાસોએ ગુજરાતમાં સિંહો અને દીપડાઓ પર એન્કોવેક્સ રસીના ઉમેદવારની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવા માટે તમામ સંબંધિત સત્તાવાળાઓ પાસેથી જરૂરી મંજૂરીઓ સુનિશ્ચિત કરી હતી. . "ટ્રાયલ મેના પ્રથમ સપ્તાહમાં શરૂ થશે અને પછી અમે ભારતભરની અન્ય સાઈટ્સ (ઝૂ) પર જઈશું જ્યાં ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે," ડૉ. ત્રિપાઠીએ કહ્યું. ડૉ. શ્યામલ ટીકાદર, PCCF અને ગુજરાતના ચીફ વાઈલ્ડલાઈફ વૉર્ડને તેની પુષ્ટિ કરી અને કહ્યું કે વિભાગે કોવિડ રસીના ટ્રાયલ માટે મંજૂરી આપી દીધી છે કારણ કે તે કેન્દ્રીય પ્રોજેક્ટ છે. એન્કોવેક્સ, એક નિષ્ક્રિય સમગ્ર વાયરસ રસી, ભારતીય સેના અને સશસ્ત્ર સીમા બાલ ના સેવા કેનાઈન પર પહેલેથી જ પરીક્ષણ કરવામાં આવ્યું છે. તે રાક્ષસોમાં સુરક્ષિત અને પ્રેરિત શક્તિશાળી એન્ટિબોડી પ્રતિભાવો હોવાનું જણાયું હતું.

# કપડવંજ કોર્ટનો ઐતિહાસિક ચૂકાદો

## ખેડાના નિરમાલીમાં પરિણીતા પર દુષ્કર્મ કરી હત્યા કરનાર 3 નરાધમોને ફાંસીની સજા અપાઈ



ગુજરાત | વંદન

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના નિરમાલી સીમ વિસ્તારમાં મહિલા પર થયેલા ગેંગરેપના મામલે આજે કપડવંજ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે.વર્ષ 2018માં કપડવંજ તાલુકાના પરણિત મહિલા પર 3 ઈસમોએ ગેંગરેપ ગુજારી મહિલાની હત્યા કરી હતી. આજે આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટમા ચાલી જતાં ત્રણેય આરોપીઓને ફાંસીની સજા ફટકારવામા આવી છે.સરકારી વકીલ મિનેષ પટેલે 26 લોકોની જુબાની અને 45 દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. એડી. ડિસ્ટ્રિક્ટ જજ વી.પી અગ્રવાલે આ મામલે ચૂકાદો આપ્યો છે.

આરોપીઓ (1) ગોપી ઉર્ફે બલાભાઈ ગીરીશભાઈ દેવીપુજક, રહે.જોરામાં, મોટીઝેર તા.કપડવંજ જી.ખેડા (2) જયંતીભાઈ બબાભાઈ વાદી, રહે.ઈન્દીરાનગરી, શીહોરા, તા.કપડવંજ જી.ખેડા (3) લાલાભાઈ ઉર્ફે કંકુડીપો રમેશભાઈ વાદી હે.ઈન્દીરાનગરને કોર્ટે ફાંસની સજા ફટકારી છે.

### હત્યા કરી લાશને દિવેલાના ખેતરમાં નાખી દીધી હતી

નિરમાલી ગામની સીમમાં લઈ આવ્યા બાદ આ બંન્ને હવસખોરોએ આ મહિલા સાથે દુષ્કર્મ આચર્યુ હતું. દરમિયાન સંગીતાબેનનો ભત્રીજો ગોપી ઉર્ફે ભલો ગિરીશભાઈ દેવીપૂજક (રહે. મોટીઝેર) આવી પહોંચતાં આ બનાવ તે જાહેર કરી દેશે તેવી દહેશતથી જયંતિ અને લાલાએ ગોપી ઉર્ફે ભલાની સાથે બળજબરીપૂર્વક સંભોગ કરાવ્યો હતો. બાદમાં મહિલાના ગળા પર પગ મૂકી તેની હત્યા કરી હતી. બાદમાં પુરાવાનો નાશ કરવાના હેતુથી આ નરાધમોએ સંગીતાબેનનો મૃતદેહ નિર્વસ્ત્ર કરી દિવેલાના ખેતરમાં નાંખી ફરાર થઈ ગયા હતા.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): માતા-બેન-પુત્રીનો સાથ-સહકાર મળશે. લેખન કાર્યમાં રૂચિ રહેશે. રમણીય સ્થળની મુલાકાત લેશો. કુટુંબની કોઈ નાની વ્યક્તિનું વર્તન વડીલ જેવું લાગે તો નવાઈ નહીં. પણ તેની નોંધ લેશો. ક્યારેક નાના મોઢે મોટી વાત પણ ઉપયોગી નીવડે છે.

**વૃષભ** (બ.વ.ઉ): કુટુંબીજનો સાથે સુખદ સમય પસાર કરશો. માહોલ સારો રહેશે. ખર્ચ પર કાબૂ રાખશો નહીં તો બજેટ ખોરવાતા વાર નહિ લાગે. પરિવારના સભ્યોનું વર્તન અકળાવનારું લાગે. તેના કારણે માનસિક તણાવ રહે. મિત્રોનો સહવાસ મળે.

**મિથુન** (ક.છ.ઘ): રાજાશાહી જેવું જીવન જીવતા હોવ તો મર્યાદામાં રહેવું ખરાબ આદત પડતા વાર નથી લાગતી. સાવચેત રહેવું. ઊંચી ઊડાન ભરવામાં પણ તળેથી જમીન સરકી ન જાય તેનું ધ્યાન રાખવું. લાંબી મુસાફરી ખર્ચાળ સાબિત થાય, જે દોડધામ ભરેલી હશે પણ તેનાથી લાભ પણ થશે.

**કર્ક** (ડ.હ): સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે મહત્ત્વના કાર્ય અટકી ન જાય. સહકર્મી સાથે મિત્રતાભર્યું વર્તન રાખવાથી કાર્યભાર હળવો થશે. આડોશ-પાડોશમાં મંગળપ્રસંગને કારણે લોકો સાથે હળવા-મળવાથી મનની તાણ દૂર થશે. અચાનક જૂના શત્રુની કનડગત શરૂ થાય. ચેતતા રહેવું.

**સિંહ** (મ.ટ): ભૌતિક સુખ પાછળ દોડવામાં કાર્યભાર વધે. ધર્મ કાર્યમાં રૂચિ રહે. યાત્રામાં અવરોધ આવે. સંતાનોની સુખ-સગવડતા સાચવશો તો પણ તેમને કદર નહિ થાય. માતા-પિતાની વધુ કાળજી લેશો. આડોશ-પાડોશમાં મંગળપ્રસંગને કારણે લોકો સાથે હળવા-મળવાથી મનની તાણ દૂર થશે.

**કન્યા** (પ.ઠ.ણ): સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધે. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. ઓર્ડર સમયસર પૂરો ન કરી શકો અથવા નફામાં બાંધછોડ કરવી પડે પૈતૃત સંપત્તિ મળે પરંતુ અસંતોષ રહે. દામ્પત્યજીવનમાં સુમેળ રહે. ક્યારેક નાના મોઢે મોટી વાત પણ ઉપયોગી નીવડે છે.

**તુલા** (ર.ત): જાહેર જીવનમાં ભાગીદારીમાં કે દામ્પત્ય જીવનમાં વિચારોનો અનિચ્છાએ તાલ-મેલ રાખવો પડે. સામેવાળાના લાભનો વિચાર કરી નિર્ણય લેવો પડે. પિતાના આરોગ્યની કાળજી લેવી. નાની-મોટી મુસાફરી થકાવટ ભરેલી રહે. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** (ન.ય): માનસિક મૂંઝવણમાં વધારો થાય. વડીલ વ્યક્તિના સ્વાસ્થ્ય બાબતે ચિંતિત રહેશો. સંશોધન ક્ષેત્રે સફળતા મળે. ઊંડાણથી કરેલા અભ્યાસનું ફળ પ્રાપ્ત થાય. ધાર્યું લક્ષ મેળવો. પેટને લગતી બીમારીઓથી સાવચેત રહેવું. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી.

**ધન** (ભ.ધ.ફ): સ્પર્ધાત્મક ક્ષેત્રે ઉત્તીર્ણ થાવ. શેર-સટ્ટામાં જોખમ ન લેવું. ધાર્યો લાભ મેળવવા રાહ જોવી પડશે. પારિવારિક ક્ષેત્રે સમજદારી જાળવવી જરૂરી છે. દરેક મુદ્દાને ચકાસીને નિર્ણય લેવો. કાર્ય પદ્ધતિમાં ફેરફાર ન કરવો. ઊંચી ઊડાન ભરવામાં પણ તળેથી જમીન સરકી ન જાય તેનું ધ્યાન રાખવું.

**મકર** (ખ.જ): દરેક જાતની સુખ-સગવડતા હોવા છતાં પણ અસંતોષ રહે. કંઈક ખૂટતું હોય તેવું લાગે. ઈષ્ટ દેવતાની કૃપા રહેશે. માતા-પિતાનો સાથ-સહકાર મળશે. નોકરી ક્ષેત્રે બદલાવ થવાને કારણે કાર્યભાર વધશે. મનગમતું કાર્ય મળવા છતાં પણ ઉત્સાહમાં કમી રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ): કળા-સાહિત્ય પ્રેમી માટે સારો સમય છે. કલ્પનાશક્તિ સોળે કળાએ ખીલશે. તેનો ભરપૂર ફાયદો ઉઠાવશો. તમારા સારા વિચારો અને યોજનાઓ લોકો સમક્ષ પ્રસ્તુત કરી શકશો. ધૈર્યશીલ અને સ્પષ્ટ વક્તા બનશો.

**મીન** (દ.ચ.ઝ): આ અઠવાડિયે, નવી સમસ્યા ઉદ્ભવે, પરંતુ શાંતિથી કામ કરતા હળવી થાય. આ માટે, મહત્ત્વના નિર્ણય પહેલાં વડિલોની કે મિત્રોની સલાહ લેવી, જૂના મિત્રોને મળવાનું સંભવ બને, રોકાણ સાચવીને કરવું, કાર્યક્ષેત્રમાં અધિકારીઓ આપના ઉપર મહેરબાન રહેશે, ગેરસમજ મનદુ:ખ ટાળવા. આવા સમયે કુળદેવીની ઉપાસના મદદરૂપ થાય છે. લાંબા ગાળાના પરિણામો તમરી તરફેણમાં આવે.

# વાપી રેલવે સ્ટેશનથી પકડાયેલા યુવકના ગુપ્ત ભાગમાંથી 25 લાખ રૂપિયાનું સોનું મળ્યું

ગુજરાત | વંદન

વિદેશથી કિંમતી વસ્તુઓને વિચિત્ર રીતે છુપાવીને તેની દાણચોરી કરવાના ઘણાં કિસ્સા બનતા હોય છે. આવો જ એક કિસ્સો વાપીમાં સામે આવ્યો છે કે જેમાં યુવકે 500 ગ્રામ સોનું પોતાના ગુપ્ત ભાગમાં છૂપાવ્યું હતું. જાણે કોઈને કશું ખબર નહીં પડે અને લાખોનું સોનું પોતાનું થઈ જશે તેમ વિચારીને યુવકે આ સોનું છૂપાવ્યું હતું પરંતુ તપાસ એજન્સી તેના કરતા પણ વધારે તેજ નીકળી હતી જેમાં યુવકને 25 લાખના સોના સાથે વાપી રેલવે સ્ટેશન પરથી પકડી પાડવામાં આવ્યો હતો. આ મામલે તપાસ કરતા માલુમ પડ્યું છે કે યુવક દુબઈથી સોનાની દાણચોરી કરીને આવ્યો હતો અને તે મુંબઈ તરફ જઈ રહ્યો હતો.




DRIની ટીમને બાતમી મળતા સુરત અને વાપી વચ્ચે વોચ રાખી હતી. જેમાં તપાસ કરતા યુવકે જે રીતે 500 ગ્રામ સોનુ છૂપાવ્યું હતું તે જોઈને DRIની ટીમને પણ ભારે આશ્ચર્ય થયું હતું. આ યુવકે લગભગ 25 લાખ રૂપિયાનું 500 ગ્રામ સોનુ પોતાના ગુદામાર્ગમાં છૂપાવી દીધું હતું.

ટીમ બાતમી પ્રમાણ યુવકની તપાસ માટે વોચ રાખીને ઉભી હતી ત્યારે અમદાવાદથી મુંબઈ જઈ રહેલી ગુજરાત એક્સપ્રેસમાં સવાર મૂળ મધ્યપ્રદેશના મયંક જૈન નામના યુવકની શંકાના આધારે અટકાયત કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન તેના ગુદામાર્ગમાંથી 500 ગ્રામ સોનું મળી આવ્યું હતું.

# આધુનિક જમાનામાં અનોખી પરંપરા

## ગુજરાતના આ ત્રણ ગામોમાં વરરાજાને બદલે તેની બહેન જાન લઈ જાય છે

ગુજરાત | વંદન

છોટાઉદેપુર જિલ્લામાં છેક મધ્યપ્રદેશની સરહદ પાસે આવેલા ફેરકૂવા પાસે પ્રકૃત્તિની સાંનિધ્યમાં વસવાટ કરતા કેટલાક ગામોના આદિવાસીઓના રિતરિવાજ એવા છે કે જેને તમે જાણશો તો ચોક્કસ આશ્ચર્યમાં ગરકાવ થઈ જશો. ૨૧મી સદી સાથે તાલ મિલાવી રહેલા આ આદિવાસી સમુહ આધુનિક જમાના સાથે અનુરૂપ બદલાવ લાવવા સાથે દેવપ્રકોપની આમાન્યા રાખી પોતાની પ્રાચીન પરંપરા જાળવી રાખી છે. ફેરકૂવા આસપાસના એવા ત્રણ ગામો છે કે જ્યાંથી જતી જાનમાં વરરાજા જતાં નથી કે ત્યાં આવતી જાનમાં વરરાજા આવતા નથી. વરરાજાને બદલે તેની બહેન ફેરા ફરવા માટે આવે છે.



મધ્યપ્રદેશને અડીને આવેલા અંબાલા, સૂરખેડા અને સનાડા ગામમાં વસતા આદિવાસી સમાજના આ રિવાજ પાછળની વાત રસપ્રદ છે. અંબાલા ગામની પાસે જમણી બાજુએ આવેલા એક નાના પર્વત ઉપર ભરમાદેવ નામક દેવતા બિરાજે છે. તેની તળેટીમાં ખૂનપાવા નામના બીજા એક દેવતાનું સ્થાનક છે. ઉક્ત ત્રણેય ગામના ભરમાદેવ ગ્રામદેવતા છે. આ ગામના આદિવાસી સમાજના આ આરાધ્ય દેવ છે. જ્યાં વારતહેવારે વિશેષ પ્રકારના પૂજાપાઠ થાય છે. ખાસ કરીને દિવાસા, દેવદિવાળી જેવા શુભદિવસોમાં અહીં આદિવાસી સમાજ દ્વારા ભરમાદેવનું પરંપરાગત્ત રીતે અનુષ્ઠાન કરવામાં આવે છે. તે સમયે અહીં ઉત્સવ જેવો માહોલ હોય છે. ભરમાદેવ અને ખૂનપાવા દેવની ઉત્પત્તિ અંગે કોઈ કથા જાણી શકાઈ નહીં. પણ, વાત એવી છે કે ભરમા દેવ કુંવારા છે. ભરમા દેવ પોતે કુંવારા હોવાના કારણોથી અંબાલા, સૂરખેડા અને સનાડા ગામમાં કોઈ યુવાન જાન લઈને આવે અથવા તો ગામનો કોઈ યુવાન જાન લઈ જાય તો તેના ઉપર ભરમા દેવનો પ્રકોપ ઉતરે છે. એટલે ગામમાં આવતી જાનમાં વરરાજાની બહેન મંગલ ફેરા ફરવા માટે આવે છે અને બહેન જ જાન લઈને જાય છે. આ પરંપરા સદીઓથી ચાલી આવે છે.

# ભારતમાં પહેલીવાર કાપડ઼ પર ઢોળ ચડાવી માદક પદાર્થ ઘુસાડવાનો પ્રયત્ન


## અધિકારીઓ પણ નવી મોડસ ઓપરેન્ડી જોઈને ચોંકી ગયા

ગુજરાત | વંદન

પીપાવાવ પોર્ટ પર DRI, કસ્ટમ અને ATSના સંયુક્ત ઓપરેશનમાં 90 કિલો ડ્રગ્સનો જંગી જથ્થો જપ્ત કરાયો છે. આ ડ્રગ્સના જથ્થાની કિંમત રૂ.450 કરોડ જેટલી થાય છે. હજી ચાર દિવસ પહેલાં જ અરબ સમુદ્રમાંથી પાકિસ્તાની બોટને 56 પેકેટ ડ્રગના જથ્થા સાથે ઝડપી 9 પાકિસ્તાનીની ધરપકડ કરાઈ હતી. તદુપરાંત અગાઉ કંડલા અને મુંદ્રા પોર્ટ પરથી પણ ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. રસપ્રદ છે કે, આ વખતે ડ્રગ્સને સુતળીમાં ઢોળ ચડાવીને ઘુસાડવામાં આવ્યું હતું. આને એ રીતે સમજીએ કે જેમ ઉત્તરાયણની દોરી પર કલરનો ઢોળ ચઢાવે તે રીતે કોટનના દોર પર આ ડ્રગ્સનો ઢોળ ચડાવ્યો હતો. આવી સુતળીનો આશરે 300 કિલો જેટલો જથ્થો કચ્છમાંથી મોટી માત્રામાં ડ્રગ્ઝનો જથ્થો મળી આવ્યાની સાથે જામનગર ડીઆરઆઈ દ્વારા ગુજરાતનાં દરિયાકાંઠા પર તેમજ અન્ય પોર્ટ પર ઘુસાડવામાં આવેલા ડ્રગ્ઝનાં જથ્થા અંગે ગુપ્તરાહે તપાસ હાથ ધરી હતી. જેમાં જામનગર ડીઆરઆઈને ગઈકાલે પિપાવાવ પોર્ટ પર કન્ટેઈનરમાં છુપાવીને રાખવામાં આવેલા નશીલા પદાર્થને પકડી પાડવાં સફળતા સાંપડી હતી. તપાસનીશ ટીમ દ્વારા આ નશીલા પદાર્થને ચકાસણી માટે FSLમાં મોકલી આપવામાં આવ્યા છે જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. પીપાવાવ પોર્ટ પર જપ્ત કરેલા કન્ટેનર્સમાંથી અંદાજે 80 કિલો ડ્રગ્સ મળી આવ્યું હોવાનું એજન્સીઓએ જણાવ્યું છે. રાજ્યમાં ડ્રગ્સ ઘુસાડવા માટે જે રીતે ઉત્તરાયણમાં દોરીને કલર પીવડાવવામાં આવે છે, તેવી રીતે સુતળી ઉપર ડ્રગ્સનો ઢોળ ચડાવીને તેને ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.

ડીઆરઆઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતમાં આ પ્રકારનો પ્રથમ કેસ હોઈ શકે છે જ્યાં આવી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. "સુતળીને ડ્રગ્સવાળા પાણી/સોલ્યુશનમાં પલાળવામાં આવે છે અને સૂકવવામાં આવે છે. પછી આ સુતળીને અન્ય સુતળીઓના પેક સાથે મૂકીને મોકલવામાં આવે છે. તેના કારણે જ્યાં સુધી કોઈ ચોક્કસ ઈનપુટ ન મળે ત્યાં સુધી આવી સુતળીઓને કન્ટેનરમાંથી અલગ પાડવી લગભગ અશક્ય બને છે." એક અધિકારીએ જણાવ્યું હતું.

"આંતરરાષ્ટ્રીય સ્તરે, એવા ઘણા કિસ્સાઓ બન્યા છે - ખાસ કરીને દક્ષિણ અમેરિકા અને યુરોપમાં - જ્યાં એજન્સીઓએ પેડલર્સને ડ્રગ-ઈન્ફ્યુઝ્ડ ફેબ્રિક અથવા કપડા સાથે પકડ્યા છે. આવા સંજોગોમાં, તેઓ ફેબ્રિકને ધોઈને ફરીથી પાવડર મેળવે છે." આ અંગે ડીજીપી આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધીને જણાવ્યું હતું કે, 102 હિલો હેરોઈન અટારી ચેકપોસ્ટ પરથી પકડવામાં આવ્યું હતું, આજ આરોપીના ગુજરાત કનેક્શનમાં પીપાવાવ પોર્ટ પર 5 મહિના પહેલા કન્ટેનર આવ્યું હતું. જેમાં 350 કિલો સુતળી હતી, જેમાં લિક્વિડ ફોર્મમાં હેરોઈન આવ્યું હતું. કન્ટેનરમાંથી 80થી 90 કિલો હેરોઈન મળ્યું છે, જેની કિંમત 450 કરોડ રૂપિયા જેટલી થાય છે. 7 દિવસમાં 436



કિલો હેરોઈન જપ્ત થયું છે, જેની કિંમત 2180 કરોડ રૂપિયા જેટલી થાય છે.

પોર્ટ પરથી ડ્રગ્સ ઝડપાવાના વધતા કેસને લઈને કેન્દ્રીય એનજન્સી વધુ સતર્ક બની છે. જેના ભાગરુપે અમરેલીના પીપાવાવ પોર્ટ પર ગઈકાલે કોન્ટ્રાક લોજીસ્ટીકમાં કન્ટેનર સિઝ કરવામાં આવ્યું હતું. તેમજ DRIની ટીમ દ્વારા કન્ટેનરમાં ડ્રગ્સની આશંકાને લઈ સેમ્પલ લેવામાં આવ્યાં હતા. DRI દ્વારા સેમ્પલ લઈને FSLમાં મોકલવામાં આવ્યાં હતા. સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર પીપાવાવ પોર્ટ નજીક ફોરવે પર કોન્ટ્રાન્સ લોજીસ્ટીક કંપનીમાં આયાતી કન્ટેનરો રાખવામાં આવે છે. અહીં કેટલાક કન્ટેનરો છેલ્લા એક માસથી જેમના તેમ પડ્યા છે. બાતમીના આધારે ડીઆરઆઈની ટીમે અહીં પહોંચી એક કન્ટેનરની ઊંડાણપૂર્વક તપાસ કરી હતી. કન્ટેનરમાં ડ્રગ્સ જેવો પદાર્થ મળી આવ્યો હતો. જેને પગલે જરૂરી નમુનાઓ લઈ લેબોરેટરીમાં મોકલી દેવામાં આવ્યા હતા. અને કન્ટેનરને સીઝ કરી દેવામાં આવ્યું હતું. આ કન્ટેનર કયા દેશમાંથી આવ્યા છે અને ભારતમાં કઈ પેઢી દ્વારા તેની આયાત કરવામાં આવી છે તેની વિગતો હજુ બહાર આવી નથી. એટલું જ નહીં એક માસ સુધી આ કન્ટેનર છોડાવવા માટે અહીં કેમ કોઈ દેખાયું નથી તેની પણ તપાસ જરૂરી બની છે.

# શબ્દોની સંતાકૂકડી 08

ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | 3 | ■ | 4 | 5 |
| | ■ | 6 | | | ■ | |
| 7 | 8 | ■ | | ■ | 9 | ■ |
| ■ | 10 | 11 | ■ | 12 | | 13 |
| 14 | ■ | 15 | 16 | ■ | 17 | |
| 18 | 19 | ■ | 20 | 21 | | ■ |
| 22 | | | ■ | | ■ | 23 |

**ઊભી ચાવી**

(1) વખત, કાળ [3]
(2) સખાવત [2]
(3) ખેલ [3]
(5) મિત્ર, દોસ્ત [2]
(8) માફી [2]
(9) લોકોક્તિ [4]
(11) ખેલાડીઓની ટુકડી [2]
(13) દોડનું અંગ્રેજી [2]
(14) માનવંત, મહેરબાન, શ્રીમાન [3]
(16) જંગલમાં લાગતી આગ [2]
(19) સાપ, ઉંદરનું ઘર [2]
(21) દિવાળીમાં શાળામાં હોય [2]

**આડી ચાવી**

પુરુષ [4]
(4) શરીર, તન [2]
(6) નમસ્કાર [3]
(7) કુબેરનો અનુચર [2]
(10) કુંભાર માટલાં બનાવવા આનો ઉપયોગ કરે [2]
(12) તરંગ, મોજું [3]
(15) ગર્વ, અભિમાન [2]
(17) જંગલ, અરણ્ય [2]
(18) અવાજ [2]
(20) વાવ કૂવામાંથી કોસ ખેંચવાનું દોરડું [3]
(22) પાણીનું ઘન સ્વરૂપ [3]
(23) કોઈ પણ વસ્તુનો ચોથો ભાગ [1]

શબ્દોની સંતાકૂકડી-7 નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 લ | ટ | ■ | 2 ક | 3 યા | મ | 4 ત |
| વ | ■ | 5 ના | દા | ન | ■ | ર |
| ■ | 6 અ | ક | ચ | ■ | 7 ખૌ | ફ |
| 8 કા | ■ | ટ | ■ | 9 ગ | ત | ■ |
| 10 ર | 11 સ | ■ | 12 અ | મ | ર | ત |
| 13 ત | વા | રી | ખ | ■ | વું | ■ |
| 14 ક | લ | ■ | 15 જ | ક | ■ | 16 સા |

શબ્દોની સંતાકૂકડી-08 નો ઉકેલ આવતા અંકે

# કોયડો નં. 10 સુડોકુ

ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 4 | | | | | | 6 |
| 3 | | | | 4 | | 5 | 9 | |
| | 5 | | | | 3 | | | |
| 1 | | 5 | | | | | | 9 |
| | | | | | 6 | | | |
| | 9 | | 7 | | | | | 5 |
| | | 2 | | | | | 6 | |
| 5 | | 1 | | 3 | | 9 | | |
| | 8 | | 2 | | 9 | | 5 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-10નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 5 | 9 | 2 | 7 | 3 | 6 |
| 3 | 7 | 6 | 8 | 4 | 1 | 5 | 9 | 2 |
| 2 | 5 | 9 | 6 | 7 | 3 | 8 | 4 | 1 |
| 1 | 4 | 5 | 3 | 2 | 8 | 6 | 7 | 9 |
| 7 | 2 | 8 | 9 | 5 | 6 | 3 | 1 | 4 |
| 6 | 9 | 3 | 7 | 1 | 4 | 2 | 8 | 5 |
| 9 | 3 | 2 | 1 | 8 | 5 | 4 | 6 | 7 |
| 5 | 6 | 1 | 4 | 3 | 7 | 9 | 2 | 8 |
| 4 | 8 | 7 | 2 | 6 | 9 | 1 | 5 | 3 |

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## કોકાનાં પાંદડાં (કે બીજ), વિજ્ઞાન તથા બનાવનાર કારીગરનો કસબ મળીને કોકેઈન નામનું ડ્રગ્સ તૈયાર થાય છે, જે જીવલેણ પણ સાબિત થઈ શકે છે

# યસ, એલન મસ્ક જેને ખરીદવા માગે છે એ કોકાકોલામાં એક સમયે કોકેઈન ભેળવાતું હતું..!






ગુજરાત | વંદન

જુની પેઢીના કે નવી પેઢીના એમ બન્ને પેઢીઓ જેનાથી પરિચિત છે તે ઠંડુ પીણુ કોકાકોલાના નામથી પરિચિત છે. આજે તો બજારમાં અનેક ઠંડા પીણા ઉપલબ્ધ છે પણ વર્ષો પહેલાં ભારતમાં અમેરિકાના ઠંડા પીણાં કોકાકોલાની જ બોલબાલા હતી.

ટ્વીટર કંપની ખરીદનાર દુનિયાના સૌથી ધનિક બિઝનેસમેન એલોન મસ્કે ટ્વીટર ખરીદ્યા બાદ ટ્વીટ કર્યું કે કોકોકોલાની કિંમત કેટલી.. કોકાકોલામાં ફરીથી કોકેઈન? તેમના આ ટ્વીટથી હલચલ મચી કે શું મસ્ક ટ્વીટર પછી હવે કોકાકોલા ખરીદવા માંગે છે..? શું કોકોકોલામાં કેફી પદાર્થ કોકેઈન ભેળવવામાં આવે છે..? અને તેના પગલે વિવિધ માહિતી બહાર આવવા લાગી છે.

કોકાનાં પાંદડાં (કે બીજ), વિજ્ઞાન તથા બનાવનાર કારીગરનો કસબ મળીને કોકેઈન નામનું ડ્રગ્સ તૈયાર થાય છે, જે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. આજે અમેરિકાની મલ્ટિનેશનલ વિશ્વના 900 કરતાં વધુ પ્લાન્ટમાં પોતાનું સૉફ્ટ ડ્રિંક તૈયાર કરે છે, ત્યારે એ વાત ન ભૂલવી જોઈએ કે 1886ની કોકાકોલાની ઑરિજિનલ ફૉર્મ્યુલામાં કોકેઈન હતું જ.

19મી સદીના અંત ભાગમાં 'કોકા' (Coca) ભેળવીને વાઈન સાથેનું પીણું તૈયાર કરવામાં આવતું હતું, જે ખૂબ જ પ્રચલિત હતું. આવા સમયે શરાબનિષેધના સ્થાનિક કાયદાની છટકબારીનો લાભ લઈને પૅમ્બર્ટને કોકાયુક્ત મીઠું પીણું તૈયાર કર્યું હતું. આ પીણાંનું બીજું અડધું નામ 'કોલા' (કવચ અને કોટલાથી ઢંકાયેલું સોપારી જેવું ફળ) પરથી ઊતરી આવ્યું છે. ભારતમાં જેમ પાન ખાવાની પરંપરા છે, તેમ પશ્ચિમ આફ્રિકાના નિવાસીઓમાં સદીઓથી તેને ચાવવાની પરંપરા છે.આ દેશોમાં મોટા પાયે ઊગી તે નીકળે છે. આફ્રિકાના દેશોમાં એક સમયે કિંમતી વસ્તુ તરીકે સોના અને કોડી ઉપરાંત કોલા નટની ગણતરી થતી.

17મી સદીની શરૂઆતમાં આફ્રિકન દેશો સાથે વેપાર કરનારા જહાજીઓ તેને યુરોપમાં લઈ આવ્યા અને જોતજોતામાં તેની માગ વ્યાપક બની ગઈ હતી. ચા, કૉફી કે ચોકલેટમાંથી મળી આવતાં કેફિન તથા થિયોબ્રૉમિન હોય છે, જે શરીરની ગ્રંથિઓને ઉત્તેજિત કરવાનું કામ કરે છે. શારીરિક થાક અને માનસિક તણાવને દૂર કરવાના હેતુસર કોલા અને કોકાના મિશ્રણવાળી દવાઓ અને ડ્રિંક્સ બજારમાં ઉપલબ્ધ બનવા લાગ્યા હતા. જેમાં ફ્રેન્ચ કૅમિસ્ટ ઍંજેલો મારિયાનીનું પીણું 'વિન મારિયાની' ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. તેના પ્રચારના પોસ્ટર પર ક્વિન વિક્ટૉરિયા અને થૉમસ ઍડિસનના ચિત્રો જોવા મળતા.

પરંતુ જે ડ્રિંક સૌથી વધુ લોકપ્રિય બન્યું તે અમેરિકાના અટલાન્ટાનિવાસી કૅમિસ્ટ જૉન પૅમ્બર્ટને કોકાનાં પાંદડાં અને કોલાનને મેળવીને તૈયાર કર્યું હતું. જેમણે કોકાકોલાની મૂળ ફૉર્મ્યુલા તૈયાર કરી હતી, જે મીઠી હતી.

કોકાકોલાના વેચાણની શરૂઆત-કંપનીની વેબસાઈટ પર આપવામાં આવેલા ઈતિહાસ પ્રમાણે, તા. આઠમી મે, 1886ના રોજ પૅમ્બર્ટને આ મીઠું પીણું તૈયાર કર્યું હતું. (એટલે એમ કહી શકાય કે આ ડમી મેના રોજ તેને 136 વર્ષ પૂરા થશે.) તેઓ એક જગ ભરીને સ્થાનિક દવાની દુકાન જૅકબ ફાર્મસી ખાતે લઈ ગયા અને ત્યાં લોકોને ચખાડ્યું. લોકોએ તેને તત્કાળ વધાવી લીધું. આ પછી પૅમ્બર્ટને તેને પાંચ સૅન્ટમાં વેચવાનું શરૂ કર્યું. પહેલાં વર્ષ દરમિયાન દૈનિક સરેરાશ નવ ગ્લાસનું વેચાણ થયું હતું. આજે વિશ્વભરમાં દરરોજ કોકાકોલા તથા અન્ય બ્રાન્ડ સહિત બે અબજથી વધુ ડ્રિંક્સ વેચાતા હોવાનો કંપનીનો દાવો છે.

પૅમ્બર્ટનના ભાગીદાર અને હિસાબનીશ ફ્રૅન્ક રૉબિન્સને આ મિક્સને કોકાકોલા એવું નામ આપ્યું. તેમને લાગતું હતું કે બે 'કનો ક્કાર' જાહેરાતમાં સરળ રહેશે તથા લોક જીભે ચડી જશે. સાથે જ તેમણે કોકાકોલા કેવી રીતે લખવું તે બતાવ્યું. ત્યારથી આજ પર્યંત એ જ પ્રકારે કોકાકોલા લખાય છે. કોલાનો સ્વાદ મૂળતઃ કડવો હોય છે, જેને મીઠાશ, વેનિલા, નારંગીના ઍસન્સ, નારંગનાં ફૂલના તેલ દ્વારા દબાવી દેવામાં આવે છે, પરંતુ તેમાં રહેલું કૅફિન પીનારને 'કિક' આપે છે.

પોતાની હયાતી દરમિયાન પૅમ્બર્ટનને ક્યારેય કોકાકોલાની ખરી ક્ષમતાનો અણસાર જ ન આવ્યો. પોતાના બિઝનેસને થોડો-થોડો કરીને અલગ-અલગ લોકોને વેચી દીધો હતો. 1888માં મૃત્યુ પહેલાં તેમણે બાકીનો હિસ્સો અસા કૅન્ડલરને વેચી દીધો, જેમણે પોતાની ધંધાકીય સૂઝબૂઝથી કંપનીને દેશવિદેશમાં લોકપ્રિય બનાવી દીધી.

20મી સદીના પ્રારંભિક વર્ષોમાં કોકાકોલાએ અમેરિકાની બહાર યુરોપ તથા એશિયામાં પણ તેના બૉટલિંગ પ્લાન્ટ શરૂ કર્યા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોકાકોલાના 60 બૉટલિંગ પ્લાન્ટ માત્ર સૈનિકોની જ જરૂરિયાતો પૂર્ણ કરતા હતા.વિશિષ્ટ વ્યવસ્થા મારફથ તેને ઉત્તર આફ્રિકાના સૈન્યમોરચા સુધી પહોંચાડવામાં આવતા. તેને ખાંડના રૅશનિંગમાંથી પણ વિશિષ્ટ છૂટ આપવામાં આવી હતી.

સિક્રેટ ફૉર્મ્યુલા- મસ્કનું ટ્વિટ 'ઐતિહાસિક તથ્ય' છે કે 'જૉક' હતો, તે વર્ષોથી ચાલતી આવતી ચર્ચા છે. વૈજ્ઞાનિક તથ્યો પર કામ કરતી વેબસાઈટ 'લાઈવ સાયન્સ'ના રિપોર્ટ પ્રમાણે, "કંપની સત્તાવાર રીતે હાલમાં કે ભૂતકાળમાં તેની પ્રોડક્ટમાં કોકેઈન હોવાની વાત નકારે છે, પરંતુ ઐતિહાસિક તથ્યો ઉપર નજર કરીએ તો 1903 સુધી કોકાકોલામાં નોંધપાત્ર પ્રમાણમાં કોકેઈન હતું. તેમણે કોકાનાં પાંદડાં તથા કોલામાંથી કૅફિન હાંસલ કર્યું હતું."

કોકેઈન બંધાણી બનાવતું હોવાનું બહાર આવ્યું અને તેની આડઅસરો બહાર આવવા લાગી, એટલે 1914માં તેની ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો, તે પહેલાં તેના પર કોઈ નિષેધ ન હતો. મસળેલાં કોકાનાં પાંદડાં, ક્લૉરિન, ચૂનો, પેટ્રોલ (કે કેરોસીન), બ્લિચ અને સિમેન્ટ મળીને કોકેઈનનો બેઝ તૈયાર કરવામાં આવે છે, ત્યાર બાદ 'લૅબોરેટરી'માં તેનું શુદ્ધીકરણ થાય છે, જે તેને સફેદ સ્વરૂપ આપે છે.

ખુદ પિમ્બર્ટને તેના યુદ્ધ સમયના ઘાવમાં રાહત મેળવવા માટે મૉર્ફિનની મદદ લેતા, પરંતુ તે બંધાણી બનાવતું હોવાથી તેમણે 'કોકા' અને 'કોલા' જેવા વિકલ્પો પર નજર દોડાવી હતી. જે તેમની પ્રારંભિક ફૉર્મ્યુલાનો આધાર હતો. કોકાકોલાની ફૉર્મ્યુલામાં શું છે, તે આજે પણ ટ્રેડસિક્રેટ છે. વિશ્વભરના કંપનીના બૉટલિંગ પ્લાન્ટમાં મૂળ દ્રાવણ ઍટલાન્ટાથી જ મોકલવામાં આવે છે. એવું કહેવાય છે કે હવે તેમાં કોલાનો ઉપયોગ નથી થતો અને બીજા કૃત્રિમ પદાર્થો દ્વારા મૂળ સ્વાદ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. કેટલાક અહેવાલ પ્રમાણે, કોકાકોલાના માત્ર બે એક્ઝિક્યુટિવ પાસે તેની ફૉર્મ્યુલા છે અને તે પણ અડધી-અડધી. જ્યારે અન્ય કેટલાક અહેવાલો પ્રમાણે, બે અલગ-અલગ લોકો કોકાકોલાની સમગ્ર ફૉર્મ્યુલા જાણે છે.ફૉર્મ્યુલા વિશે સત્તાવાર રીતે કંપનીના કહેવા પ્રમાણે, 1886માં કોકાકોલાની ફૉર્મ્યુલા લખેલી ન હતી, પરંતુ બહુ થોડા લોકો તેના વિશે જાણતા હતા. 1892માં અસા કૅન્ડલર કંપનનીના એકમાત્ર માલિક બન્યા. 1919માં કૅન્ડલર પરિવારથી કંપનીને ખરીદવા માટે અર્નેસ્ટ વૂડરૂફ તથા અન્ય રોકાણકારોને ભંડોળની જરૂર હતી. આ સંજોગોમાં લોનના બાના પેટે તેમણે ફૉર્મ્યુલા લખી આપી અને તેને ન્યૂ યૉર્કની બૅન્કના લૉકરમાં રાખવામાં આવી.

1925માં વૂડરૂફે લોન ભરપાઈ કરી દીધી અને તે ઍટલાન્ટા પરત આવી તેને ટ્રસ્ટ કંપની બૅન્ક (બાદમાં સન ટ્રસ્ટ બૅન્ક) ખાતે રાખવામાં આવી. જ્યાં તે 86 વર્ષ સુધી રહી. 2011 આસપાસ તેને 'ધ વર્લ્ડ ઑફ કોકા કોલા' ખાતે લાવવામાં આવી.

ભારતમાં 1977માં તે વખતની સરકારે મલ્ટીનેશનલ કંપનીઓની સામે લેવાયેલા પગલામાં કોકોકોલા પર પ્રતિબંધ મૂક્યો હતો. અને નવુ પીણુ થમ્સઅપ બજારમાં આવ્યું હતું. ભારતમાં 'થમ્બ્સ-અપ' કોકાકોલાની હરીફ હતી. ઉદારીકરણ બાદ કંપનીએ ભારતીય હરીફ કંપની ખરીદી લીધી. 2003-04 દરમિયાન ભારતમાં વેચાતાં ઠંડાં પીણાંમાં પેસ્ટિસાઈડ્સ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેના કારણે કંપનીના વેચાણને મોટો ફટકો પડ્યો હતો.જર્મનીમાં (ફ્રિટ્ઝ કોલા), આરસી કોલા (અમેરિકા), બિગ કોલા કે કોલા રિયલ (દક્ષિણ તથા મધ્ય અમેરિકા ખંડ), ઈનકા કોલા (પેરુ), વિટા કોલા (અગાઉનું પૂર્વ જર્મની), કોલા તુર્કા (તુર્કી), ઝમઝમ કોલા (ઈરાન), જલમસ્ટ (સ્વિડન) વગેરે કોલા આધારિત કંપનીના પીણાં છે. ડ્રગ્સ માટે કુખ્યાત કોલંબિયામાં કોકા પોલા નામની કોલા ડ્રિંક રજૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય કોલાવાળા ઍનર્જી ડ્રિંગ, બિયર, બ્રાન્ડી અને રમ પણ રજૂ કરવામાં આવ્યા હતા, જેને કોકા કોલાએ પડકાર્યાં હતાં. 1985માં કોકાકોલાની 'નવું સંસ્કરણ' બજારમાં આવ્યું હતું, જે થોડું વધુ મીઠું હતું. આ સ્વાદને પૅપ્સીની નકલ માનવામાં આવ્યો. અમેરિકા સહિત વિશ્વભરમાં નારાજ ગ્રાહકોએ પોતાનો વિરોધ નોંધાવ્યો અને તેના ઉપર ટીવી કાર્યક્રમો થયા અને અખબારોમાં લેખ લખાયા. અંતે કોકાકોલાએ તેનો જૂનો સ્વાદ 'ક્લાસિક' સ્વરૂપે ફરી રજૂ કર્યો. કોકાકોલાનું ઈઝરાયલમાં વેચાણ થતું હતું એટલે આરબ લીગે તેના બહિષ્કારની જાહેરાત કરી હતી, જેનો લાભ પૅપ્સીને થયો. કોકા કોલા સહિતની કોલા કંપનીઓ પર પ્લાસ્ટિકનું પ્રદૂષણ ફેલાવવાના તથા સ્થાનિક જળસંશાધનોનું દોહન કરવાના આરોપ લાગતા રહે છે. જો કે શીતયુદ્ધ સમયે કોકાકોલા 'અમેરિકન સંસ્થાનવાદ'નું પ્રતીક બની ગયું હતું. એલન મસ્કે ટ્વીટ કરીને ફરીથી કોકાકોલાને બજારમાં લાવવાનું કામ કર્યું છે,.

---

અનુસંધાન પેજ 12 પરથી...

### માતાનો આર્તનાદ :...

એવું નિવેદન આપ્યું હતું. તેમ છતાં SIT આ મામલે હજુ પણ તપાસ કરી રહી છે. વડોદરા ગેંગરેપ કેસને 6 મહિના થયા છતાં પોલીસ હજી ફાંફાં કેમ મારી રહી છે? વડોદરા પોલીસ અને રેલવે પોલીસ હદનો વિવાદ કરીને તપાસમાં ઠાગાઠૈયા કરી રહી છે.

વલસાડમાં ગુજરાત ક્વીન એક્સપ્રેસમાં ગળે ફાંસો ખાઇ નવસારીની અને વડોદરામાં રહેતી યુવતીએ 4 નવેમ્બરના રોજ આપઘાત કર્યા બાદ પોલીસની તપાસમાં યુવતીની ડાયરી મળી હતી, જેમાં યુવતી પર શહેરના દિવાળીપુરા પાસે વેક્સિન ઈન્સ્ટીટ્યૂટના મેદાનમાં દુષ્કર્મ આચરાયું હોવાની વિગતો મળતાં ખળભળાટ મચી ગયો હતો. બનાવ બાદ રેલવે પોલીસે તપાસ શરુ કરી હતી. પોલીસે દુષ્કર્મ આચરાયું તે સ્થળ ઉપરથી પુરાવા એકત્ર કરવા માટે એફ.એસ.એલ.ની મદદ લઇ તપાસ શરૂ કરી દીધી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, પીડિતા 29 ઓક્ટોબર 2021ના રોજ ઓએસિસ સંસ્થામાં અભ્યાસ કરી પરત રૂમ પર જઇ રહી હતી. આ દરમિયાન સાંજના સમયે તેની સાઇકલને ટક્કર મારી રિક્ષાચાલક સહિત બે વ્યક્તિ બળજબરીથી તેને રિક્ષામાં બેસાડી વેક્સિન ઈન્સ્ટિટ્યૂટની ઝાડીઓમાં ખેંચી ગયા હતા. ત્યાં બે શખસે યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન એક બસચાલક આ મેદાનમાં બસ પાર્ક કરવા માટે આવ્યો હતો. તેણે પીડિતાને કપડાં ફાટેલી હાલતમાં જોઇ હતી તેમજ ત્યાંથી બે યુવકને રિક્ષામાં ભાગી જતા જોયા હતા. જોકે તેણે બે યુવકના ચહેરા જોયા ન હતા. ડ્રાઈવર પીડિતાની મદદે આવ્યો અને તેને મુખ્ય રોડ પર લઇ આવ્યો હતો. જ્યાં પીડિતાએ તેની સહેલીને ફોન કરીને બોલાવી હતી અને તેની સાથે જતી રહી હતી. 31 ઓક્ટોબર પછી યુવતી નવસારી અને 3 નવમ્બરે સુરત તથા ત્યાંથી વલસાડ ગઇ હતી, જ્યાં ગુજરાત ક્વીન એક્સપ્રેસના કોચ D-12માં તેનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો.

'...હું ભાનમાં આવી, એટલે બંને ભાગી ગયા''

પીડિતાએ ડાયરીમાં લખ્યું હતું કે સાઇકલ લેવા હું ચકલી સર્કલ ગઇ, પણ ત્યાં ભીડ હતી, એટલે સાઇકલ લઇને હું જગદીશવાળી ગલીથી ફરીને જઇ રહી હતી. ત્યારે અચાનક જ પાછળથી કોઇએ મારી સાઇકલને જોરથી ધક્કો માર્યો. આ સાથે જ હું દીવાલ સાથે અથડાઈને નીચે પડી ગઇ. એવામાં બે લોકોએ મારી આંખો બંધ કરી દીધી અને માથામાં જોરથી મારતાં હું અર્ધબેભાન થઇ ગઇ. ભાનમાં આવ્યા બાદ મેં ચીસો પાડી તો નરાધમોએ મોઢા પર દુપટ્ટો બાંધી દીધો. શ્વાસ લેવામાં તકલીફ થતાં ફરી અર્ધબેભાન થઇ ગઇ. બન્ને હવસખોરોને લાગ્યું કે હું મરી ગઇ છું એટલે મને ઢસડીને ઝાડીઓમાં લઇ જતા હતા. રસ્તા પર પથ્થર માથામાં વાગતાં હું ભાનમાં આવી અને બંનેને ખબર પડી કે હજી મારામાં જીવ છે એટલે બંને ભાગી ગયા. હું ગભરાઇ ગઇ હતી, આ ઘટના હું કોઇને કહીં પણ નહોતી શકતી અને હા, એ બંને મવાલી જેવા નહોતા.

દુષ્કર્મીઓ બોલ્યા હતા, ઈસ કો ઐસે હી માર ડાલેગા ક્યા?

જેમાં પીડિતાએ લખ્યું હતું કે હવસખોરો કહેતા હતા કે ઈસ કો ઐસે હી માર ડાલેગા ક્યા? યે લે ચાકુ, માર ડાલ ઈસે, ઐસે કૈસે છોડ દે. પહેલે અપના કામ તો નિપટા લે હા...હા ઐસે હી મર જાયેગી... મૌકા ભી અચ્છા હૈ ઔર અંધેરા ભી સાથ દે રહા હૈ, યે કુછ જ્યાદા હી ઊછલકૂદ કર રહી હૈ, હા મૈં ઈસે બડે અચ્છે સે જાનતા હૂં, જ્યાદા ઊછલના બંધ કર, નહીં તો જાન ગવાયેગી. ઈસકી લાશ કો ઈધર હી ફેંક દે યા ગાડી કે આગે ધકેલ દે તો એક્સિડન્ટ લગેગા, ઈસકે જાનપહેચાન વાલે ઈધર હૈ, લે જાયેંગે.

### થોડી ઇધરકી...

ત્યારે મુકેશ અંબાણીને જન્મદિવસની શુભેચ્છા આપવા જામનગર ટાઉનશીપમાં ગયા હતા. ગુજરાતની તો લાગણી છે કે મુકેશભાઇ, મુંબઇ છોડો...જામનગરમાં એન્ટેલિયા બનાવો..કોઇ ખતરો નથી. ખાવો-પીવો અને ધંધો કરો. કેમ કે ધંધો તો પહેલાં બાકી બધુ પછી. ધંધો છે તો બધુ જ છે. ટાઉનશીપની બાજુમાં હવે સોલારની ખેતી ક્યારથી શરૂ કરો છો..? નવા સાહસ બદલ અભિનંદન..! પ્ર.ધ

### કોર્પોરેશને ગેરકાયદે...

30 ટકા પ્રજા ઝૂંપડા, ચાલીઓમાં રહે છે. કોરોના-બેરોજગારી અને મોઘવારીને કારણે ગરીબ સ્થળાંતરિત મજદૂરોને પરવડે તેવા ભાડે મકાન મળવા પણ ભારે મુશ્કેલ થઇ ગયા છે. તેવામાં વડાપ્રધાનના વચનને પૂરું કરવાને બદલે કેટલાક નેતાઓની કોર્પોરેશન સાથે મિલીભગતને લઇ ગરીબોના ઝૂંપડાઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવે છે.

### ગુજરાતના સાધુ-સંત...

આ દરમિયાન હરિહરાનંદ ભારતીબાપુનો એક વિડીયો વાયરલ થયો હતો. વિડીયોમાં તેઓ ગુમ થયાનું કારણ પણ જણાવ્યું હતું. વિડીયોમાં તેઓ કહે છે કે આશ્રમના વીલમાં નામ હોવા છતાં તેમની સાથે કાવાદાવા થયા. આ ઉપરાંત ઘણા સમયથી ધાક ધમકીઓ પણ મળી રહી છે.તો તેમના નામે એક ચિઠ્ઠી પણ મળી આવી છે જેમાં તેમણે લખ્યું છે.

" હું લખનાર હરિહરાનંદ ભારતી, સરખેજ ભરતી આશ્રમનો વિવાદ મારા ગુરુ બ્રહ્મલિન થયા બાદ ખુબ થયો છે. વીલ મારા નામનો છે, છતાં પણ હું સનાથળ આપવા તૈયાર હતો. આ વિવાદનું નિવારણ કઈ આવતું નથી. કોઈ મારુ કહ્યું માનતા નથી, હું મૂંઝાણો છું. હું કંટાળીને નીકળી ગયો છું. મને એન કેન રીતે બદનામ કરે છે, ખોટા દબાણ કરે છે. લિ. હરિહરાનંદ ભારતી".

### રામોલમાં ચોરીના...

પ્રદીપસિંહ ભરતસિંહને બાતમી મળી હતી કે મોબાઈલ ચોરીના આરોપીઓ રામોલ સુરેલીયા સર્કલ ચાર રસ્તા પાસેથી પસાર થવાના છે.માહિતીના આધારે પોલીસની ટીમે પેટ્રોલિંગ વધાર્યું હતું. આ દરમિયાન આરોપી અભિમન્યુ રાજેન્દ્રસિંહ ભદોરિયા (20) અને મહોદ તબરેઝ મુજાહિદ આલમ શેખ (19) ચોરીના 11 મોબાઈલ સાથે ઝડપાઈ ગયા હતા. પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે, બંનેએ કુખ્યાત આરોપી આકાશ ઉર્ફે છોટેર મહેશભાઈ શર્મા સાથે મળીને રામોલ અને ઈસનપુરના જુદા જુદા વિસ્તારમાંથી આ મોબાઈલની ચોરી કરી હતી.

રામોલ પોલીસે જણાવ્યું હતું કે હાલમાં ઉનાળાની ઋતુને કારણે લોકો ધાબા પર વધુ ઊંઘે છે. જેથી આરોપીઓ આનો ફાયદો ઉઠાવે છે. આરોપીયો ટેરેસ પરથી મોબાઈલની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.પોલીસે જણાવ્યું કે આરોપીઓ પાસેથી 11 નંગ મોબાઇલ રૂ.1,43,000 અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી છે. ઈસનપુર વિસ્તારમાં આવેલી એક જ સોસાયટીમાંથી આરોપીઓએ પાંચ મોબાઈલની ચોરી કરી હતી. હાલ બંનેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

અનુસંધાન પેજ 4 પરથી...

### ભારતીય પત્રકારત્વ...

બદલે બન્ને જણે નક્કી કર્યું કે છોકરી ખરીદવાનું સ્ટિંગ કરીને જ કૌભાંડનો પર્દાફાશ કરવો. સ્ત્રીને ખરીદવી એ અપરાધ હતો એટલે બન્નેએ દિલ્હીના ત્રણ લબ્ધપ્રતિષ્ઠ લોકોને (જેમાં ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા પી. એન. ભગવતી પણ ખરા) વિશ્વાસમાં લઈને તેમને બંધ કવરમાં પત્રો લખ્યા હતા, જેમાં આ સ્ટોરી શું છે અને એની પાછળ તેમનો ઉદ્દેશ્ય શું છે એ વિગતવાર લખ્યું હતું. તેમણે એવી પણ વિનંતી કરી હતી કે તેઓ ના કહે ત્યાં સુધી પત્રો ન ખોલતા. પાછળથી આ મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો ત્યારે તેમને ધરપકડ સામે જામીન લેવામાં આ વ્યૂહરચના કામ આવી હતી.

૧૯૮૧માં એપ્રિલ અને મે મહિનામાં ઈન્ડિયન એક્સપ્રેસમાં આ સ્ટોરી ચાર ભાગમાં છપાઈ. દેશભરમાં તહેલકો મચી ગયો. ચંબલના આ પ્રદેશમાં રાજકારણીઓ, પોલીસ અને ગુંડાઓ જ ગરીબ સ્ત્રીઓનો વેપાર કરી રહ્યા હતા. આશંકા હતી તેમ જ મધ્ય પ્રદેશની કૉન્ગ્રેસ સરકારે સરીન સામે ક્રિમિનલ કેસ દર્જ કરી દીધો અને દિલ્હી પોલીસની મદદથી ગિરફ્તારીની તજવીજ શરૂ કરી દીધી. એમાં સુપ્રીમ કોર્ટ વચ્ચે પડી અને રૅકેટની તપાસ કરવા હુકમ કર્યો. એ દરમિયાન કમલા નારી નિકેતન ગૃહમાંથી ભાગી ગઈ. અને આ આખી સ્ટોરીમાં કમલાને શું થતું હતું એના પર કોઈનું ધ્યાન નહોતું.

આ સ્ટોરીએ નૈતિકતાના સવાલો ઊભા કર્યા : પત્રકાર સ્ત્રીને ખરીદી શકે? વિજય તેન્ડુલકરે એનાથી પ્રેરાઈને 'કમલા' નાટકમાં સ્ત્રી-પુરુષ (જયસિંહ અને સરિતા) વચ્ચેના સંબંધ અને વ્યવસાયિક સફળતા માટે કોરાણે મુકાતા માનવીય મૂલ્યો સંબંધી બુનિયાદી સવાલો ઊભા કર્યા હતા. ખાસ કરીને આધુનિક, શહેરી યુગલો કેવી રીતે એક રૂપાળા જૂઠ (સેલ્ફ-ડિસેપ્શન)માં જીવતાં હોય છે એ સચ્ચાઈ ત્યારે દર્શકો સામે આવે છે જ્યારે સુખી ગૃહિણી સરિતા ખુદને કમલાની જગ્યાએ મૂકીને જુએ છે અને તેને પહેલી વાર અહેસાસ થાય છે કે એ ખુદ એક સેક્સ્યુઅલ ગુલામીમાં જ જીવી રહી છે. છાપા માટે જે ખાલી એક 'સ્ટોરી' હતી, તેન્ડુલકરે એને માનવીય મૂલ્યો સામે સવાલો ઊભી કરતી સમસ્યા તરીકે પેશ કરી.

એક તરફ ટિપિકલ મર્દ જયસિંહ તેની વ્યવસાયિક ચકાચૌંધમાં ડૂબેલો છે, બીજી તરફ ઘરમાં બોર થઈ ગયેલી તેની પત્ની દિવસે ઘરકામ કરે છે અને રાત્રે સેક્સ આપે છે અને ત્રીજી તરફ અબુધ આદિવાસી કન્યા છે, જેને ખરીદ-વેચાણ સિવાયની દુનિયાની ખબર જ નથી... એવી ત્રણ સ્થિતિને વિજય તેન્ડુલકરે એક જ સંવાદમાં મૂકી દીધી હતી; જયની ગેરહાજરીમાં ઘરમાં ફર્શ પર બેઠેલી કમલા હીંચકા પર ઝૂલતી સરિતાને પૂછે છે, 'આપકો કિતને મેં ખરીદા હૈ?' કમલા માટે તો એવી જ દુનિયા હતી કે દરેક સ્ત્રી ખરીદાયેલી જ હોય છે...આ કાલ્પનિક સંવાદ નહોતો. એક્સપ્રેસના પત્રકાર અશ્વિની સરીને જ્યારે કમલાને દિલ્હીના નારીગૃહમાં મોકલવા તજવીજ કરી હતી ત્યારે કમલાએ સરીનની પત્ની ઉમાને નિર્દોષ ભાવે પૂછ્યું હતું, 'સાહેબ આપણને ખરીદીને લાવ્યા છે તો પછી આપણે બેઉ એક ઘરમાં સાથે કેમ ન રહી શકીએ?'

### પણ મને ઘડીએ ...

કરાવવામાં આવતી ધંધાની શરૂવાત) થઈ લાગતી નથી.

મેં મારી બાઇક ધીમી પાડી. તેની હાટડી સામે ઉભી રાખી. તેની ઉદાસ આંખોમાં ચમક આવી. હજી તેનું ધ્યાન મારા બૂટ પર જ હતું. મારા પોલીશ કરેલા બૂટ મેં ઉતારી તેને આપ્યા. સામે પાથરેલા કોથળા પર હું ઊભો રહ્યો. તેણે મારા બુટ હાથમાં લઈ ફેરવી ફેરવી જોયા, પોલીશ કરેલાં બુટને ફરી પોલીશની જરૂર નહોતી. તે વાત તેણે મને ઈશારાથી સમજાવી. છતાં પણ મેં બૂટને ફરી પોલીશ કરી દેવાં કહ્યું. પછી મારી સામે જોઈ તેણે ઈશારાથી દસ આંગળીઓ બતાવી, " દસ રૂપિયા થશે" એવું સમજાવ્યું. મેં માથું હલાવી હા પાડી. તેણે પોલીશ લગાડી મારા બૂટને ફરી કાળા મેશ કરી દીધા. બરાબર ઘસી તેના પર વેક્સ લગાડીને બ્રશ ઘસવા લાગ્યો. બુટ પર જ્યાં તેનું બ્રશ ઘસાવા લાગ્યું ત્યાં ત્યાં બુટ ચમકવા લાગ્યા. તેના હાથમાં જોશ આવી ગયું. તેણે બંને બુટને પોલીશ કરી મારી આગળ મૂક્યા. મે ખિસ્સામાથી સો રૂપિયાની નોટ કાઢી તેના હાથમાં મૂકી. તેણે નોટ હાથમાં લીધી, પછી બાકીનાં પૈસા પાછા આપવા તેણે છૂટ્ટા માટે ખીસ્સા ફંફોસ્યા. પછી તેને સાંભર્યું હોય તેમ, મને ઈશારો કરી મારી પાસે છુટ્ટા નથી, છુટ્ટા આપો તેમ સમજાવ્યું. મેં ઈશારાથી તેને સો રૂપિયાની નોટ રાખી લેવા સમજાવ્યું. તેણે ના પાડી, થોડી આનાકાની કરી તેણે સો રૂપિયાની નોટ ખિસ્સામાં મૂકી. હવે તેણે પોતાનું બ્રશ, પોલીશની ડબ્બી, સિલાઈ કરવાનો સૂયો, દોરો, ચામડાના ટુકડા બધું પોતાના થેલામાં ભરવા લાગ્યો. તેણે પોતાની બેઠકનો કોથળો પણ સંકેલી ઓટા પર મૂકી દીધો અને કોથળો ઉડી ન જાય એટલા માટે તેની માથે પથ્થર મૂકી દીધા. પોતાની હાટડી વધાવી તે થેલી ખંભે નાખી ચાલવા લાગ્યો. તેના મોઢા પર ચમક આવી ગઈ હતી. તેનાં ઉદાસ મોઢા પર સ્મિત આવી ગયું. મને હાથ ઊંચો કરી, તે સુમસામ રોડ પર ચાલવા લાગ્યો.

હું મારા બૂટ પહેરી, મારું બાઈક લઈ ઘરે જવા નીકળી પડ્યો. મારા બુટ આજે ખૂબ જ ચમકી રહ્યા હતા.

---

અનુસંધાન પેજ 1 પરથી...

### અલગ સૌરાષ્ટ્રની...

રાખનાર અરવિંદ કેજરીવાલને હવે પંજાબની જેમ વધુ એક સીમાવર્તી રાજ્ય ગુજરાતમાં સત્તા જોઇએ છે. કેજરીવાલને સત્તા મળ્યા બાદ ગુજરાતને પણ ભારતથી અલગ કરવાના પ્રયાસો નહીં થાય તેની શું ખાતરી..? થોડાક વર્ષો પહેલાં ગુજરાતમાં અલગ સૌરાષ્ટ્રની માંગણી અને ચળવળ ચાલતી હતી. કચ્છ સૌરાષ્ટ્ર સાથે અન્યાય થાય છે એવી લાગણીઓ સૌરાષ્ટ્રના નાના-મોટા નેતાઓ વ્યકત કરીને ગુજરાતમાંથી અલગ કચ્છ-સૌરાષ્ટ્રની હિમાયત થતી હતી. કચ્છ-સૌરાષ્ટ્ર માટે હાઈકોર્ટની અલગ બેંચની માંગણી થતી હતી. દલીલ એવી હતી કે કચ્છના દૂર દૂરના ગામમાંથી પક્ષકારને હાઈકોર્ટ માટે છેક અમદાવાદ જવુ પડે છે તેથી રાજકોટમાં અલગ બેંચ હોય તો સમય અને નાણાં બચે.

કચ્છ અને સૌરાષ્ટ્ર ગાંધીનગરથી એટલે કે ગુજરાત રાજ્યથી અલગ પડે તો અલગ કચ્છ સૌરાષ્ટ્રને આર્થિક રીતે વાંધો આવે તેમ નથી એવી દલીલો દરિયાઇ બંદરો, ખેતી ઉત્પાદન, વેપાર-ધંધો-રોજગારી અને ઉદ્યોગોના આંકડા ટાંકીને આપવામાં આવતા હતા. યાદ રહે કે એક સમયે 1948થી 1954 સુધી સૌરાષ્ટ્ર અલગ રાજ્ય હતુ અને રાજકોટ તેનું પાટનગર હતું. ઉછંગરાય નવલશંકર ઢેબર તેના પ્રથમ મુખ્યમંત્રી હતા. તે સમયે તે યુનાઈટેડ સ્ટેટ ઓફ કાઠીયાવાડ ગણાતું હતું. 1 નવે.1956માં તેનું બોમ્બે સ્ટેટમાં વિલિનિકરણ થયું. 1960માં બોમ્બે સ્ટેટમાંથી અલગ ગુજરાત બાદ એવી છુપી લાગણીઓ અગિયાઓની જેમ ચમકારા મારતી કે કચ્છ અને સૌરાષ્ટ્ર સાથે ગુજરાત સરકાર અન્યાય કરે છે...અન્યાય કરે છે..

આ દબાયેલી લાગણી અને માંગણી માંડ માંડ શાંત પડી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે જેમને ટ્વીટ કરીને ભારત માટે ખતરનાક અને અલગાવવાદી અને ખાલિસ્તાનના સમર્થક ગણાવ્યાં એ દિલ્હીના સીએમ કેજરીવાલની ભાવિ ગુજરાત સરકારમાં અલગ ખાલિસ્તાનની જેમ ગુજરાતમાં, અલગ કચ્છ-સૌરાષ્ટ્રની માંગણી નહીં થાય એની શું ખાતરી..? અધૂરામાં પુરૂ ચૂંટણીઓ માટે કેજરીવાલે અલગ ભીલીસ્તાન પ્રદેશની માંગણીને હવા આપનાર અને ભીલીસ્તાન ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) બનાવનાર ઝગડિયાના પાવરફુલ ધારાસભ્ય છોટુ વસાવાની સાથે ગઠબંધન કર્યું છે...! ગુજરાતના રાજકારણમાં કેટલાક એવો સવાલ કરે છે કે પાટિલ જેમને અલગાવવાદી કહે છે તે કેજરીવાલને એવા જ ગમે છે કે જે ગુજરાતથી અલગ થવા માંગે છે...?! છોટુ વસાવાને ભાજપે કાચિંડાની જેમ રંગ બદલનાર ગણાવ્યાં છે. ક્યારેક કોંગ્રેસની સાથે અને હવે આપ પાર્ટીની સાથે.

રાજકીય નિરીક્ષકોના મતે ગુજરાતે અલગાવવાદી પરિબળોથી સાવધાન રહેવુ પડશે. ભાજપના સીઆર પાટિલે જેમને દેશ માટે ખતરનાક ગણાવ્યાં એ કેજરીવાલની આપ પાર્ટીને ચૂંટણીમાં કેટલો પ્રતિભાવ મળશે એ તો પરિણામ કહેશે પણ કેજરીવાલ આવ્યાં બાદ પટિયાલાના દ્રશ્યો ગુજરાતમાં નહીં સર્જાય એની શું ખાતરી..?

### ફિનલેન્ડ, આઇસલેન્ડ...

ઉર્જા, આર્કેટિક, મત્સ્ય ઉછેર, ડિજિટલ યૂનિવર્સિટી સહિત શિક્ષા અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં આર્થિક સહયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી. તે સિવાય પીએમ મોદીએ લૈંગિક સમાનતાને પ્રોત્સાહન આપવા માટે PM જેકબ્સડોટિરના વ્યક્તિગત પ્રયત્નોના વખાણ કર્યા અને તેમને આ સંબંધે ભારતની પ્રગતી વિશે જાણકારી આપી.

ફ્રાન્સની રાજધાની પેરિસ રવાના થતા પહેલા કોપેનહેગનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોર્વેના PM જોનાસ ગહર સ્ટોર સાથે મુલાકાત કરી. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોનો વિકાસ કરવા બાબતે ચર્ચા કરી હતી. ડેનમાર્કનું પાટનગર કોપનહેગનમાં થનારી આ બેઠકમાં આર્થિક સુધારો, જળવાયુ પરિવર્તન, ઈનોવેશન, ટેક્નોલોજી, રિન્યુઅલ એનર્જી અને આર્કટિક વિસ્તારમાં ભારત-નૉર્ડિક સહયોગ જેવા વિષયો પર પણ ફોકસ કરવામાં આવશે. આ સિવાય વડાપ્રધાન મોદી ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના સ્ટેટહેડ સાથે પણ મુલાકાત કરી.

ત્યાર પછી વડાપ્રધાન મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળવા પેરિસ રવાના થયા હતા. મેક્રોન હમણાં જ ફરી વખત ફ્રાન્સના રાષ્ટ્રપતિ ચૂંટાયા છે. તેમની સાથે જ બંને નેતા ઈન્ડો-ફ્રાન્સ સ્ટેટેજિક પાર્ટનરશિપને આગામી લેવલ પર લઈ જવા વિશે ચર્ચા કરી હતી. મુલાકાત દરમિયાન મોદી અને મેક્રોને ગ્લોબલ મુદ્દા અને બાઈલેટરલ કો-ઓપરેશનની પણ ચર્ચા કરી હતી.

### મુંબઇ સેસન્સ...

ઘર બહાર જઈને હનુમાન ચાલીસાનું પઠન કરશે. તેનો વિરોધ કરતા શિવસેના કાર્યકર્તાઓએ રાણા પરિવારના ઘર બહાર પ્રદર્શન કર્યું હતું અને પોલીસમાં ફરિયાદ પણ કરી હતી. તે બાદ રાણા દંપત્તિની ધરપકડ કરવામાં આવી હતી અને તેમના વિરુદ્ધ રાજદ્રાહોનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

---

# વિશ્વમાં વર્ષે 38 કરોડ લોકો જંતુનાશકોના ઝેરની અસરથી બીમાર પડે છે

## કિટનાશક દવાઓના ઉત્પાદનમાં તગડો નફો મળે છે

ગુજરાત | વંદન

ખેતીમાં પાક ઉત્પાદન વધારવા માટે કિટનાશકોનો વપરાશ વધતો જાય છે. રોગ અને જીવાતથી પાકને થતું નુકસાન અટકાવવામાં ૩૮ કરોડ લોકો જંતુનાશકોના ધીમાં ઝેરની અસરથી બીમાર પડે છે જેમને ઉલટી, ઝાડા, ચક્કર અને ચેતાતંત્રને લગતી વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. હ્રદય ફેફસા અને કિડની પર ગંભીર અસર જોવા મળે છે.પીવાના પાણી અને સમગ્ર ફૂડ ચેઈનમાં કિટનાશકોનું ઝેર ભળી રહયું છે એમાં શંકાને સ્થાન નથી. કિટનાશકોના વપરાશમાં એશિયા,અમેરિકા કે આફ્રિકા એક પણ ખંડ પાછળ નથી.

મોટા ભાગના ખેડૂતો કે ખેત મજૂરો માસ્ક કે અન્ય સુરક્ષા વિના કિટનાશક દવાનો છંટકાવ કરતા રહે છે આથી દર વર્ષે ૧૧૦૦૦ થી વધુ ખેડૂતો કિટનાશક દવાનો ભોગ બને છે. આ આંકડામાં દવા પીને આત્મહત્યા કરતા ખેડૂતોનો સમાવેશ થતો નથી. કિટનાશકોનો ઉપયોગ ભલે ચોકકસ રોગ કે જીવાતને મારવામાં થતો હોય પરંતુ તેની સાથે ઉપયોગી છોડ, ઔષધિઓ અને પરાગનયનનું કામ કરતા મધમાખી જેવા કિટકો પણ ભોગ બને છે. કેળામાં ફૂલોનો રસ ચૂસતા પતંગિયાના પેટમાં સારા બેકટેરિયા ઘટી જવા માટે કિટનાશકો જવાબદાર હતા. કિટકો અને માણસના શરીરમાં બેકટેરિયા ખૂબજ મહત્વની ભૂમિકા નિભાવે છે.યૂરોપના દેશોમાં અનેક કિટનાશકો પર પ્રતિબંધ મુકવામાં આવે છે પરંતુ એ જ દેશની કંપનીઓ તગડા નફા માટે ભારત જેવા દેશમાં કિટનાશકો વેચી શકે છે. ભલે સજીવખેતીનો પ્રચારક કરવામાં આવતો હોય અને કિટનાશકોનો જોરશોરથી વિરોધ થતો હોય પરંતુ ૨૦૨૦માં કિટનાશી દવાઓ ઉત્પાદન કરતી ટોચની ૪ કંપનીઓના કારોબારમાં ૪ ટકા જેટલો વધારો થયો હતો. કુલ ૩૧ બિલિયન યૂરો ડોલરનું વેચાણ થયું હતું. કિટનાશક દવાઓના ઉત્પાદનમાં તગડો નફો મળે છે.

# ઓગસ્ટથી 5G સેવાનું લોન્ચીંગ, ટૂંક સમયમાં કંપનીઓ માટે સ્પેક્ટ્રમ લીલામી શરૂ કરાશે

## ■ રિલાયન્સ અને ભારતી એરટેલે ફિલ્ડમાં 5Gનું ટેસ્ટીંગ પૂરું કર્યું હવે ટેકનીકલ અપગ્રેડેશનની તૈયારી

ગુજરાત | વંદન

દેશમાં હવે 5-જીનો યુગ બહુ જલ્દી શરુ થઇ જશે અને ઓગસ્ટ માસ સુધીમાં 5-જી કનેકશનો મોબાઈલ કંપનીઓ આપવા લાગશે તેવા સંકેત છે. કેન્દ્રના ટેલિકોમ મીનીસ્ટર અશ્વિની વૈષ્ણવે ગત સપ્તાહે જણાવ્યું હતું કે ઓગસ્ટના અંત સુધીમાં કોઈપણ સમયે 5-જી ઈન્ટરનેટ સેવા લોંચ કરી દેવામાં આવશે અને આ માટે 15 ઓગસ્ટની તારીખ પસંદ કરાઈ તેવી શક્યતા છે.

આગામી માસથી જ 5-જી સ્ટ્રેક્મની લીલામી શરુ કરવામાં આવશે અને જૂનના અંત સુધીમાં કંપનીને સ્પેક્ટ્રમ સુપરત કરી દેવામાં આવશે. હાલ ટેલિકોમ વિભાગ



દ્વારા 5-જી સ્પેક્ટ્રમ માટેની કિમતો વગેરેની કાર્યવાહી ચાલુ છે અને અંદાજે સરકારને રૂા. 7.5 લાખ કરોડની આવક થઈ શકે છે. ટોચના સુત્રોના જણાવ્યા મુજબ ટેલિકોમ કંપનીઓનાં દબાણથી 5-જી સ્પેક્ટ્રમ માટે કિંમત થોડી ઘટાડાઈ શકે છે. અને કંપનીઓને 30 વર્ષ સુધીના લીઝ પર આ સેવાના સ્પેક્ટ્રમ અપાશે.

હાલમાં જ રિલાયન્સ જીઓ તથા ભારતી એરટેલ દ્વારા તેના 5-જી નેટવર્કનું ટેસ્ટીંગ શરુ કરાયું હતું અને તે સફળ રહ્યું છે. અને કંપનીઓ હવે તેના માટે પોતાના ટેકનીકલ ક્ષમતાને ખાસ કરીને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવા આ 5-જી મારફત મળે તો કંપનીઓને મોટો ફાયદો થશે.

સુત્રોનાં જણાવ્યા મુજબ 5-જી સેવા મોંઘી હશે. પરંતુ તેની સાથે 2-જી સેવા કે જે ટેલિકોમની બેઝીક સેવા ગણાય છે તે યથાવત રાખવાનો નિર્ણય પણ લેવાયો છે. 2-જી સેવામાં ઈન્ટરનેટ સેવા મળતી નથી ફક્ત કોલીંગ અને એસએમએસ જેવા ફીચર જ ઉપલબ્ધ રહે છે. પરંતુ જે રીતે દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં હજુ 2-જી સેવા અસરકારક છે તેથી સરકાર તે યથાવત રાખશે તેમ માનવામાં આવશે.

## બજારોનાં અંતરંગ

ગુજરાત | વંદન

### એપ્રિલમાં રેકોર્ડ રૂ 9.83 લાખ કરોડના UPI ટ્રાન્ઝેક્શન થયા

ભારતમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શન સતત નવા રેકોર્ડ બનાવી રહ્યુ છે. એપ્રિલમાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) થકી અત્યાર સુધીના સૌથી વધુ 5.58 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 9.83 લાખ કરોડની લેવડદેવડ થઇ છે. ગત માર્ચમાં પહેલી યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની સંખ્યા 5 અરબને સ્પર્શી હતી અમે માસિક ધોરણે એપ્રિલમાં ટ્રાન્ઝેક્શન વોલ્યૂમ 3.33 ટકા અને વેલ્યૂમાં 2.36 ટકાનો વધારો નોંધાયો છે. માર્ચમાં રૂ. 9.6 લાખ કરોડની રકમના 5.4 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન થયા હતા. તો ફેબ્રુઆરીમાં 4.52 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 8.26 લાખકરોડની ઓનલાઈન લેવડદેવડ થઇ હતી. વાર્ષિક ધોરણે એપ્રિલમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ 111 ટકા અને વેલ્યૂ 100 ટકા વધી છે. એપ્રિલ 2021માં 2.64 અબજ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 4.93 લાખ કરોડનું યુપીઆઇ પેમેન્ટ થયુ હતુ.

### ટાટા સ્ટીલ દ્વારા ઇક્વિટી શેરોનુ રૂપિયા 10માંથી ₹1માં વિભાજન

ભારતમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શન સતત નવા રેકોર્ડ બનાવી રહ્યુ છે. એપ્રિલમાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) થકી અત્યાર સુધીના સૌથી વધુ 5.58 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 9.83 લાખ કરોડની લેવડદેવડ થઇ છે. ગત માર્ચમાં પહેલી યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની સંખ્યા 5 અરબને સ્પર્શી હતી અમે માસિક ધોરણે એપ્રિલમાં ટ્રાન્ઝેક્શન વોલ્યૂમ 3.33 ટકા અને વેલ્યૂમાં 2.36 ટકાનો વધારો નોંધાયો છે. માર્ચમાં રૂ. 9.6 લાખ કરોડની રકમના 5.4 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન થયા હતા. તો ફેબ્રુઆરીમાં 4.52 અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 8.26 લાખકરોડની ઓનલાઈન લેવડદેવડ થઇ હતી. વાર્ષિક ધોરણે એપ્રિલમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ 111 ટકા અને વેલ્યૂ 100 ટકા વધી છે. એપ્રિલ 2021માં 2.64 અબજ ટ્રાન્ઝેક્શનમાં રૂ. 4.93 લાખ કરોડનું યુપીઆઇ પેમેન્ટ થયુ હતુ.

### અંબુજા સિમેન્ટને હસ્તગત કરવા માટે સંજીવ જિંદાલ દ્વારા બિલ રજૂ

દેશના સિમેન્ટ ઉદ્યોગની અગ્રણી કંપની અંબુજા સિમેન્ટમાંથી વિશ્વવિખ્યાત હોલસીલ નામની કંપનીએ નીકળી જવાનો નિર્ણય કર્યો છે. આને અનુલક્ષીને અંબુજા સિમેન્ટને ખરીદવા માટે બીડ માંગવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ વિશ્વની વિખ્યાત એપોલો ગ્લોબલ મેનેજમેન્ટ કે જે શ્રી સજ્જન જિંદાલની ગોપની કંપની જે.એસ.ડબલ્યુમાં લઘુતમ શેરહોલ્ડીંગ ધરાવે છે. આ વિદેશી ઈન્વેસ્ટરે સજ્જન જિંદાલને એક મિલિયન ડોલરની મદદ કરવાની ઓફર કરી છે અને તેનાથી પ્રાપ્ત થનાર નાણાકીય સાધનોનો ઉપયોગ અંબુજા સિમેન્ટ કંપનીને હસ્તગત કરવા માટે બીડ રજૂ કરવા માટે લેવાશે.

### પહેલીવાર રિટેઈલ રોકાણકારો માટે શનિવારે બિડિંગની છૂટ અપાઇ

દેશનો સૌથી મોટો આઈપીઓ બુધવારથી ખૂલી ગયો છે. સબસ્ક્રિપ્શનના પહેલા જ દિવસે LICએ જાહેરાત કરી છે કે શનિવારે પણ રિટેઈલ રોકાણકારો આઈપીઓ ભરી શકશે. આ આઈપીઓ 09 મે સુધી ખૂલ્લો રહેવાનો છે. ભારત સરકાર LICના 221.4 મિલિયન શેર 902-949 રુપિયાની પ્રાઈસ રેન્જમાં ઓફર કરી રહી છે, ટોચના ભાવથી ગણવામાં આવે તો આ આઈપીઓથી સરકારને 210 અબજ રુપિયા પ્રાપ્ત થશે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈશ્યૂ ખૂલ્યો તેના ગણતરીના સમયમાં જ તે 16 ટકા ભરાઈ ગયો હતો. જેમાં રિટેઈલ પોર્શન 23 ટકા, એમ્પ્લોઈ પોર્શન 36 ટકા, HNI પોર્શન 4 ટકા ભરાયા છે. LICના આઈપીઓની સાઈઝ જોતાં રિટેઈલ રોકાણકારો તેમાં બીડ કરવાથી વંચિત ના રહી જાય તે માટે શનિવારનો દિવસ તેમને એક્સ્ટ્રા આપવામાં આવ્યો છે. જેના કારણે સિસ્ટમ પર પ્રેશર પણ આવી શકે છે.

-વ્યવસાયી

## બેંક, ઓટો મોબાઈલ, આઈટી, મેટલ સહિતના તમામ શેરો તૂટ્યા: રોકાણકારોના 6.5 લાખ કરોડ રૂપિયા સ્વાહા

# વ્યાજ દર વધતા જ શેરબજાર ધડામ, સેન્સેકસમાં 1400 પોઈન્ટનો કડાકો

ગુજરાત | વંદન

મુંબઇ શેરબજારમાં મંદીનો ઝટકો લાગ્યો હતો. રીઝર્વ બેંકે વ્યાજદરમાં એકાએક તડકો વધારો જાહેર કરતા માર્કેટ મંદીમાં સપડાયું હતું અને સેન્સેક્સમાં 1450 પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. શેરબજારમાં શરૂઆતથી જ માનસ નબળુ હતું. વિશ્વ બજારોની મંદી તથા વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી ક્રુડના ભાવમાં વધારો સહિતના કારણો અસર કરતા હતા. બપોરે રીઝર્વ બેંક કોઇ નિવેદન જાહેર કરનાર હોવાનું જાહેર થતા માર્કેટ વધુ સાવચેત બની ગયું હતું ત્યારબાદ બપોરે 2 વાગ્યે રિઝર્વ બેંકે વ્યાજદરમાં 0.40 ટકાનો તડકો વધારો જાહેર કરતા માર્કેટમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. રોકાણકારોના 6.5 લાખ કરોડ રૂપિયા સાફ થઇ ગયા હતા.

અંતે બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સેચેન્જનો સેન્સેક્સ 1,306.96 પોઈન્ટ (2.29 ટકા) ના ઘટાડા સાથે 55,669.03ના સ્તર પર બંધ થયો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 391.50 પોઈન્ટ (2.29 ટકા) તૂટીને 16,677.60ના સ્તર પર બંધ થયું હતું.

મધ્ય અને નાના શેર નબળા પડ્યાં હતા નીફ્ટી મિડકેપમાં 1.78 ટકા અને સ્મોલ કેપમાં 1.88 ટકાનો ઘટાડો આવ્યો હતો. 15 સેક્ટરોના શેર લાલ નિશાન પર આવ્યાં હતા. કોઈ નિશ્ચિત શેરની વાત કરીએ તો એપોલો હોસ્પિટલના શેરમાં સૌથી વધારે ઘટાડો નોંધાયો હતો. એપોલો હોસ્પિટલના શેરમાં 6.43 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 4,027 પર ટ્રેડ કરી રહ્યો હતો. અદાણી પોર્ટ, બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ અને હિંદાલ્કાના શેરમાં પણ મોટો ઘટાડો આવ્યો હતો.




### સામાન્ય લોકોનું બજેટ બગડ્યું

રેપો રેટ વધવાના કારણે સામાન્ય લોકોને વધારે અસર થશે. પહેલેથી જ મોંઘવારીનો માર સહન કરતા સામાન્ય લોકોને હવે ઈએમઆઈ વધતા વધારાનો બોજ સહન કરવો પડશે. સેન્ટ્રલ બેન્કના આ નિર્ણય પછી હોમ લોન અને કાર લોન સહિત દરેક પ્રકારની લોન મોંઘી થશે, પરિણામે ઈએમઆઈની રકમ વધી જશે.

**આ ફેક્ટર્સને કારણે મોંઘવારી નિયંત્રણની બહાર** | આરબીઆઈએ એમપીસીની બેઠક પછી મીડિયાને સંબોધન કરતાં કહ્યું હતું કે માર્ચ 2022માં રિટેલ મોંઘવારી ઝડપથી વધીને 7 ટકાએ પહોંચી. ખાસ કરીને ખાવા-પીવાની ચીજોની મોંઘવારીને કારણે હેડલાઈન સીપીઆઈ ઈન્ફ્લેશન એટલે રિટેલ મોંઘવારી ઝડપથી વધી છે. આ સિવાય જિયોપોલિટિકલ ટેન્શને પણ મોંઘવારીને વધારી છે. ઉલ્લેખનીય છે કે રશિયા અને યુક્રેનની વચ્ચે છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધના કારણે ઘઉં સહિત ઘણાં અનાજોના ભાવ વધી ગયા છે. આ તણાવથી ગ્લોબલ સપ્લાય ચેન પર ખરાબ અસર પડી છે.

## સેબીએ LICના 4 મેના પબ્લિક ઈશ્યુના ભાડા માટે છૂટછાટો જાહેર

ગુજરાત | વંદન

કેન્દ્રનું નાણા મંત્રાલય એલ.આઈ.સી.ના સુચિત આઈ.પી.ઓ.ની બાબતમાં સેબી સાથે મહત્વપૂર્ણ વાટાઘાટો હાથ ધરી રહ્યું છે. મળતા નિર્દેશો મુજબ સેબી સમક્ષ એવી રજૂઆતો કરવામાં આવી છે. મિનિમમ પબ્લીક શેરહોલ્ડીંગના નિયમમાંથી એલ.આઈ.સી.ના આ આઈ.પી.ઓ.ને મુક્ત કરવું. રૂ. 1 લાખ કરોડના વેલ્યુએશન એટલે 25 ટકા પબ્લીક શેરહોલ્ડીંગનો હિસ્સો લિસ્ટીંગના 5 વર્ષ સુધી મુક્ત રહેશે.

સરકારે એલ.આઈ.સી.ની હસ્તકના શેરહોલ્ડરમાંથી 22.13 કરોડ શેરદીઠ રૂ. 902-949ના ઓફર પ્રાઈઝથી આઈ.પી.ઓ. દ્વારા 4મેના રોડ ખૂલશે અને આઈ.પી.ઓ.ના શેરોનું એલોટમેન્ટ થયા પછી 10મી મે ના રોજ તેનું લિસ્ટીંગ કરાશે.

એલ.આઈ.સી.ના આઈ.પી.ઓ. થકી સરકારને તેના શેરહોલ્ડીંગના વેચાણથી રૂ.21 હજાર કરોડની માતબર રકમ પ્રાપ્ત થશે. આ લિસ્ટીંગ પછી સરકાર એલ.આઈ.સી.ના બાકીના શેરહોલ્ડીંગનું એક વર્ષ સુધી ડિઈન્વેસ્ટમેન્ટ કરશે નહીં. સેબીના નિયમ પ્રમાણે જાહેર માલિકીની કંપની રૂ. 1 લાખ કરોડ એટલે કે 5 ટકાના હિસ્સો આઈ.પી.ઓ મારફતે વેચવાનું રહેશે. જેથી એલ.આઈ.સી.ને આ નિયમમાંથી મુક્તિ અપાઈ છે. મુડીબજારની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ છૂટછાટ અપાઈ છે.

## IDBIના બોર્ડના બે સરકારની ડાયરેક્ટરોની નિમણૂક કરાઈ

ગુજરાત | વંદન

આઈ.ડી.બી.આઈ. બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા કેન્દ્ર સરકારે નોમિની ડાયરેક્ટરોની નિમણૂક કરવાનો જાહેરાત કરી છે. મળતી માહિતી મુજબ બે નોમિની ડાયરેક્ટર તરીકે જેની નિમણૂક કરાઈ છે. તેમાં શ્રી મનુ શાહ કે જેઓ જોઈન્ટ સેક્રેટરી અને ફાઈનાન્સ એડવાઈઝર છે તેમજ નાણા ખાતાનાં ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સીયલ સર્વિસીના ડાયરેક્ટર તરીકે ડાયરેક્ટર્સની સુશીલ કુમાર સિંઘની નિમણૂંક કરાઈ છે.

આ ઈ.ડી.બી.આઈ.બેંકની ખાનગીકરણની સરકારી યોજના માટે સરકારે સક્રિયપણે રસ લીધો છે. અને તેને અનુલક્ષીને આ નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બે ડાયરેક્ટરો આઈ.ડી.બી.આઈ. બેંકની પ્રવર્તમાન મેનેજમેન્ટના કોઈ પણ પરોક્ષ કે અપરોક્ષ રીતે બોર્ડ ઓફ ડાયરેક્ટર સાથે કે લેણદારો સાથે કોઈ સંબંધ ધરાવતા નથી.

શ્રી સહાય 1994ની આઈ.એ.એન.એસ. ઓફિસર છે. જે હાલ કેન્દ્ર સરકારનું રેવન્યુ એક્સપેનટીચર અને ઈકોનોમિક એફર્સ સર્વિસિસની બાબતનું સંચાલન કરે છે. જ્યારે શ્રી સિંઘ સરકારની પ્રધાનમંત્રી ભવ્ય યોજના, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા અને માઈક્રો ઈન્શ્યોરન્સ સ્કીમ વિગેરે બાબતોની સાથે સંકળાયેલા છે.

## સેબી દ્વારા NSEના પૂર્વ CEO સામે બે કરોડનો દંડ કરાયો

ગુજરાત | વંદન

સિક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા - સેબી નેશનલ સ્ટોક એક્સચેન્જના ઓપરેટીંગ ભૂતપૂર્વ ઓફિસર શ્રી આનંદ સુબ્રમણીયમને 11મી ફેબ્રુઆરીથી નેશનલ સ્ટોક એક્સચેન્જની કાર્યવાહીમાંથી અલગ કરવામાં આવે છે અને તેની સામે પગલા ભરવાની રૂએ રૂ. 2 કરોડની પેનલ્ટી શ્રી સુબ્રમણીયમ પર લાદવામાં આવી છે. આ રૂ. 2 કરોડની રકમ 15 દિવસમાં દંડના સ્વરૂપે જમા કરવાની રહેશે અને જો જમા ન થાય તો તેમની મિલકતો ઉપર એટેચમેન્ટ અને રજની પ્રક્રિયા હાથ ધરી દંડની રકમ વસૂલવામાં આવશે. આ માટે સી.બી.આઈ.એ રીસિવરની નિમણૂક કરવાની કાર્યવાહી હાથ ધરી છે. સીબીઆઈએ એન.એ.સી.ના ચીફ સુ.શ્રી ચિત્રા રામક્રિષ્ન કે જે આનંદ સુબ્રમણીના સ્કેન્ડલમાં જોડાયેલા હોવાની ફરિયાદ મળી છે તેને અનુલક્ષીને પણ કાર્યવાહી હાથ ધરાઈ છે.

એનફોર્સમેન્ટ ડાયરેક્ટરની ઓફિસ દ્વારા એન.એસ.સી.ના મનીલોડરીંગના કહેવાતા કિસ્સાની બાબતમાં એન.એસ.સી. થયેલી ગેરરીતિના સંબંધમાં વિવિધ સ્થળે દરોડા પાડવામાં આવ્યા છે. દિલ્હી અને ગુડગાંવ ખાતેના સ્થળોએ જવાબદાર વ્યક્તિઓના રહેઠાણો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સી.બી.આઈ. દ્વારા એન.એ.સી.ના ભૂતપૂર્વ મેનેજીંગ

## રૂ. 1.62 લાખ કરોડના નાણાકીય સાધનો પ્રાપ્ત કરવા સરકારી જાહેર સાહસોનું મોનિટાઈઝેશન

ગુજરાત | વંદન

ચાલું નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન કેન્દ્ર સરકાર 1.62 લાખ કરોડના નાણાકીય સાધનો પ્રાપ્ત કરવા માટે સરકારી માલિકીના જાહેર સાહસો જેમાં કે પાવર લાઈન્સ રોડવેજ રેલવે આ ઉપરાંત અન્ય સાહસો કે જેમાં સરકારની મૂડીનો હિસ્સો છે. તેનું મોનોટાઈઝેશન કરવા માટે સરકારના 12 મંત્રાલયો સાથે આ સંબંધમાં સઘનપૂર્ણ વિચારણા કરાઈ રહી છે.

4 મે ના રોજ ખુલનારા એલ.આઈ.સી.ના મેધા આઈ.પી.ઓ.ને રીટેલ તેમજ સંસ્થાકીય ઈન્વેસ્ટરો તરફથી તેઓ પ્રતિસાદ સાંકળે છે. તે પરિબળો નાણાં મંત્રાલય માટે નાણાકીય સાધનો પ્રાપ્ત કરવાની યોજનાનો રોડમેપ તૈયાર થશે.

આ સંબંધમાં પેટ્રોલિયમ અને નેચરલ ગેસ, ટેલિકોમ્યુનિકેશન, રેલવે, ફોર્સ, સિવિલ એવિએશન પાવર, કોલ માઈલ્સ, રોડ ટ્રાન્સપોર્ટ, હાઈવેઝ, ટૂરીઝમ, સ્પોર્ટ્સ અને પબ્લીક ડિસ્ટ્રીબ્યુશનના મંત્રાલયો સાથે ચર્ચા-વિચારણા ચાલી રહી છે.

કેબિનેટ સેક્રેટરી દ્વારા આ બાબતની આવેદન કરાયેલ છે. તેમાં નાણા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. અગ્રીમ તબક્કે જાહેર ક્ષેત્રના સાહસોની એસેટ (એક્સામતો)નું મોનીટાઈઝેશન સરકાર સક્રિયપણે કાર્યવાહી હાથ ધરનાર છે. દરેક કેન્દ્ર મંત્રાલયોના સેક્રેટરીઓને સહવિસ્તારપણે મોનિટાઈઝેશન માટેનો રોડમેપ તૈયાર કરવા માટે જાણ કરવામાં આવી છે. નાણા મંત્રાલયની રાજપોષીય આવક વધારવા અગાઉ રૂ.88,190 કરોડનો 2022ના વર્ષ માટેનો લક્ષ્ય હતો. તેની તુલનામાં સરકાર હવે 96 હજાર કરોડની જાહેર ક્ષેત્રની એસેસ્ટસનો મોનિટાઈઝેશન કરવાના આવેદન કરી રહી છે.

સરકારની આ મોનિટાઈઝેશનની યોજનાને સફળ બનાવવા માટે કૂલ એન્ડ માઈડનીંગ હાઈવેઝ મંત્રાલય દ્વારા સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ વેરહાઉસીંગ અને રેલવે મંત્રાલય દ્વારા આ સંબંધમાં પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી. આથી નવેસરથી આ બાબતમાં પ્રયાસો હાથ ધરવા જણાવાયું છે.

## અબુધાબી કેમિકલ્સ ડેરીવેટીઝ સાથે રિલાયન્સ સંયુક્ત સાહસ સ્થાપશે

ગુજરાત | વંદન

તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમિટેડ દ્વારા અબુધાભી કેમિકલ્સ એરીવેટીઝ નામની પેટા કંપની આર.એસ.લીમિટેડ (તોતીઝ) સાથે નવા કરારમાં સહી સિક્કા કરાયા છે. અબુદાબી નેશનલ ઓઈલ કંપની અબુદાબીમાં આવેલી છે અને તોતીઝ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં વિશ્વસ્તરનું કેમિકલ ઝોન ધરાવે છે. આ કંપની ઈડીસી, પીવીસીનું સંયુક્ત સાહસ બે મિલિયન ડોલરના રોકાણથી સ્થાપનાર છે. આ ઉપરાંત ક્લોર, આલ્કાઈન, ઈથીલીન ડીક્લોરાઈડ અને પોલીવિનિયર રાઈડ્સના ઉત્પાદનની સુવિધા સ્થાપવામાં આવશે. આનો ઉપયોગ યુએઈના ઉત્પાદન કરવામાં આવનારા રિલાયન્સ ગ્રુપના પ્લાન્ટોમાં કરાશે. શ્રી મુકેશ અંબાણીએ સંયુક્ત સાહસના સ્થળોની મુલાકાત લીધી અને સંયુક્ત સાહસના દસ્તાવેજો ઉપર સહી સિક્કા કર્યા હતા.

## IDBI બેંકની સરકાર અને એલઆઇસી હસ્તકના ઇક્વિટી શેરનું વેચાણ કરાશે

ગુજરાત | વંદન

આઈ.ડી.બી.આઈ બેંકની ઈક્વિટી શેરની મૂડીના હિસ્સામાં ભારત સરકાર 45.48 ટકાનું અને એલ.આઈ.સી. 49.24 ટકાનું શેરહોલ્ડીંગ ધરાવે છે. આ આઈ.ડી.બી.આઈ. બેંકને વેચવા માટે દેશના તેમજ વિદેશોના સંસ્થાકીય ઈન્વેસ્ટરો સમક્ષ રોડ શોનું આયોજન વિચારાયું છે.

મળતી માહિતી મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ), આઈ.ડી.બી.આઈ. દ્વારા તાત્કાલિક ધોરણે હાથ ધરવા ભલામણ કરાઈ છે. આ બેંકની રૂ.47,500 કરોડના શેરહોલ્ડીંગના હિસ્સાને વેચવા માટે તાજેતરમાં સક્રિયપણે નિર્ણય લેવાયો છે. સરકાર ઉપરાંત જાહેર ક્ષેત્રની બીજી બેંકનું ખાનગીકરણ કરવા સક્રિયપણે વિચારી રહી છે.

IDBI બેંકના ખાનકીકરણની પ્રક્રિયા માટે લીડમાં આવનાર છે. તેમાંથી બીડની સિક્રુતી પ્રાપ્ત થયા પછી આઈ.ડી.બી.આઈ બેંકના ખાનગીકરણનું ભાવિ નક્કી થશે.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ એની બે પેટા કંપની મેગાઈસ્યુ આઈ.પી.ઓ. ઈશ્યુ લાવશે

ગુજરાત | વંદન

વૈશ્વિક ઓદ્યોગિક ક્ષેત્ર મહત્વપૂર્ણ ખ્યાતિ હાંસલ કરનાર દેશના અગ્રણી ઔદ્યોગિક સાહસિક શ્રી મુકેશ અબાંણીનું રિલાયન્સની પ્રગતિ ઉત્કૃષ્ટ પ્રકારની રહેવા પામી છે.

મુકેશ અંબાણીની પેટાકંપની રિલાયન્સ રિટેઈલ વેન્ચર (RRVL) અને રીલાયન્સ જિઓ પ્લેટફોર્મ (RJPL) નામની આ બે કંપનીઓના મહત્વપૂર્ણના તડાપાર તૈયારીઓ કરાવાઈ છે. આ બે કંપનીઓના પ્રમોટર હસ્તકનું શેરહોલ્ડીંગનું 10 ટકા હિસ્સો આઈ.પી.ઓ. મારફતે ઓફર કરવા આયોજન કરવાનું વિચારી રહ્યો છે. આ બે કંપનીઓના આઈ.પી.ઓ. દ્વારા રિલાયન્સ ગ્રુપ અનુક્રમે 50 હજાર અને 75 કરોડના નાણાકીય સાધનો આઈ.પી.ઓના મેધા ઈશ્યુથી ઊભા કરશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વાર્ષિક સામાન્ય સભામાં આ બે સુચિત કંપનીઓના આઈ.પી.ઓ.ને લાવવાની જાહેરાત કરાશે તેમ જાણવા મળ્યું છે. દેશના ઈન્વેસ્ટરોને શેરો ઓફર કરવા ઉપરાંત આ બંને કંપનીઓ વિદેશોના શેરબજારમાં પણ તેના શેરોનું લિસ્ટીંગ કરવા વિચારી રહી છે.

# તાતા ગ્રુપની તાતા મોટર્સ દ્વારા દેશમાં સેમી કન્ડક્ટર ચીપ્સ અને ઇલેક્ટ્રીક બેટરીનું ઉત્પાદન કરાશે

ગુજરાત | વંદન

વિશ્વવિખ્યાત અને ભારતની અગ્રગણ્ય ઔદ્યોગિક ગૃહ તાતા ગ્રુપ દ્વારા વૈવિધ્યકરણની પ્રવૃત્તિઓ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તાતા ગ્રુપની માતૃસંસ્થા તાતા સન્સ પ્રા.લી.ના ચેરમેન શ્રી ચંદ્રશેખર દ્વારા ગ્રુપની વિકાસ યોજનાની માહિતી આપતા દર્શાવાયું હતું કે તાતા ગ્રુપની કંપનીઓએ કોપીથી માંડી કાર (ઓટોમોબાઈલ)ના ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે આ ગ્રુપ હવે સેમી કન્ડક્ટર ચીફનું અને ઈલેક્ટ્રીક બેટરીનું ઉત્પાદન હાથ ધરવા મહત્વકાંક્ષી યોજનામાં આગળ ધપી રહ્યું છે. તાતા મોટર્સ કે જે આ ગ્રુપની સૌથી વધુ વિકાસ પામેલી કંપની છે. તે સેલ અને બેટરીના ઉત્પાદન માટે ભારત અને યુરોપમાં ઉત્પાદન સુવિધા સ્થાપાશે.

103 મિલિયન ડોલરથી સંપન્ન થયેલું આ ગ્રુપ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતને સેમી કન્ડક્ટરના ઉત્પાદન ક્ષેત્ર સ્વાવલંબન પ્રાપ્ત કરવાની નીતિને અનુસરશે. સેમી કન્ડક્ટરની આયાતને બદલે સ્વાવલંબન પ્રાપ્ત કરવાની યોજાનાથી દેશના ઓટોમોબાઈલ ઉપરાંત સંખ્યાબંધ ઉદ્યોગોને સેમી કન્ડક્ટર ચીફસની અછત વર્તાય છે. તેની પહોંચી વળવા માટે સેમી કન્ડક્ટર ચીફ્સના પ્લાન્ટો ભારતમાં સ્થાપવા વિશ્વની વિખ્યાત કંપનીઓ સાથે સંયુક્ત કરાર કરવામાં આવશે. આ વિદેશી કંપનીઓની બાબતમાં ઈન્ટેલ કોર્પોરેશન અને તાઈવાન સેમી કન્ડક્ટર નામની કંપની સાથે સંયુક્ત સાહસ સ્થાપવાની યોજના વિચારાઈ છે.

હકીકતમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ હાલના તબક્કે સેમી કન્ડક્ટરની ચીફ્સની તીવ્ર અછતનો સામનો કરી રહી છે. આ માટેનું કારણ ચીનમાં કોરોના વાયરસને કારણે લોકડાઈન જાહેર થતા ઉત્પાદન સ્થગિત થઈ જતા તે દેશમાંથી તેની નિકાસ પ્રાપ્ત થતી નથી. અને પૂર્વઠાની પરિસ્થિતિ વણસવા પામી છે. આ સેમી કન્ડક્ટર ચીફની અછતના કારણે પ્રતિકુળ સંજોગોનો સામનો કરવો પડે છે.

તાતા મોટર્સના પેસેન્જર મોટર્સના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી શૈલેષ ચંદ્રના જણાવ્યા મુજબ ચીનના લોકડાઉના પગલાંથી સેમી કન્ડક્ટર ચીફ્સનો પૂર્વઠો પ્રાપ્ત થતો નથી. આ સંજોગોમાં સેમી કન્ડક્ટર ચીપ્સના વિકલ્પને શોધવા માટેનું પણ આયોજન કરાયું છે.

તાતા મોટર્સને ગેસલાઈન મોડલો બનાવે છે તે હવે ઈલેક્ટ્રીક વ્હીકલ્સનો ઉત્પાદન વાળશે. હાલ તાતા મોટર્સ પાસે ઈલેક્ટ્રીક વ્હીકલ્સના એટલા બધા ઓર્ડરો પેન્ડીંગ છે કે જેનું વેઈટીંગ લિસ્ટ 6 મહિનાનું બન્યું છે. આ ઉપરાંત ઈન્ટરનલ કન્ડક્ટશન એન્જીનના કારો માટે વેઈટીંગ લિસ્ટ 4 મહિનાનું થવા પામ્યું છે.

## કોલસાના પૂરવઠાની પરિસ્થિતિ સુધારવા માટે કોલ ઈન્ડિયા દ્વારા હાથ ધરાયા પ્રયાસો

ગુજરાત | વંદન



દેશના વિવિધ ઉપયોગ માટે ઉર્જાના સાધનો માટે વપરાતા કોલસાના પૂર્વઠાની ખેંચને પહોંચી વળવા માટે સઘન પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. એપ્રિલ મહિનામાં કોલસાના ઉત્પાદન માટે ખાણોમાંથી કોલસાને બહાર કાઢવા માટે સઘન પ્રયાસો કરતા 27 ટકાની ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત થઈ શકી છે. 28 એપ્રિલ 2022 સુધીમાં ઓલઈન્ડિયાએ 49.6 બિલિયન ટન કોલસાનું ઉત્પાદન હાથ ધર્યું છે અને બાકીના દિવસોમાં ક્ષમતાનું વધુ ઉપયોગ કરીને એપ્રિલ મહિનાના અંત સુધીમાં 53 મિલિયન ટન ઉત્પાદન થવા પામ્યું છે જે ગયા વર્ષે 41.9 મિલિયન ટનનું આ સમયગાળા દરમિયાન હાથ ધર્યું હતું.

પાવર સોટેજની પરિસ્થિતિ ઊભી થવા માટે કોલસાનો વીજમથકો પાસે પૂરવઠો ઘટી રહ્યો છે. તે કારણભૂત પરિબળ છે. આ તીવ્ર અછતની પરિસ્થિતિને કારણે પાવર પ્લાન્ટોનું પાવરનું ઉત્પાદન ઘટવાથી સંખ્યાબંધ રાજ્યોમાં વિજળીની અછતની પરિસ્થિતિ અનુભવાય છે. 28મી એપ્રિલ સુધીમાં ઓલઈન્ડિયાએ 53.6 મિલિયન ટન કોલસો પૂરો પાડ્યો છે. તે રૂ. 14,834 કરોડનો ખર્ચ કેપિટલ એક્સપેનટીચર કરાયો છે. છેલ્લા નાણાકીય વર્ષમાં 62.5 ટન કોલસાનું ઉત્પાદન કર્યું હશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# વારંવાર લાગી રહી છે તરસ, ક્યાંક આ ખતરનાક બીમારીનો સંકેત તો નથીને? થઈ જાવ એલર્ટ



ભારતમાં અત્યારે ઉનાળાની ઋતુ ચાલી રહી છે અને આ સમય દરમિયાન શરીર ઝડપથી ડીહાઈડ્રેટ થઈ જાય છે, જેના કારણે આપણને તરસ લાગે છે, પરંતુ નિયમિત સમયાંતરે પાણી પીધા પછી પણ જો તમને વારંવાર તરસ લાગે છે તો તે કોઈ ગંભીર બીમારીનો ઈશારો હોઈ શકે છે. તેને અવગણવું એ પોતાને નુકસાન પહોંચાડવા સમાન છે.

**અતિશય તરસ લાગે છે?** | વધુ પડતી તરસ લગવા પર ડોક્ટરો ડાયાબિટીસનો ટેસ્ટ કરાવવાની ભલામણ કરે છે કારણ કે તે ડાયાબિટીસનું સામાન્ય લક્ષણ છે, પરંતુ જો બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં છે તો તે આંતરડાનું કેન્સર હોઈ શકે છે.

**આંતરડાના કેન્સરને ઓળખો** | આંતરડાનું કેન્સર ધીમે-ધીમે શરીરને નુકસાન પહોંચાડે છે અને તેના લક્ષણો બહુ જલદી દેખાતા નથી, પરંતુ તેની ચેતવણીના સંકેતને ઓળખીને જોખમને ટાળી શકાય છે. જો તમારા શરીરમાં કેટલાક વિચિત્ર લક્ષણો દેખાવા લાગે તો તરત જ ડોક્ટરનો સંપર્ક કરો.

### આંતરડાના કેન્સરના લક્ષણ

- વારંવાર તરસ લાગવી
- પેટમાં દુખાવો અને પેટનું ફૂલવું
- શરીરમાં બેચેની
- સ્ટૂલમાં લોહી આવવું
- કબજિયાત થવી
- વારંવાર પેશાબ આવવો
- યુરિનમાં બ્લડ આવવું

### આંતરડાના કેન્સરનું મોટું કારણ

- રેડ અને પ્રોસેસ્ડ મીટ ખાવું
- લો ફાઈબર ડાઈટ લેવું
- જેનેટિક કારણ
- વધતી ઉંમરની અસર
- દારૂનું સેવન

# કેળામાં ક્યારેય કેમ નથી પડતી જીવાત? જાણો આ ફળના ફાયદા-નુકસાન

દરે વર્ષે એપ્રિલ મહિનાના ત્રીજા બુધવારે વિશ્વ બનાના દિવસ મનાવવામાં આવે છે. આ વર્ષે 20 એપ્રિલ એટલે મહિનાનો ત્રીજો બુધવાર હોવાથી વિશ્વ બનાના દિવસની ઉજવણી કરવામાં આવી. પરંતુ આજે કેળા સાથે જોડાયેલી કેટલીક રોચક વાતો તમારે જાણવી ખુબ જ જરૂરી છે.



**કેળામાં જીવાત કેમ નથી પડતી?** | કેળાની સૌથી મોટી ખાસિયત છે કે તેમાં ક્યારેય જીવાત નથી પડતી. કેળામાં સાયનાઈટ નામનું રાસાયણિક તત્વ હોય છે. જેના કારણે કેળામાં જીવાત ક્યારેય પડતી નથી. તો કેળામાંથી મળથા પોટેશિયમ, વિટામિન બી6, વિટામિન સી અને વિવિધ એન્ટીઓક્સીડેન્ટ્સ આપણા શરીરને ફિટ રાખે છે.

**ક્યાંથી થઈ કેળાની ઉત્પતિ** | કેળા વિશ્વનું સૌથી જૂનું ફળ મનાય છે. એવું કહેવાય છે કે કેળાની ઉત્પતિ દક્ષિણ પૂર્વ એશિયાના મલેશિયા, ઈંડોનેશિયા અને ફિલિપિન્સના જંગલોમાં થઈ હતી. આજે પણ આ દેશોમાં અનેક પ્રકારની કેળાની જાત જોવા મળે છે. આ જાતમાંથી કેટલી ખુબ જ સ્વાદિષ્ટ હોય છે. તો કેળાનું અંગ્રેજી નામ બનાના આપવાનો ગૌરવ આફ્રિકાને મળ્યું છે. તો હિન્દિ શબ્દ કેળા અરબી શબ્દ ઉંગલી પરથી પડ્યું છે.

**1 હજારથી વધુ જાત છે કેળાની** | દુનિયાભરમાં કેળાની 1 હજારથી વધુ પ્રજાતિઓ જોવા મળે છે. જેના 50-50 જાતિના સમૂહ બનાવી શકાય છે. આ પ્રજાતિઓમાં કેટલીક મીઠી હોય છે. જેમાં ખાસ કરીને કૈવેન્ડિશ કિસ્મ જે સૌથી વધુ પસંદ કરવામાં આવતી જાત છે. જેનું નામ મૂસા કૈવેન્ડિશીના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ જાતને સૌથી પહેલાં 1830માં યૂકેના ચૈટ્સવર્ષ હાઉસમાં ઉગાડવામાં આવી હતી.

**ભારતમાં કેળાની કેટલી સ્વાદિષ્ટ જાત છે** | ભારતમાં લગભગ 33 જેટલી વેરાયટીઓ જોવા મળે છે. જેમાંથી માત્ર 12 પ્રકારના કેળા એવા હોય છે જે સ્વાદિષ્ટ હોય છે. જેમાં એલાયચી અને યેલક્કી કેળાનો સમાવેશ થાય છે. નાના કદના આ કેળા ખાવામાં ખુબ મીઠા અને પૌષ્ટીક હોય છે. તો નાના કદના Rasthali કેળા દક્ષિણ ભારત, બિહાર, ઝારખંડમાં ઉગાડવામાં આવે છે. આ સિવાય પણ પૂવન, ભિન્ડી કેળા, ભીમ કોલ, નંદન, થેલા, ચક્કરકેલી અને કર્પુરવલ્લી જેવી કેળાની જાત ખાવામાં મીઠી હોય છે.

**ડાયબિટીસમાં કેળા આપે છે રાહત** | ડાયબિટીસના દર્દીઓ માટે લીલા રંગના કેળા ખાવા વધુ હિતાવહ હોય છે. કેમ કે પાકેલા પીળા રંગના કેળાની સામે લીલા રંગના કાચા કેળામાં જીઆઈ ઓછું હોય છે. પાકા કેળા ખાઓ અને તમારા શરીરનું પોટેશિયમ લેવલ ઓછું હશે તો તમારા શરીરમાં ઓછું ઈંસુલિન બનશે. જેનાથી તમારું બ્લડ શુગર વધી શકે છે.

**કેળાના નકારાત્મ પ્રભાવ શું છે?** | મોટા ભાગે કેળાની આડઅસર બહુ ઓછી હોય છે. જો કે કેટલાક કિસ્સામાં કેળા ખાવાથી પેટનું ફૂલવું, ગેસ, ખેંચાણ, નરમ મળ, ઉબકા અને ઉલટી થઈ શકે છે. મોટી માત્રામાં કેળા ખાવાથી લોહીમાં પોટેશિયમનું સ્તર વધી શકે છે. તો કેટલાક કિસ્સામાં કેળા ખાવાથી એલર્જીની ફરિયાદ પણ રહેતી હોય છે.

**શું આપણે રોજ કેળા ખાવા જોઈએ?** | જો તમને અનુકળ આવે તો કેળા રોજ ખાઈ શકાય છે. કેળા ખાવાથી વજનને વધારવામાં અને પોષક તત્વોની ઉણપને પૂર્ણ કરવામાં મદદ મળે છે. તમે દરરોજ 1 કે 2 કેળાનું સેવન કરી શકો છો. પરંતુ કેટલાક લોકોની શરીરની સ્થિતિ મુજબ કેળા નુકસાન કરતા હોય તો ખાવાનું ટાળવું જોઈએ.

**રાત્રે કેળા ખાવા કેટલા યોગ્ય?** | આયુર્વેદમાં જણાવ્યા મુજબ કેળા ખાધા બાદ તરત ઊંઘી જવું હિતાવહ નથી. કેળા ખાઈને તરત ઊંઘવાથી તે લાળ પેદા કરી શકે છે. આ લાળના કારણે સૂવામાં તમારું ગળું બ્લોક થઈ શકે છે. કેળા ભારે ફળ હોવાથી તેને પચાવવામાં શરીરને સમય લાગે છે. આનું કારણ એ છે કે આપણું મેટાબોલિઝમ રાત્રે સૌથી ઓછું હોય છે.

**શું કેળા ખાલી પેટ ખાઈ શકાય?** | કેળાને સુપર-ફૂડ તરીકે ઓળખવામાં આવે છે. ભારે ફળ હોવાથી ભૂખ સંતોસવી અને પાચન તંત્ર માટે કેળા સારા માનવામાં આવે છે. કેળામાં મોટી માત્રામાં મેગ્નેશિયમ અને પોટેશિયમ હોય છે. જેથી ખાલી પેટે કેળા ખાવાથી આપણા લોહીમાં મેગ્નેશિયમ અને પોટેશિયમનું સ્તર સંતુલિત થઈ શકે છે.

# દહીં સાથે ન ખાતાં ડુંગળી નહીં તો થશે એસિડિટી, દાદર અને ખુજલીની સમસ્યા, દહીં સાથે શું ન ખાવુ?



રોજ દહીં ખાવાથી સ્વાસ્થ્યને અનેક ફાયદાઓ થાય છે. દહીંમાં રહેલાં તત્વો અપચો, ગેસ, કબજિયાત જેવી સમસ્યાઓમાં ફાયદાકારક હોય છે. પણ દહીં સાથે કેટલીક વસ્તુઓ ખાવાનું અવોઈડ કરવું જોઈએ, કારણ કે તેનાથી દહીંના ફાયદા મળતાં નથી અને નુકસાન થાય છે. દહીં ખાઈને કેટલીક વસ્તુઓ ખાવાથી બોડીમાંથી ટોક્સિન્સ વધવા લાગે છે. જેના કારણે પેટમાં ગરબડ, ઊલટી, ગભરામણ જેવી સમસ્યા થાય છે. આયુર્વેદિક એક્સપર્ટ દુર્ગા કહે છે કે દહીં હેલ્થ માટે અત્યંત લાભકારી છે કારણ કે તેમાં પ્રોબાયોટિક બેક્ટેરિયા, કેલ્શિયમ અને લેક્ટિક એસિડ હોય છે. જો તમે યોગ્ય રીતે દહીં ખાઓ તો ડાઈજેશન સુધારવા માટે તે બેસ્ટ છે. આજે અમે તમને 3 એવી વસ્તુઓ વિશે જણાવીશું જેને દહીં ખાઈને તરત ક્યારેય ન ખાવી. તો જાણી લો તમે પણ.

**દહીંની સાથે ડુંગળી** | દહીંની સાથે ભૂલથી પણ ડુંગળી ન ખાવી જોઈએ. નહીં તો તેનાથી એસિડિટીની સમસ્યા થઈ શકે છે અને હેલ્થને પણ નુકસાન થઈ શકે છે. દહીં સાથે અથવા દહીં ખાધા બાદ ડુંગળી ખાવાથી દાદર, એક્ઝિમા, ખુજલી, સોરાયસિસ જેવી સ્કિન સંબંધી સમસ્યાઓ અને પેટ સંબંધી સમસ્યાઓ થઈ શકે છે.

**દહીં ખાધા બાદ ક્યારેય દૂધ ન પીવું** | દૂધ અને દહીં બંને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. તેમાંથી બોડીને પ્રોટીન સહિત ઘણાં ન્યૂટ્રિઅન્ટ્સ મળી રહે છે. પણ દહીં ખાધા બાદ દૂધ ન પીવું જોઈએ નહીં તો તે નુકસાન કરી શકે છે. દહીં ખાધા પહેલાં કે પછી ક્યારેય દૂધ ન પીવું નહીં તો સ્કિન ખરાબ થઈ શકે છે અને સ્કિનની સમસ્યાઓ થઈ શકે છે.

**દહીં સાથે અથવા પછી ફિશ ન ખાવી** | દહીંની તાસીર ઠંડી હોય છે. જેથી દહીં સાથે ભૂલથી પણ ગરમ વસ્તુઓ ન ખાવી જોઈએ. દહીંની સાથે ફિશ અને અડદની દાળ પણ ન ખાવી જોઈએ. નહીં પેટ સંબંધી ઘણી સમસ્યાઓ વધી શકે છે. ફિશ ખાધા બાદ ક્યારેય દહીં કે તેમાંથી બનેલી વસ્તુઓ ન ખાવી, નહીં તો સ્કિન પર સફેદ ડાઘ થઈ શકે છે.

# સુકા ફૂલ મંદિરમાં રાખવાથી તણાવનું વાતાવરણ બને છે, ઘરમાં નકારાત્મક ઉર્જા આવે છે

વાસ્તુશાસ્ત્રમાં ઘણી એવી વાતો કહેવામાં આવી છે, જે ઘરની નકારાત્મક ઉર્જાનો નાશ કરે છે અને સકારાત્મકતા ફેલાવે છે. વાસ્તુશાસ્ત્રમાં પૂજામાં ઉપયોગમાં લેવાતા ફૂલો વિશે પણ એવું જ કહેવામાં આવ્યું છે. પૂજામાં ઉપયોગમાં લેવાતા ફૂલો થોડા સમય અને દિવસો પછી સુકાઈ જાય છે, પરંતુ લોકો તેને ત્યાં રાખે છે. વાસ્તુ નિષ્ણાતો કહે છે કે ઘરમાં સૂકા ફૂલ ક્યારેય ન રાખવા જોઈએ. તેના બદલે ઘરમાં તાજા ફૂલોનો ઉપયોગ કરો. ઘરમાં તાજા ફૂલ રાખવાથી સકારાત્મક ઉર્જા આવે છે. ચાઈનીઝ વાસ્તુશાસ્ત્રમાં તેને યાંગ એનર્જી તરીકે ઓળખવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જ્યાં



તાજા ફૂલો રહે છે, તેઓ પોતાની ઉર્જાથી અન્ય જીવોને ભીંજવે છે, પરંતુ જ્યારે આ ફૂલો સુકાઈ જાય છે, ત્યારે તે ઘરને નકારાત્મકતાથી ભરી દે છે. માણસ તેની આસપાસ રહેવાથી તેની શક્તિ ગુમાવવાનો અનુભવ કરે છે. કહેવાય છે કે જો કોઈ વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું ન હોય તો તેના રૂમમાં તાજા ફૂલ રાખો. આ રામબાણ સાબિત થાય છે. પરંતુ આ ફૂલો સુકાઈ જાય છે અને કોઈ ઝેરથી ઓછા નથી રહેતા.

# ચહેરા પરના ખીલથી લઈને વજન ઘટાડવા સુધી, આદુનું પાણી અનેક સમસ્યાઓનો ઉકેલ છે



ભારતમાં લગભગ દરેક ઘરમાં આદુનો ઉપયોગ થાય છે. કેટલાક તેનો ઉપયોગ મસાલા તરીકે કરે છે તો કેટલાક ગાર્નિશિંગ માટે. તે તેની સુગંધ અને તાજગીભર્યા સ્વાદને કારણે દરેકને પસંદ આવે છે. ચા હોય કે કોઈપણ શાક, થોડું આદુ નાખતા જ તેનો સ્વાદ બમણો થઈ જાય છે. પરંતુ આદુ માત્ર સ્વાદ વધારવા માટે જ ઉપયોગી નથી, પરંતુ તે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. આદુ એન્ટી-ફંગલ, એન્ટી-બેક્ટેરિયલ, એન્ટિ-વાયરલ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણોથી ભરપૂર છે જે શરીરને ઘણા રોગો અને ચેપ સામે લડવામાં મદદ કરે છે. ચા સિવાય પાણીમાં આદુ નાખીને પીવાથી પણ ઘણા ફાયદા થાય છે. ચહેરા પરના ખીલથી લઈને વજન ઘટાડવામાં આદુ મદદરુપ છે. એટલે આદુનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે બહુજરુરી કહેવાયા છે.

# ફ્લાવર જેવા દેખાતા આ શાકના છે જબરદસ્ત ફાયદાઓ, અનેક રોગમાં આપે છે રાહત

બ્રોકલી સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. દેખાવમાં આ શાક ફ્લાવર જેવું જ દેખાય છે. પરંતુ તેનો રંગ પણ લીલો હોય છે. તેમાં પ્રોટીન, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેડ, આયરન, વિટામિન એ, સી અને ઘણા બીજા પોષક તત્વો ભરપુર માત્રામાં હોય છે. જો તમે નિયમિત રૂપથી પોતાના ડાયટમાં બ્રોકલીને શામેલ કરશો તો નિશ્ચિત રૂપથી તમને ખૂબ જ ફાયદો મળશે. આવો જાણીએ બ્રોકલીના અન્ય ફાયદા.



**1 એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણથી ભરપુર** | બ્રોકલી એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણધર્મો આંતરડા અને મગજને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આવી સ્થિતિમાં, જો તમે લીલા શાક ખાવાના શોખીન છો, તો તમે તમારા આહારમાં બ્રોકલી સ્પ્રાઉટ્સનો સમાવેશ કરી શકો છો.

**2 બ્રોકલી સ્પ્રાઉટ્સ સલ્ફોરાફેનથી છે ભરપુર** | બ્રોકલી સ્પ્રાઉટ્સમાં સલ્ફોરાફેન વધુ માત્રામાં હોય છે. તે તેના એન્ટી કેન્સર અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણધર્મો માટે જાણીતું છે. એવું માનવામાં આવે છે કે બ્રોકલી સ્પ્રાઉટ્સમાં હાજર સલ્ફોરાફેન બ્રેન સ્ટ્રોક, અલ્ઝાઈમર અને પાર્કિન્સન રોગોમાં રાહત આપે છે.


**3 લીવરના ટોક્સિન્સને હટાવે છે** | બ્રોકલી સ્પ્રાઉટ્સમાં હાજર સલ્ફોરાફેન લીવરને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ લીવરમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં પણ મદદરૂપ છે.

**4 આંતરડાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક** | બ્રોકલી સ્પ્રાઉટ્સમાં એન્ટીઑક્સિડન્ટ અને સલ્ફોરાફેન હોય છે, જે આંતરડાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોઈ છે. સલ્ફોરાફેન એચ પાયલોરી સામે એન્ટી બેક્ટેરિયલ ગુણધર્મો ધરાવે છે, જે પાચનતંત્રના ઈન્ફેક્શન, ગેસ્ટ્રાઈટિસ અને પેટના અલ્સર માટે જવાબદાર બેક્ટેરિયમ છે. આવી સ્થિતિમાં બ્રોકલી સ્પ્રાઉટ્સ પેટ સંબંધિત બીમારીઓને દૂર કરવામાં મદદરૂપ થાય છે.

**5 બ્રોકલી સ્પ્રાઉટ્સનું જ્યુસ** | તમે તમારી દિનચર્યામાં તાજા બ્રોકલી સ્પ્રાઉટ્સનો જ્યુસ સામેલ કરી શકો છો. આ સિવાય તમે તેને તમારા આહારમાં અનેક રીતે સામેલ કરી શકો છો.

**6 સેન્ડવીચમાં કરો સામેલ** | જો તમને સલાડ અથવા સૂપના રૂપમાં બ્રોકલી સ્પ્રાઉટ્સ પસંદ નથી, તો તમે તેને સેન્ડવિચ અથવા રેપમાં ઉમેરીને ખાઈ શકો છો. આ સિવાય તમે તેને ફળ અથવા શાકભાજીના જ્યુસમાં મિક્સ કરીને પણ સેવન કરી શકો છો.

# ચહેરાની સુંદરતા વધારી શકે છે ચોખાનું પાણી



તમે વાળની સંભાળ અને ત્વચાની સંભાળ માટે રાંધેલા ચોખાના પાણીનો ઉપયોગ ઘણી વખત કર્યો હશે, પરંતુ શું તમે ક્યારેય ત્વચાની સંભાળ માટે કાચા ચોખાના પાણી r)નો ઉપયોગ કર્યો છે? જો નહીં, તો તમને જણાવી દઈએ કે કાચા ચોખા પલાળ્યા પછી, તમે જે પાણી ફેંકી દો છો. તે ચોખાનું પાણી તમારી ત્વચાને ચમકદાર બનાવવામાં ખૂબ કામ લાગી શકે છે. ચોખાના પાણીમાં પ્રોટીન, વિટામીન, કેલ્શિયમ, એન્ટી ઓક્સીડેન્ટ અને ઘણા પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે. તે ત્વચાને પોષણ આપવાની સાથે સાથે પિમ્પલ્સ, ખીલ જેવી સમસ્યાઓથી છુટકારો મેળવીને ત્વચાને ચમકદાર બનાવવામાં પણ મદદ કરે છે.

# વાળને તંદુરસ્ત અને સ્કેલ્પ ઓઇલીથી દૂર કરવા માટે ઘરે બનાવો આયુર્વેદિક હર્બલ શેમ્પૂ



જો ઉનાળાની ઋતુમાં તમારી સ્કેલ્પ ઓઈલી થઈ જાય છે, તો તમારે કેમિકલ આધારિત શેમ્પૂને બદલે હર્બલ શેમ્પૂનો ઉપયોગ કરવો જોઈએ. આજે અમે તમને આવા હર્બલ શેમ્પૂ બનાવવાની રીત શીખવી રહ્યા છીએ, જે તમારા માથાની ત્વચામાંથી તેલ તો દૂર કરશે જ પરંતુ તમારા વાળને સિલ્કી અને ચમકદાર પણ બનાવશે. આ માટે તમારે સૂકા આમળા, રીઠા, શિકાકાઈ અને મેથીના દાણાની જરૂર પડશે.

**હર્બલ શેમ્પૂ કેવી રીતે બનાવવું** | હર્બલ શેમ્પૂ બનાવવા માટે આમળા, રીઠા, શિકાકાઈ અને મેથીના દાણાને સ્વચ્છ પાણીથી ધોઈ લો. પછી તેને એકસાથે બે ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. સવારે તે બધાને તમારા હાથ વડે બરાબર મેશ કરી લો અને તેને રાંધવા માટે કડાઈમાં ગેસ પર રાખો. તમારે ગેસની ફ્લેમ ધીમી રાખવાની છે. જ્યારે તેનું પાણી બે ગ્લાસથી એક ગ્લાસ રહી જાય તો ગેસ બંધ કરીને તેને ઠંડુ થવા દો. જ્યારે તે બરાબર ઠંડુ થઈ જાય તો તેને બીજા વાસણમાં ગાળી લો અને પછી તેને બોટલમાં ભરી લો. આ શેમ્પૂનો ઉપયોગ તમે એક મહિના સુધી કરી શકો છો.

**સૂકી આમળા** | સૂકા આમળામાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સીડેન્ટ અને પોલીફેનોલ્સ હોય છે. તેનાથી ખોપરી ઉપરની ચામડીમાં સંક્રમણ દૂર થાય છે.

**રીઠા** | રીઠામાં વિટામિન એ અને વિટામિન સી જેવા પોષક તત્વો હોય છે, જે વાળના કોષોને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે.

**શિકાકાઈ** | શિકાકાઈમાં વિટામિન એ, વિટામિન સી, વિટામિન કે અને વિટામિન ડી જેવા એન્ટિઓક્સિડન્ટ્સ અને પોષક તત્વો હોય છે, જે વાળને નરમ બનાવે છે.

**મેથીના દાણા** | મેથીમાં કુદરતી રીતે પ્રોટીન, ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ, કેલ્શિયમ, આયર્ન જેવા તત્વો હોય છે, જે વાળના વિકાસને પ્રોત્સાહન આપે છે.



# આફ્રિકા વિરુદ્ધ ટી20 સિરીઝમાં નહીં રમે કોહલી ?

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટર વિરાટ કોહલીને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. હકીકતમાં વિરાટ કોહલી જૂનમાં દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ 5 મેચોની ટી20 સિરીઝમાંથી બહાર રહી શકે છે.

માત્ર વિરાટ કોહલી જ નહીં પરંતુ રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ સહિત કેટલાક અન્ય સ્ટાર ખેલાડીઓને આ સિરીઝમાં આરામ આપવામાં આવી શકે છે. ઈનસાઈડ સ્પોર્ટ્સના રિપોર્ટ પ્રમાણે ભારતીય ક્રિકેટ ટીમની પસંદગી સમિતિના એક પસંદગીકારે જણાવ્યું કે વિરાટ કોહલી દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ટી20 સિરીઝ અને આયર્લેન્ડના પ્રવાસ પર ટીમ ઈન્ડિયાનો ભાગ હશે નહીં. તે માત્ર ઈંગ્લેન્ડમાં ટીમ ઈન્ડિયા માટે રમતો જોવા મળશે.

## 5 મેચોની સિરીઝમાં નહીં રમે

મહત્વનું છે કે આ વર્ષે જૂનમાં ટીમ ઈન્ડિયાએ સાઉથ આફ્રિકા વિરુદ્ધ પોતાના ઘરમાં 5 મેચોની ટી20 સિરીઝ રમવાની છે. આ ટી20 સિરીઝ 9 જૂનથી 19 જૂન સુધી રમાવાની છે. વિરાટ કોહલી છેલ્લા કેટલાક વર્ષોથી સતત રમી રહ્યો છે, તેવામાં આફ્રિકા વિરુદ્ધ રમાનારી 5 મેચોની સિરીઝમાં તેને આરામ આપવામાં આવી શકે છે.

# સ્ટોક્સ બન્યા ઈંગ્લેંડ ટેસ્ટ ટીમના નવા કેપ્ટન, ECB એ કરી જાહેરાત

ગુજરાત | વંદન



જો રૂટના રાજીનામા બાદ ઈંગ્લેંડ તથા વેલ્સ ક્રિકેટ બોર્ડે બેન સ્ટોક્સને ટેસ્ટ ટીમના કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યા છે. તે ઈંગ્લેંડ પુરૂષ ટેસ્ટ ટીમના 81મા કેપ્ટન હશે. ઈસીબીના વચગાળાના અધ્યક્ષ ને મુખ્ય કાર્યકારી અધિકારીએ મંગળવારે સાંજે ઈંગ્લેંડ મેન્સ ક્રિકેટના મેનેજિંગ ડાયરેક્ટર રોબની ભલામણ બાદ નિયુક્તિને મંજૂરી આપી.

ઈંગ્લેંડ પુરૂષ ક્રિકેટના મેનેજિંગ ડાયરેક્ટર રોબ કીએ કહ્યું 'મને બેનને ટેસ્ટ કેપ્ટનની ભૂમિકાની ઓફર કરવામાં કોઈ વાંધો ન હતો. તે માનસિકતા અને દ્રષ્ટિકોણનું પ્રતીક છે જેને અમે આ ટીમને લાલ બોલવાળા ક્રિકેટના આગામી યુગમાં આગળ લઈ જવા માંગીએ છીએ. મને ખુશી છે કે તેમણે સ્વિકાર કર્યો છે, અને તે વધારાની જવાબદારી અને સન્માન માટે તૈયાર છે. તે સંપૂર્ણપણે હકદાર છે.

ઓસ્ટ્રેલિયા અને વેસ્ટઈંડીઝ વિરૂદ્ધ મળેલી આકરી હાર બાદ રૂટને ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડવાની જાહેરાત કરી છે. રૂટની કેપ્ટનશિપમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-2023 માં ઈંગ્લેંડનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ટીમ આ દરમિયાન 13માંથી ફક્ત એક જ મેચ જીતવામાં સફળ રહી છે. WTC પોઈન્ટ્સ ટેબલમાં ઈંગ્લેંડ સૌથી નીચે 10મા ક્રમ પર છે.

બેન સ્ટોક્સે 2013 માં ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે 79 મુકાબલામાં 5061 રન બનાવવાની સાથે 174 વિકેટ લીધી. 2017 માં તેમણે ટેસ્ટ ટીમના ઉપ-કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યા હતા. રૂટની ગેરહાજરીમાં તેમણે કેપ્શનશિપ કરી છે.

# પંજાબે 8 વિકેટે ગુજરાત ટાઈટન્સને હરાવ્યું, લિવિંગ્સટોને એક ઓવરમાં 28 રન ફટકાર્યા

■ શિખર ધવનની શાનદાર ફિફટી

ગુજરાત | વંદન

આઈપીએલમાં મંગળવારે પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને એકતરફી મેચમાં 8 વિકેટે હરાવ્યું હતું. પંજાબ પાસે 144 રનનો ટાર્ગેટ હતો જે ટીમે 15 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. શિખર ધવને અણનમ 62 રન બનાવ્યા હતા અને તે ટોપ સ્કોરર રહ્યો હતો. તે જ સમયે, લિયામ લિવિંગસ્ટોને બેટિંગ કરતા માત્ર 10 બોલમાં અણનમ 30 રન બનાવ્યા હતા.

પંજાબ કિંગ્સની 10 મેચમાં આ પાંચમી જીત હતી. ટીમ 5 મેચ હારી છે. આ સાથે જ ગુજરાતની સતત 5 જીત બાદ આ પ્રથમ હાર છે. હાર્દિકની આગેવાની હેઠળની ટીમે 10માંથી 8 મેચ જીતી છે અને 2 મેચ હારી છે.

સાઈ સુદર્શન સિવાય કોઈ પણ બેટ્સમેન ગુજરાત માટે સારી ઈનિંગ રમી શક્યો નહોતો. પંજાબના બોલરોએ પ્રથમ ઓવરથી જ ગુજરાત પર દબાણ બનાવી રાખ્યું હતું. રબાડાના ખાતામાં સૌથી વધુ 4 વિકેટ આવી.



**સુદર્શન સિવાય બધા બેટર ફેલ**
સાઈ સુદર્શને શાનદાર બેટિંગ કરીને 42 બોલમાં પોતાની આઈપીએલ કારકિર્દીની પ્રથમ અડધી સદી પૂરી કરી હતી. નંબર 3 પર બેટિંગ કરતા, સાઈએ ટીમ માટે એકલો લડી રહ્યો હતો અને 128ના સ્ટ્રાઈક રેટથી અણનમ 64 રન બનાવ્યા.

**રબાડાની ખતરનાક બોલિંગ**
મેચમાં કાગિસો રબાડાએ શાનદાર બોલિંગ કરી, તેણે 35 રનમાં 4 વિકેટ ઝડપી. તેણે રાહુલ તિવેટિયા અને રાશિદ ખાનને સતત બે બોલમાં આઉટ કર્યા હતા. રબાડા ઉપરાંત ઋષિ ધવન અને લિયામ લિવિંગસ્ટોનને એક-એક વિકેટ મળી છે.

## જો ચેન્નઈની ટીમ હારી ગઈ તો IPLમાંથી આઉટ

■ આજે બેંગ્લોર સામેં આરપારની લડાઈ

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગની 15મી સીઝનમાં ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહેલ ચેન્નઈ સુપર કિંગ્સ આજે સાંજે રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિરુદ્ધ ઉતરશે. ટીમનો ઈરાદો હવે જીતને ટકાવી રાખવાની છે. ટીમમાં ફેરફારની શક્યતા તો ઓછી છે કારણ કે સીએસકે પાસે વિકલ્પ ઓછા છે ત્યારે બેંગ્લોરની ટીમને જીત જરુરી છે. બેંગ્લોરની ટીમ પોઈંટ ટેબલમાં 5 નંબરે છે. ચેન્નઈની ટીમ નવમાં સ્થાને છે. ચેન્નઈને ટુનામેન્ટમાં પોતાનુ અભિયાન જારી રાખવા માટે બધી મેચો જીતવી જરુરી છે



# કમરથી ઉપરના નો-બોલમાં થર્ડ અમ્પાયરે હસ્તક્ષેપ કરવો જોઇએ: જયવર્દને

ગુજરાત | વંદન

મુંબઇ ઈન્ડિયન્સના મુખ્ય કોચ તથા આઈસીસી ક્રિકેટ સમિતિના સભ્ય મહેલા જયવર્દનેનું માનવું છે કે મેચ દરમિયાન જો ફિલ્ડ અમ્પાયર કમર ઉપરના નો-બોલમાં ખોટો નિર્ણય કરે તો થર્ડ અમ્પાયરે તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ. ફિલ્ડ અમ્પાયરને વિવાદાસ્પદ નિર્ણયમાં સાવધ કરવા માટે થર્ડ અમ્પાયરે હસ્તક્ષેપ કરવો જોઈએ કે નહીં તેની આઈસીસીની બેઠકમાં ચર્ચા થવી જોઈએ.

દિલ્હી અને રાજસ્થાન વચ્ચે ગયા શુક્રવારે થયેલા નો-બોલના ડ્રામાના સંદર્ભમાં જયવર્દનેએ આ પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. જયવર્દનેએ જણાવ્યું હતું કે અમ્પાયરની કદાચ ભૂલ હતી પરંતુ આ પ્રકારના નો-બોલમાં થર્ડ અમ્પાયરની મદદ લેવાનો કોઈ નિયમ નથી. આ એક એવી બાબત છે જે અંગે ચર્ચા થવી જરૂરી છે. શ્રીલંકાના ભૂતપૂર્વ બેટ્સમેન જયવર્દનેએ જણાવ્યું હતું કે મેચ દરમિયાન કોઈ પણ કોચ કે ખેલાડીનું આ પ્રકારની ઘટનામાં મેદાનમાં આવવું યોગ્ય નથી. આઈપીએલમાં સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ આપવામાં આવે છે અને આ સમયમાં જ કોઈ ખેલાડી કે કોચ મેદાનમાં જઈ શકે છે.

# મહાન ટેનિસ ખેલાડી બોરિસ બેકરને અઢી વર્ષની જેલ

ગુજરાત | વંદન



મહાન ટેનિસ પ્લેયર બોરિસ બેકરને ઈનસૉલ્વેન્સી (નાદારી) કાયદા હેઠળ દોષિત ઠર્યા બાદ અઢી વર્ષની જેલ સજા ફટકારવામાં આવી છે. લંડનના સાઉથપાર્ક ક્રાઉન કોર્ટની ન્યાયપીઠે આ મહિને બેકરને દેવાળિયા કાયદા હેઠળ ચાર આરોપોમાં દોષિત ઠેરવ્યા હતા જેમાં સંપત્તિ હસ્તાંતરણ, કરજ છુપાવવું અને સંપત્તિનો ખુલાસો કરવામાં નિષ્ફળ રહેવાના બે કેસ સામેલ છે. બેકરે જૂન-2017માં દેવાળિયા થયા બાદ નવ લોકોને 4,27,000 યૂરો (3,56,000 પાઉન્ડ) ટ્રાન્સફર કર્યા હતા

જેમાં તેની પૂર્વ પત્ની બારબરા અને શર્લી 'લીલી' બેકર પણ સામેલ હતી. તેણે જર્મનીમાં એક સંપત્તિ જાહેર કરી નહોતી અને એક કંપનીમાં 8,25,000 યૂરોની બેન્ક લોક તેમજ શેયરને છુપાવ્યા હતા જે બદલ તેમને દોષિત ઠેરવવામાં આવ્યા છે. બેકર વિમ્બલ્ડનમાં રીંગણી અને લીલા રંગની ટાઈન પહેરીને પોતાની પ્રેમિકા લિલિયન ડી કાર્વાલ્હો મોન્ટેરો સાથે કોર્ટ પહોંચ્યા હતા. છ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયને તમામ આરોપોને ફગાવતાં કહ્યું કે તેમણષ પોતાની સંપત્તિ હાંસલ કરવા માટે કામ કરનારા ટ્રસ્ટીઓને પૂરો સહયોગ આપ્યો હતો અને નિષ્ણાતોની સલાહના આધારે જ કામ કર્યું હતું. 54 વર્ષીય બોરિસ બેકરને અન્ય 20 કેસમાં છોડી મુકવામાં આવ્યા છે જેમાં એવો આરોપ પણ સામેલ હતો કે તે પોતાના અનેક એવોર્ડને સોંપવામાં નિષ્ફળ રહ્યા છે. આ એવોર્ડમાં વિમ્બલ્ડન ટ્રોફીઓ અને એક ઑલિમ્પિક ગોલ્ડ મેડલ સામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટેનિસ જગતમાં બોરિસ બેકરને મહાન ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે. બોરિસે 6 ગ્રાન્ડ સ્લેમ પોતાના નામે કર્યા છે. તેણે પોતાનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ 1985માં વિમ્બલ્ડન ઓપનમાં જીત્યો હતો.

# ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રમતવીરો માટે કરી જાહેરાત

## સુરતમાં 14 એકરમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનશે

ગુજરાત | વંદન



ગૃહરાજ્ય અને રમત ગમત યુવા સંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ નડિયાદના સ્પોર્ટ્સ માટેના હાઈ પરફોર્મન્સ સેન્ટરની મુલાકાત લીધી. તેઓએ દોડ, બરછી ફેંક, ઊંચી કુદ, દોડ, વોલીબોલ, ટેકવોન્ડો, સ્વીમીંગના ખેલાડીઓની રમત નિહાળી. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ખેલાડીઓને રહેવાની અને જમવાની સગવડ મળી રહે તેનું નિરીક્ષણ કર્યું. સાથે તેઓએ ખેલાડીઓને સંબોધતા મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે સુરતમાં ઈન્ટરનેશનલ કક્ષાનું હાઈ પરફોર્મન્સ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જે માટે 14 એકર જમીન પણ નક્કી થઈ ગઈ છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શનથી મળેલા મેડલ્સ અને નામના બાદ ગુજરાતનું નામ રોશન થાય તેને લઈ રમતગમત મંત્રી હર્ષ સંઘવી પ્રયત્નશીલ છે. જેને પગલે તેઓએ મંગળવારે નડિયાદના અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી. જ્યાં તેઓએ વિવિધ રમતોના રમતવીરો અને કોચ સાથે સંવાદ કર્યો હતો. હાલમાં જ બનાવવામાં આવેલી સ્પોર્ટ્સ પોલીસી અંગે સુધારા અંગેના સૂચનો મેળવ્યા હતા.

સાથે જ હર્ષ સંઘવીએ ખેલાડીઓને વધુ સારું પ્રદર્શન કરી ગુજરાતને સ્પોર્ટ્સ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટેની ખાતરી માંગી હતી. નડિયાદ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સની મુલાકાત દરમિયાન રમતવીરોને મળતા પૌષ્ટિક આહાર અને ડાયેટ અંગે પણ ચોક્કસ વિચારણા કરતા રમતવીરોને મળતા દૈનિક ભથ્થામાં વધારો કરી 480 કરી આપવાની જાહેરાત કરી હતી.

# સિંધુનું ખિતાબ જીતવાનું સપનું રોળાયું, કાંસ્ય પદકથી માનવો પડ્યો સંતોષ

ગુજરાત | વંદન



ઓલમ્પિકમાં બે પદક જીતનાર પીવી સિંધુએ જાપાનની યામાગુચી સામે ત્રણ સેટથી મુકાબલો હારી ગઈ હતી. તેણે બેડમેન્ટન ચેમ્પિયનશિપમાં કાંસ્ય પદક જીતી આ અભિયાનની સમાપ્તિ કરી હતી. સિંધુએ સારી શરૂઆત કરી પરંતુ તે લાંબો સમય તાલમેલ જાળવી શકી અને એક કલાક છ મિનિટ સુધી ચાલેલી સેમીફાઈનલમાં તે દુનિયાની બીજા નંબરની ખેલાડી યામાગુચી સામે 21-13 19-21 16-21 થી હારી ગઈ.

**ફાઇનલમાં જવાનું સપનું રોળાયું** | પીવી સિંધુએ શનિવારે મનીલામાં જાપાનની એકાને યામાગુચી સાથે ત્રણ ગેમ સુધી ચાલેલા મુકાબલામાં 21-13 19-21 16-21 સાથે હારનો સામનો કર્યો. બંને શટલર્સ એક સમયે 19-19 ના સ્કોર પર હતી. ત્યારે યામાગૂચીએ સતત બે પોઈન્ટ પ્રાપ્ત કરીને 1-1 બરાબરી કરી લીધી અને ગેમ 21-19 જીતી હતી. આ ટૂર્નામેન્ટમાં સિંધુનો બીજો પદક છે, તેમણે આ વર્ષે 2014 ગિમચિયોન તબક્કામાં પણ કાંસ્ય પદક જીત્યો હતો.

# IPLમાં મળેલી જંગી રકમને કારણે ક્લાર્ક સાથેની દોસ્તી ખતમ થઈ ગઈ : સાયમંડ્સ

ગુજરાત | વંદન



ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર એન્ડ્રુ સાયમંડ્સે કહ્યું છે કે, આઈપીએલમાં મને જંગી રકમનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જોકે તે નાણાંને કારણે જ મારા અને માઈકલ ક્લાર્કના સંબંધો વણસ્યા હતા. ક્લાર્કને કદાચ મારી ઈર્ષ્યા થતી હતી અને આ કારણે તે જાણે મારો દુશ્મન બની ગયો હતો. હેડને પણ આ અંગે ઈશારો કર્યો હતો.

ધ બ્રેટ લીના પોસ્ટકાર્ડમાં સાયમંડ્સે આ અંગેનો ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું કે, આઈપીએલ પહેલા મારા અને ક્લાર્કના સંબંધો ખુબ જ સારા હતા. જોકે આઈપીએલમાં મને જંગી નાણાં મળ્યા હતા અને ત્યાર બાદ સંબંધોમાં તનાવ જોવા મળ્યો હતો. સાયમંડ્સને ૨૦૦૮ની આઈપીએલમાં ડેક્કન ચાર્જર્સે ૫.૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

સાયમંડ્સે તેના એક સમયના સાથી બ્રેટ લી સાથેની વાતચીતમાં કહ્યું કે, અમારી વચ્ચે સારી એવી દોસ્તી હતી. તે (ક્લાર્ક ) જ્યારે ટીમમાં આવ્યો ત્યારે મારી તેની સાથે ઘણી ભાગીદારી થઈ હતી. જેના કારણે અમારી દોસ્તી વધી ગઈ હતી. જોકે આઈપીએલના કોન્ટ્રાક્ટ બાદ પરિસ્થિતિ કથળી હતી. હેડને એક વખત મને કહ્યું હતુ કે, આઈપીએલમાં તને સારા એવા નાણાં મળ્યા તેના કારણે કદાચ તેને (ક્લાર્કને) ઈર્ષ્યા થઈ હશે અને આ જ બાબતને કારણે તમારા સંબંધો વણસ્યા હશે.

સાયમંડ્સે ઊમેર્યું કે, મને લાગે છે કે નાણાંને કારણે ઘણી સારી બાબતો પણ થાય છે. જોકે તે એક જાતનું ઝેર પણ છે. મને લાગે છે કે, તેના જ કારણે અમારા સંબંધોમાં ઝેર રેડાયું હતુ. મને તેના માટે ઘણો આદર છે. જોકે હવે મારી તેની સાથે દોસ્તી રહી નથી. તેનાથી મને કોઈ વાંધો નથી. જોકે હવે હું કાદવ ઉછાળવા માંગતો નથી.

**નિષ્ફળતા** હું જ્યારે ટીમના ડાયરેક્ટર તરીકે જોડાયો ત્યારે મારી પાસે કોઈ કોચિંગ કોર્સના કોઈ બેજીસ નહતા

# ભારતમાં ઈર્ષ્યાળુ લોકોની એક ગેંગ હંમેશાં ઈચ્છતી કે, હું નિષ્ફળ જાંઉ: શાસ્ત્રી

ગુજરાત | વંદન

ભારતના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ ઈંગ્લિશ મીડિયામાં આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે, જ્યારે હું કોચ બન્યો ત્યારે ઈર્ષ્યાળુઓની એક ગેંગ મારી નિષ્ફળતાની રાહ જોતી. તેના જ કારણે મેં મારી 'ચામડી જાડી' કરી લીધી હતી. ડ્યુક બોલ કરતાં પણ મારી ચામડી વધુ જાડી અને કઠણ થઈ ગઈ હતી. શાસ્ત્રીએ આ પ્રકારની કોમેન્ટ કરતાં તેના ટીકાકારો પર નિશાન સાધ્યું હતુ. 'જાડી ચામડી'થી તેનો કહેવાનો અર્થ એ હતો કે, મને તેમની ટીકાની કે તેમના આકરા શબ્દોની કોઈ અસર થતી નહતી.

ઈંગ્લેન્ડે નવા મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ભૂતપૂર્વ ક્રિકેટર રોબ કી ની નિયુક્તિ કરી છે. તાજેતરની નિષ્ફળતાને પગલે ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડે તેના મેનેજિંગ ડાયરેકટર એશ્લી જાઈલ્સ, કોચ બાયલીસ અને કેપ્ટન રુટને વિદાય આપી છે. નવા ડાયરેક્ટર રોબ કી પણ છેલ્લા કેટલાક વર્ષોથી કોમેન્ટેટર તરીકેની ભૂમિકા ભજવી રહ્યા હતા. તેમની પાસે કોચિંગની કોઈ ડિગ્રી નથી, પણ ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડે તેમને તક આપી છે.



અગાઉ શાસ્ત્રી પણ કોમેન્ટેટરમાંથી અચાનક ટીમના ડાયરેક્ટર તરીકે જોડાયો હતો અને ત્યાર બાદ તેણે કોચની ભૂમિકા પણ સંભાળી હતી. ટીમના ડાયરેક્ટર બનવામાં શાસ્ત્રી અને કી માં ઘણી સમાનતા છે. જેના પરિણામે શાસ્ત્રીએ ધ ગાર્ડિયન સાથેની મુલાકાતમાં કહ્યું હતુ કે, હું જ્યારે ટીમના ડાયરેક્ટર તરીકે જોડાયો ત્યારે મારી પાસે કોઈ કોચિંગ કોર્સના કોઈ બેજીસ નહતા. તેમાં ય ભારત જેવા દેશમાં તો ઈર્ષ્યાળુઓની એક એવી ગેંગ હતી કે, જે સતત ઈચ્છતી કે હું નિષ્ફળ રહું. આ કારણે મેં મારી ચામડી જાડી કરી લીધી હતી. તમે ઉપયોગમાં લો છો તેવા ડ્યુક બોલ કરતાં પણ વધુ જાડી !

શાસ્ત્રીએ ઊમેર્યું કે, રોબ પણ થોડા સમયમાં જ મારી જેમ જાડી ચામડીનો થઈ જશે. કારણ કે દરરોજ તમારું મૂલ્યાંકન થતું રહે છે. મને લાગે છે કે, તેની પાસે કેન્ટ કાઉન્ટના કેપ્ટન તરીકેનો બહોળો અનુભવ છે. જે તેને ઉપયોગી થશે. આ બધામાં સૌથી મહત્વનો ખેલાડીઓ સાથેનો સંવાદ છે.

રોબ કી ને સલાહ આપતાં ભારતના ભૂતપૂર્વ કોચે ઊમેર્યું કે, તેણે આક્રમક મિજાજ સાથે ખેલાડીઓ પર પ્રભાવ પાડવો પડશે અને તેમને નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધવા માટે તૈયાર કરવા પડશે.

શાસ્ત્રીએ રૂટના અનુગામી તરીકે સ્ટોક્સ પર પસંદગી ઢોળી હતી. તેણે રોબ કીને એવી પણ સલાહ આપી હતી કે, તેણે વિદાય લઈ ચૂકેલા કેપ્ટન રુટ સાથે ચર્ચા કરીને ટીમની સમસ્યાઓ સમજવી જોઈએ.

શાસ્ત્રીએ કહ્યું કે, ટીમને કેવી રીતે રમવાનું છે, તે અંગેની રુપરેખા તૈયાર કરવી જરુરી છે. ખાસ કરીને આક્રમક અને કઠોર રહેવું જરુરી છે. ફિટનેસ લેવલમાં સુધારો કરવાની સાથે વિદેશમાં ૨૦ વિકેટ ઝડપી શકે તેવા ફાસ્ટ બોલરોનું ગૂરપ તૈયાર કરવું પડશે. ખાસ કરીને માનસિકતા ખુબ જ જરુરી છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયનો સામે રમવાનું હોય ત્યારે હું મારા ખેલાડીઓને કહેતો કે, જો તેઓ તમને અપશબ્દો કહે તો તેમને તેમની જ ભાષામાં - તેમના જ અંદાજમાં જવાબ આપજો.

# વિશ્વનાથન આનંદની ભારતીય ટીમના મેન્ટર તરીકે પસંદગી

ગુજરાત | વંદન

ભારતે ઘરઆંગણે યોજાનારા ચેસ ઓલિમ્પિયાડમાં કુલ મળીને ૨૦ ખેલાડીઓને સ્પર્ધામાં ઉતારવાનો નિર્ણય લીધો છે. ભારતે ઓપન વિભાગ અને મહિલા વિભાગની સ્પર્ધા માટે બે-બે ટીમોની જાહેરાત કરી છે. જ્યારે પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન રહી ચૂકેલા વિશ્વનાથન આનંદને ભારતીય ટીમના મેન્ટર તરીકેની જવાબદારી સોંપી છે.

ચેન્નાઈમાં તારીખ ૨૮મી જુલાઈથી ચેસ ઓલિમ્પિયાડનો પ્રારંભ થશે. અગાઉ આ ઓલિમ્પિયાડ રશિયામાં યોજાવાનો હતો. જોકે યુક્રેન પર રશિયાએ કરેલા હૂમલાને પગલે તેની પાસેથી ચેસ ઓલિમ્પિયાડની યજમાની આંચકી લેવામાં આવી હતી. ૧૪ દિવસ ચાલનારા ચેસ ઓલિમ્પિયાડમાં વિશ્વના ૧૫૦ થી વધુ દેશો ભાગ લેશે.

વર્ષ ૨૦૨૦માં ઓનલાઈન યોજાયેલા ચેસ ઓલિમ્પિયાડમાં ભારત અને રશિયાએ સંયુક્તપણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય ટીમના કેપ્ટન તરીકે વિદિત ગુજરાતી છે. તેની સાથે પી.હરિકૃષ્ણા અને ચેન્નાઈ સ્થિત શશિકિરણને પણ ટીમમાં તક મળી છે. ૧૯ વર્ષના અર્જુન ઈરીગાસી અને એસ.એલ. નારાયણને પણ ફર્સ્ટ ટીમમાં તક મળી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# કોરોનાથી ચીનના 27 શહેરોમાં લોકડાઉન લદાયું

ગુજરાત | વંદન



ચીનમાં કોરોના વાયરસના વધી રહેલા કેસોને જોતાં ત્યાંની સરકારે ઝીરો કોવિડ પોલિસીને ધ્યાનમાં રાખતા મોટા શહેરોમાં લોકડાઉન લાગુ કયુ છે. રિપોર્ટ મુજબ, ચીનના ૨૭ શહેરોમાં અત્યારે લોકડાઉન છે, આ શહેરોમાં રહેતા કુલ ૧૬.૫ કરોડ લોકો અત્યારે પોતાના ઘરોમાં કેદ છે. ચીનના મોટા શહેર બેઈજિંગમાં પણ મોટાપાયે લોકોનું કોરોના ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

બીજી બાજુ યુરોપમાં સૌથી વધુ ખરાબ હાલત જર્મનીની થઈ છે અને ત્યાં એક જ દિવસમાં ૧.૨૪ લાખ જેટલા નવા કેસ બહાર આવી ગયા છે અને અનેક શહેરોમાં કડક નિયંત્રણો લગાવવાની ફરજ પડી છે. યુરોપ ખંડના અન્ય દેશોમાં પણ કેસમાં દરરોજ વધારો થઈ રહ્યો છે.અમેરિકામાં પણ અલગ-અલગ રાયોમાં દરરોજ મોટા પ્રમાણમાં નવા કેસ બહાર આવી રહ્યા છે અને લોકો ગંભીર બેદરકારી દાખવી રહ્યા છે અને કોઈ પણ નિયમોનું પાલન વ્યવસ્થિત રીતે કરવામાં આવતો નથી પરિણામે ફરીવાર અમેરિકા ની હાલત બગડે તેવી શકયતા છે.પોતાની ઝીરો કોવિડ પોલિસીને ધ્યાનમાં રાખતા ચીને કોરોના વાયરસને ફેલાતો રોકવા માટે લોકડાઉન, મોટાપાયે ટેસ્ટિંગ, કવોરન્ટિન અને સરહદ બધં કરવા જેવા કડક નિર્ણય લીધા છે. ચીનમાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિયન્ટના કેસો વધી રહ્યા છે. હાલ કોરોના વાયરસ ચીનના અલગ-અલગ પ્રાંત અને શહેરોમાં ફેલાઈ રહ્યો છે.એક ઈન્ટરનેશનલ રિપોર્ટ મુજબ, ચીને તેના ૨૭ શહેરોમાં પૂર્ણ અથવા આંશિક લોકડાઉન લગાવ્યું છે. તેવામાં કુલ ૧૬.૫ કરોડ લોકો આ પ્રતિબંધનો ભોગ બન્યા છે. તેઓને ઘરમાંથી બહાર નીકળવા દેવામાં આવી રહ્યા નથી. ત્યાંના લોકોને જીવન જરિયાતની ચીજવસ્તુઓ એકત્રિત કરવાની તક મળી રહી નથી. તેવામાં કોરોનાના એકથી બે કેસ સામે આવ્યા પછી પણ લોકો લોકડાઉનના ડરથી ખરીદી કરી રહ્યા છે. જેથી ચીનના શહેરોમાં ફડ અને અન્ય જરી સામાનની અછત સર્જાઈ છે.

બેઈજિંગના એક વિધાર્થીએ જણાવ્યું હતું કે, જો ખરાબ સ્થિતિ સર્જાય તો તેની હત્પં તૈયારી કરી રહ્યો છું. મેં ઘણાં પેકેટસ નાસ્તો ખરીદી રાખ્યો છે. લોકોએ શાકભાજી, નૂડલ્સ અને ટોઈલેટ પેપર રોલની ઓનલાઈન ખરીદી કરી છે. બેઈજિંગની મોટાભાગની દુકાનો આઉટ ઓફ સ્ટોક થઈ ગઈ છે. યાં દુકાનોમાં ચીજવસ્તુઓ મળી રહી છે તેમાં પણ કિંમતો વધારે જોવા મળી રહી છે. યારે બીજી બાજુ ચીનના સરકારી મીડિયાએ એ પ્રકારે દાવો કર્યો છે કે બેઈજિંગમાં આવેલા સુપરમાર્કેટમાં બમણો સ્ટોક ઉપલબ્ધ છે. કરિયાણાનો સામાન વેચતી ઈ-કોમર્સ સાઈટે પણ ડિમાન્ડને ધ્યાનમાં રાખતા પોતાના કર્મચારીઓની સંખ્યા વધારી દીધી છે.

# ગૂગલ કંપની સર્ચ એન્જિનમાંથી 11 મેથી નામ સરનામા દૂર કરશે

ગુજરાત | વંદન




ગૂગલે નવી કન્ટેન્ટ ઈન્ફોર્મેશન પૉલિસી લાગુ પાડવાની જાહેરાત કરી છે. તેના કારણે હવે યુઝર્સ ધારે તો ગૂગલ સર્ચમાંથી નામ-નંબર-સરનામાની વિગતો દૂર કરી શકશે. એ માટે ગૂગલને એક રિક્વેસ્ટ કરવાની રહેશે. આ નવી પોલિસી આગામી ૧૧મી મેથી લાગુ પડશે.

સર્ચ એન્જિન ગૂગલના એક સત્તાવાર નિવેદનમાં મહત્વની જાહેરાત કરતા કહેવાયું હતું કે ગૂગલ સર્ચ દરમિયાન યુઝર્સના નામ-નંબર-સરનામાની વિગતો દેખાતી હશે તો તેને નવી પ્રાઈવસી કન્ટેન્ટ પોલિસી અંતર્ગત દૂર કરી શકાશે. ગૂગલે કહ્યું હતું : હવે જમાના સાથે બહેતર પર્સનલ અને પ્રાઈવસી ઈન્ફોર્મેશન એક્સેસની જરૃરિયાત ઉભી થઈ છે. જો યુઝર્સ નામ-નંબર-ઈમેઈલ આઈડી, સરનામું જેવી વિગતો સર્ચના રીઝલ્ટમાંથી હટાવવા ધારશે તો એક રિક્વેસ્ટથી એ વિગતો દૂર કરી શકશે. જોકે, એ વિગતોનું ગૂગલ પરીક્ષણ કરશે અને ખરેખર સંવેદનશીલ જણાશે તો દૂર કરશે. જો કોઈ સરકારી દસ્તાવેજોમાં એ વિગતો દેખાતી હશે કે કોઈ યુઝર્સની વિગતો સાર્વજનિક થઈ હશે તો તેને હટાવાશે નહીં. હોસ્ટિંગ સાઈટમાં એ વિગતો દેખાતી હશે અને ગૂગલ રિક્વેસ્ટ સ્વીકારીને એ વિગતો સર્ચ એન્જિનમાં આવતી અટકાવે તેમ છતાં અન્ય સર્ચ એન્જિનમાં તો એ દેખાશે. આવી સ્થિતિમાં જે તે હોસ્ટિંગ વેબસાઈટમાંથી જ એ વિગતો હટાવવાનો વિકલ્પ રહેશે.

ઘણાં સમયથી યુઝર્સ ગૂગલને નવી કન્ટેન્ટ પોલિસી માટે રજૂઆત કરતા હતા. લાંબાં સમયની વિચારણા પછી ગૂગલે નવી કન્ટેન્ટ ઈન્ફોર્મેશન પૉલિસી લાગુ પાડવાની જાહેરાત કરી છે.

# CM અને PM બનવા માંગે છે માયાવતી, રાષ્ટ્રપતિ પદ મંજૂર નથી

ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ સમાજવાદી પાર્ટી (SP)ના પ્રમુખ



અખિલેશ યાદવ પર વળતો પ્રહાર કરતા કહ્યુ કે, તેઓ ફરી એકવાર યુપીના સીએમ અને બાદમાં દેશના પીએમ બનવા માંગે છે, પરંતુ રાષ્ટ્રપતિ પદ તેમને મંજૂર નથી.

સમાજવાદી પાર્ટી પર અફવાઓ ફેલાવવાનો આરોપ લગાવતા માયાવતીએ કહ્યું કે, જો દલિત, વંચિત, મુસ્લિમ અને સવર્ણ સમાજના ગરીબ લોકો ફરીથી પાર્ટી સાથે જોડાઈ જાય તો તેમના માટે સીએમ અને પીએમ બનવું શક્ય છે. એક દિવસ પહેલા જ અખિલેશે કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણીમાં બસપાએ પોતાનો વોટ ભાજપને આપ્યો હતો, હવે જોવાનું એ છે કે ભાજપ તેમને રાષ્ટ્રપતિ બનાવે છે કે નહીં.

પ્રેસ કોન્ફરન્સમાં માયાવતીએ કહ્યું કે, યુપીમાં મુસ્લિમ અને નબળા વર્ગો પર થઈ રહેલા અત્યાચાર માટે સપાના વડા જવાબદાર છે. હજુ પણ અફવાઓ ફેલાવવાથી બહાર આવી રહ્યા નથી. હવે આ ઘૃણાસ્પદ રાજકારણ બંધ થવું જોઈએ. હું કહેવા માંગુ છું કે એમાં કોઈ શંકા નથી કે જો યુપી સહિત દેશભરના દલિત, મુસ્લિમ, આદિવાસી અને સવર્ણોના ગરીબો બસપા સાથે જોડાય તો બસપાના વડાને યુપીના સીએમ અને દેશના પીએમ બનાવી શકે છે.

# જેલથી બચવા ગુનેગારોની નવી તરકીબ: પ્લાસ્ટિક સર્જરી કરાવો મોજથી રહો

## ■ મલેસિયાની પોલીસ પ્લાસ્ટિક સર્જરીને કારણે ગુનેગારોને શોધવામાં અસમર્થ

ગુજરાત | વંદન



પહેલાના સમયમાં પ્લાસ્ટિક સર્જરી બહુ મોટી વાત હતી. આ સમયે તે ખૂબ ખર્ચાળ પણ હતું. જેના કારણે લોકો આ સારવાર માત્ર મેડિકલ ઈમરજન્સીમાં જ કરાવતા હતા. પ્લાસ્ટિક સર્જરી ત્યારે જ કરવામાં આવતી જ્યારે ચહેરા પર કોઈ ઈજા હોય અથવા ચહેરાને બગાડતા હોય તેવા કોઈ નિશાન હોય. પરંતુ બદલાતા સમય સાથે પ્લાસ્ટિક સર્જરી એકદમ સામાન્ય બની ગઈ છે, હવે તે એકદમ સામાન્ય બની ગઈ છે. ઉપરાંત, તેના ઓછા ચાર્જને કારણે, ઘણા લોકો તેને કરાવવામાં સક્ષમ છે. પરંતુ મલેશિયા માં રહેતા કેટલાક શાતિર ચોરો આના દ્વારા 17 વર્ષ સુધી પોલીસને ચકમો આપે છે.

આજના સમયમાં મલેશિયાના ગુનેગારોમાં પ્લાસ્ટિક સર્જરી એકદમ સામાન્ય બની ગઈ છે. ઘણા ગુનેગારો આના દ્વારા પોતાનો ચહેરો બદલી નાખે છે અને સરળતાથી પોલીસને ચકમો આપે છે.

મલેશિયાના મીડિયા હરિયન મેટ્રોમાં પ્રકાશિત માચાર અનુસાર, કિલેન્ટનમાં રહેતી આઠ મહિલાઓએ ગુનો કર્યા બાદ પ્લાસ્ટિક સર્જરી કરાવીને પોતાની ઓળખ બદલી નાખી. પોલીસ છેલ્લા 17 વર્ષથી તેમને શોધી રહી હતી. પરંતુ તેણીએ તેનું સ્વરૂપ બદલી નાખ્યું અને પોલીસની સામે આરામથી ફરતી હતી.

આ વાતનો ખુલાસો કરતાં પોલીસે જણાવ્યું કે આ તમામ મહિલાઓ ખૂબ જ જઘન્ય ગુનાઓમાં સામેલ હતી. આમાં હત્યાથી લઈને ચોરી અને લૂંટનો સમાવેશ થાય છે. કિલેન્ટન પોલીસના ચીફ દાતુક શફીન મામતે જણાવ્યું કે આ તમામ ગુનેગારો સત્તર વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યા હતા. તે હજુ પણ પોલીસના હાથમાં નથી. પોલીસને આશા છે કે તે બધા કિલેન્ટનમાં છુપાયેલા છે. આ ઉપરાંત, હવે જ્યારે તેણીને ખબર પડી હશે કે પોલીસને પ્લાસ્ટિક સર્જરીની માહિતી મળી છે, તે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતી હશે.

### ચહેરાની ઓળખ

ઘણા થાઈલેન્ડમાં સ્થાયી થયા છે. પોતાનો ચહેરો જ નહીં પણ તેમની ઓળખ પણ બદલી નાખી છે, જેમાં તેનું નામ પણ સામેલ છે. ક્લિનિક્સમાં વર્ષોની તપાસ બાદ પોલીસને આ ગુનેગારોનો નવો ચહેરો મળ્યો છે. હવે લોકોને દેશના જુદા જુદા ભાગોમાં તેમની તસવીરો મોકલીને તેમને શોધવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે. જ્યારે પોલીસે તેના પરિવારના સભ્યોની સંભાળ લીધી.

# આખરે પીકેને ડહાપણ લાધ્યું- બિહાર જાયેંગે અપની જન સુરાજ પાર્ટી બનાયેંગે...

# શું પીકે નહીં હોય તો ચૂંટણી ના જિતાય? આ તે કેવુ કહેવાય?

ગુજરાત | વંદન



ચૂંટણીઓ જીતવા માટે શું કરવુ જોઇએ અને શું ન કરવુ જોઇએ, મતદારો વોટ આપવા માટે આવે તે માટે શું કરવાનું... સરકાર વિરોધી છાપને સરકાર તરફી કઇ રીતે બદલી શકાય.. કેટલા ટકા વોટ મળે તો જીતાય.. એવા સવાલો પહેલાંના સમયમાં રાજકારણીઓમાં કે સત્તાધીશોના મનમાં ભાગ્યે જ આવતા હશે. કેમ કે નેતાઓમાં રાજકીય માન્યતા એવી હતી કે સરકારે સારૂ કામ કર્યુ હશે તો લોકો ફરીથી પસંદ કરશે, સરકારે સારૂ કામ નહી કર્યુ હોય તો લોકો ફરી વોટ નહીં આપે. પણ આજના માર્કેટીંગના બજારલક્ષી યુગમાં પ્રશાંત કિશોર નામના એવા પણ ચૂંટણી નિષ્ણાતો છે કે જે તમને જીતાડી શકે. તેમણે 2014માં નરેન્દ્રભાઇ મોદીને જીતાડવામાં મદદ કરી અથવા પ્રશાંત કિશોરની રણનીતિને કારણે મોદી જીતી શક્યા એવા દાવાઓ પ્રશાંત કિશોર કે જેઓ પીકેના ટૂંકાક્ષરી નામથી ઓળખાય છે, તેમના તરફથી છાશવારે કરાય છે. ભાજપ તરફથી આવુ કાંઇ કહેવામાં આવતુ નથી.

બંગાળમાં ટીએમસીને ફરી સત્તા મળી અને હાર્યા પછી પણ મમતાદીદી ફરીથી સીએમ બની, તે માટેનો જશ પીકેના ખાતામાં મૂકાય છે. પંજાબમાં કોંગ્રેસને ફરી જીતાડવા પીકેની સેવાઓ માટે સીએમ અમરિન્દરસિંગે પ્રયાસ કર્યા પણ મેળ ના પડ્યો અને પછી તો ન અમરિન્દર કોંગ્રેસમાં રહ્યાં કે ન કોંગ્રેસ ફરી સત્તામાં રહી.. ફરતાં ફરતાં પીકે કોંગ્રેસમાં ગયા- 2024માં આમ ચપટી વગાડતાં જીતાડી આપુ,,રાહુલને પીએમ બનાવી આપુ એવા કાંઇ કે.લાલના જાદુઇ અંદાજમાં કહ્યું ન કહ્યું અને પાછા ઠેરના ઠેર અને હવે નવો પક્ષ બનાવવાની જાહેરાત- હમ તો બિહાર જાયેંગે ઔર જન સુરાજ પાર્ટી બનાયેંગે..

છેલ્લાં કેટલાક સમયથી મિડિયામાં અને રાજકારણમાં એક નામ હરીફરીને ચર્ચામાં આવ્યાં કરે છે-પ્રશાંત કિશોર સોનિયા સે મિલે....પ્રશાંત ને કોંગ્રેસ મેં બહોત બડા હોદ્દા માંગા...એવા બધા નિવેદનો આવ્યાં. કોંગ્રેસમાં મળવા ગયા તે અગાઉ પીકે બિહારમાં જેડી-યુગયા પણ સીએમ નીતિશકુમારને ન ગમ્યા અને નિકળી ગયા.

# દેશમાં 24 કલાકમાં કોરોનાના નવા 3,205 કેસ, 31ના મોત

ગુજરાત | વંદન

દેશમાં છેલ્લાં 24 કલાકમાં કોરોનાના નવા 3,205 કેસ નોંધાયા. જે ગઇ કાલના મુકાબલે તેમાં 25 ટકાનો ઉછાળો આવ્યો છે. જ્યારે 31 લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે છેલ્લાં 24 કલાકમાં 4,79,208 રસીકરણ કરવામાં આવ્યું. દેશમાં અત્યાર સુધીમાં કુલ 1,89,48,01,203 વેક્સિનેશન થયું છે. જ્યારે 2802 લોકો સાજા થયા છે. આ સાથે સાજા થનારા લોકોની સંખ્યા વધીને 42,544, 689 થઈ ગઈ છે. છેલ્લાં 24 કલાકમાં કોરોનાના કારણે 31 લોકોના મોત થયા છે. આ સાથે જ કોરોનાથી જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને 5,23,920 એ પહોંચી ગઇ છે.




ઉલ્લેખનીય છે કે, મંગળવારે દેશમાં છેલ્લાં 24 કલાકમાં કોરોનાના નવા 2,568 કેસ નોંધાયા હતા જ્યારે કોરોનાના કારણે 20 લોકોએ જીવ ગુમાવ્યો હતો. નવા કોરોનાના કેસમાંથી 80.58 ટકા તો પાંચ રાજ્યોમાંથી સામે આવ્યા હતાં. જેમાં માત્ર દિલ્હીમાં જ 41.9% કેસ નોંધાયા હતાં. દેશમાં છેલ્લાં 24 કલાકમાં કોરોનાના કારણે 20 લોકોના મોત થયા હતા જ્યારે ગઇકાલે વધુ 31 લોકોના મોત નિપજ્યાં છે.

# નોઈડામાં 31મી મે સુધી કલમ 144 લાગુ

## COVID-19ના વધતા કેસના અનુસંધાને નિર્ણય

ગુજરાત | વંદન

દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. આવી સ્થિતિમાં ફરી એક વખત પ્રતિબંધો વધી રહ્યા છે. દિલ્હીને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે જેને તંત્રએ ખૂબ જ ગંભીરતાથી લીધું છે. કોરોનાના કેસમાં વધારો અને આગામી તહેવોરોની સિઝનને જોતા તંત્ર તરફથી પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે. તેને ધ્યાનમાં રાખીને ગૌતમ બુદ્ધ નગરમાં ધારા 144 લાગુ કરી દેવામાં આવી છે. હાલમાં આ ધારા 31 મે સુધી લાગુ કરવામાં આવી છે. સાથે જ ગૌતમ બુદ્ધ નગર કમિશનરેટના જણાવ્યા પ્રમાણે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

દિલ્હીમાં કોરોનાના કેસોમાં એક વખત ફરી વધારો થઈ રહ્યો છે જેણે નોઈડામાં ચિંતા વધારી દીધી છે. દિલ્હીમાં છેલ્લા 24 કલાકમાં કોરોનાના 1,485 નવા કેસ નોંધાયા છે. ગૌતમ બુદ્ધ નગર પોલીસ કમિશનરેટે એક નિવેદનમાં જણાવ્યું કે, ઉચ્ચ અધિકારીઓની પરવાનગી વિના કોઈને વિરોધ પ્રદર્શન કે ભૂખ હડતાળ કરવાની મંજૂરી આપવામાં નહીં આવશે. જાહેર સ્થળોએ પૂજા અને પ્રાર્થના કરવાની પણ મંજૂરી આપવામાં નહીં આવશે. આ સાથે પોલીસે કહ્યું કે, સ્કૂલોમાં પરીક્ષા દરમિયાન કોવિડ-19 ગાઈડલાઈન પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સિંગનું ઉચિત રૂપથી પાલન કરાવવું પડશે.

# બોલીવુડમાં મોટા ભાગના રાગદરબારી ગાઇ રહ્યા છે: શત્રુઘ્ન સિંહાનો દાવો

## ■ આસનસોલથી ચુંટણી જીત્યા બાદ બોલીવુડ મામલે આપી આકરી પ્રતિક્રિયા

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળની આસનસોલ સંસદીય બેઠક પરથી પેટાચૂંટણીમાં શત્રુઘ્ન સિંહાએ બે લાખ કરતા વધુ મતથી ઐતિહાસિક જીત મેળવી છે જેના કારણે તેઓ ઘણા ચર્ચામાં છે. શત્રુઘ્ન સિંહાની બોલિવુડના એ એક્ટર્સમાં ગણતરી થાય છે, જે ફિલ્મી કરિયર ઉપરાંત પોલિટિક્સમાં પણ લાંબા સમયથી છે. પોતાના 'ખામોશ'વાળા ડાયલોગથી જાણીતા શત્રુઘ્ન સિંહા બોલિવુડમાં 'શોટગન'ના નામથી જાણીતા છે. બોલિવુડથી ઘણે દૂર નીકળી ચૂકલા શત્રુઘ્ન સિંહાએ તાજેતરમાં જ પોતાના એક ઈન્ટરવ્યુમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લઈને કેટલીક વાતો પણ કરી, જેમાં બોલિવુડના વલણને લઈને તેમનું દુ:ખ સ્પષ્ટ છલકાતું હતું.

આસનસોલ લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં જીત્યા પછી શત્રુઘ્ન સિંહાએ આપેલા ઈન્ટર્વ્યુમાં કોંગ્રેસ છોડીને મમતા બેનર્જીની ટીએમસી પાર્ટીમાં જવાથી લઈને બોલિવુડના વલણ અંગે કેટલીક વાતો કરી. તેમણે જ્યારે પૂછવામાં આવ્યું કે, હવે તેમને બોલિવુડની યાદ નથી આવતી? તેમને સવાલ કરાયો હતો કે, હવે તો પૂરેપૂરો રાજકારણી થઈ ગયા છો, સંપૂર્ણ રાજકીય વાતો કરી રહ્યા છો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ઘણી ડરેલી હોવાનું કહેવાય છે, લોકો ફિલ્મ બનાવવાથી ડરે છે, ત્યાં મજબૂત



અવાજની જરૂર છે, બુલંદ અવાજ ત્યાંથી ગૂમ છે, તેમને સહારો આપનાર નથી, તેમને લાગે છે કે જો હું આ ફિલ્મ બનાવીશ તો ક્યાંય જેલમાં ન જતો રહું, ક્યાંક દરોડો ન પડી જાય, તો તમે તેમન અનાથ છોડી દીધા?

આ સવાલના જવાબમાં શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે, 'મોટાભાગના તો તેમાંથી આજકાલ રાગ દરબારી ગાઈ રહ્યા છે. રાગ દરબારીની પણ એક મર્યાદા હોય છે. મોટાભાગના લોકો સરકારી રાગ આલાપી રહ્યા છે. મોટાભાગના લોકો સરકાર કે સરકારના વડાની કંઈક વધારે નજીક આવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ભયભીત પણ છે. ઉપરથી જે દરેક બિઝનેસ પર કહેર વરસ્યો છે તે છે કોરોના કહેર. કોરોનાના બે વર્ષમાં ઘણી ઓછી ફિલ્મો આવી છે. રોહિત શેટ્ટીએ ઘણી સારી ફિલ્મો બનાવી હતી, એન્ટરટેઈનમેન્ટ માટે અને ચાલી, પરંતુ તેને પણ લોકો કહે છે કે કોરોનામાં તેનો ઈન્ટરેસ્ટ એટલો થઈ ગયો હતો કે તેને ક્યાં સુધી પ્રોફિટ થયો તે તો એ જ જણાવી શકે છે. પરંતુ તે ઉપરાતં સારા-સારા કલાકારોની ફિલ્મો આવી, ખરાબ રીતે પીટાઈ ગઈ, ચાલી નહીં. તેના ઘણા કારણ છે કે કોરોનામાં થિયેટર્સની કેપેસિટી વધી નથી રહી અને બીજું કારણ એ છે કે મનોજ વાજપેયીએ પણ બરાબર કહ્યું છે કે, સાઉથની જે ફિલ્મો છે, વેબ સીરિઝે તહેલકો મચાવી દીધો. તેણે ભાષાની દિવાલોન નબળી કરી દીધી છે. તમિળ, તેલુગુ ફિલ્મોને પણ લોકોએ જોઈ અને વખાણી.' શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે, 'એક વાત બીજી કહી દઉં કે તમે કહ્યું કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો ગભરાયેલા છે, ડરેલા રહે છે, મોટાભાગના લોકો... એ સાચું છે. તમને તાજું ઉદાહરણ આપું છું કે, દુનિયાભરથી તમે પણ અને હજારો હજાર મને અભિનંદન મળ્યા કે પાંચમી વખથ આ લોકસભામાં તમે પાછા આવ્યા, કમાલ કરી દીધો. તમને સાંભળીને આશ્ચર્ય થશે કે કદાચ ખુશી પણ થાય, મને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી માત્ર એક-બે લોકો ઉપરાંત, ઈન્ડિયન ટેલિવિઝન એકેડમીના શશિ રંજન અને 3-4 લોકોને છોડીને એકપણ અભિનંદનનો કોલ નથી આવ્યો.

## રાણાનું નવુ ગીત- મુઝકો ઠાકરેજી માફ કરના ગલતી મારે સે..., જ્યારે રેણુકા શહાણેએ રાજ ઠાકરેની પોલ ખોલી...

# શ્રીરામ બાદ હવે હનુમાન દાદા પણ મૂંઝાયા-યે ક્યા હો રહા હૈ..!


ગુજરાત | વંદન

અદભૂત...અદભૂત...અદભૂત..... અયસ, મહારાષ્ટ્રના રાજકારણ માટે આ જ એક શબ્દ છે. કેમ કે ત્યાં અદભૂત..અદભૂત ચાલી રહ્યું છે. આ અદભૂત..અદભૂત જોઈને બિચારા રામભક્ત હનુમાનદાદા પણ મૂંઝાયા અને છલાંગ મારીને પ્રભુ પાસે પહોંચી બે હાથ જોડીને કહ્યું- પ્રભુ, તમે જન્મ્યા એ ભારત વર્ષમાં આ શું ચાલી રહ્યું છે...?

પ્રભુ શ્રીરામ અરૂણ ગોવિલની મંદ મંદ મુસ્કાન સાથે બોલ્યાં-વત્સ..તું મારી સાથે રહે છે ને..એટલે મને યાદ કર્યા બાદ હવે તારૂ સ્મરણ કરે છે..તારા નામના ચાલીસા વાંચે છે...! હનુદાદાએ પૂછ્યું-પ્રભુ, જેઓ ધાર્મિક સ્થાનની બહાર, રાજકીય મુખ્યમથકની બહાર હનુમાન ચાલીસા વાંચવા જીદે ચઢ્યા છે તેઓને મારા ચાલીસા મોઢે છે ખરા..? એનો અર્થ ખબર છે ખરા..? પ્રભુએ હસીને કહ્યું- વત્સ, હજુ તેઓ મને સમજી શક્યા નથી ત્યાં તારા ચાલીસા સમજતા તો યુગો વીતી જશે..લે આ શબરીના એંઠા બોર તું પણ ચાખી લે...ભારત વર્ષની ચિંતા ના કર. તારા સાચા ભકતોની ચિંતા કર....હનુમાનદાદાએ બે હાથ જોડીને કહ્યું- જૈસી આપકી આજ્ઞા પ્રભુ...!

એક રાતે સપનુ આવ્યું અને એકાએક મનસે(મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) વાળા રાજ ઠાકરેને યાદ આવ્યું કે ના..નવા આ નહી ચાલે.. લાઉડસ્પીકર તો નહીં જ, 3 મે સુધી ઉતારી લો નહીંતર ધાર્મિક સ્થાનની બહાર વાગશે હનુમાન ચાલીસા...! મહારાષ્ટ્રમાં ઉતરે તે પહેલાં આદિત્યનાથે ફટાફટ બુલડોઝરમાંથી ઉતરીને યુપીમાં ઉતારી લીધા....અવાજ ધીમો કરી નાંખ્યો...! તે પહેલાં કોઇ અપક્ષ સાંસદ નવનીત રાણા અને ધારાસભ્ય પતિ રવિ રાણાને પણ સપનુ આવ્યું અને સવારે જાહેર કર્યુ-હું શિવસેનાના મુખ્યમથક માતોશ્રીની બહાર હનુમાન ચાલીસા વાંચીશ..! પછી એવુ થયું કે માતોશ્રી પહોંચવાને બદલે હવે જેલમાં બેઠા બેઠા ખબર નહીં શું વાંચી રહ્યાં હશે પણ મહિલા સાંસદ નવનીત રાણા વાદવિવાદમાં આવ્યા એટલે તેમના ભવ્ય ભૂતકાળની હોટ એન્ડ બોલ્ડ તસ્વીરો નેટ પર ફરતી થઇ....! ન ઓળખનારા પણ ઓળખવા લાગ્યા-ઓહો.ક્યા બાત હૈ.... તો આ છે નવનીત રાણા...? હનુમાન ચાલીસા વાંચવાની ઘોષણા કરનારના આવા ફોટા..!

રાજ ઠાકરે અને રાણા દંપત્તિ રોજ સવારે હનુમાન ચાલીસા વાંચતા જ હશે અને તેમને ઉંઘમાંથી ઉઠાડીને હનુમાન ચાલીસા વિષે પૂછવામાં આવે તો ફટાફટ વ્યાખ્યાનકારની જેમ બોલવા લાગે એટલુ તો તેમણે ચાલીસામાંથી પરમ જ્ઞાન મેળવ્યું જ હશે, એમ માની લેવુ પડે. નહીંતર તો તે સિવાય તેમને જાહેરમાં હનુમાન ચાલીસા વાંચવાનું ક્યાંથી સુઝે..?!



રાજ એક સમયે ઠાકરે પરિવારનો હિસ્સો હતા પણ બાલાસાહેબ ઠાકરેથી તેઓ અલગ પડ્યા અને મનસે સંગઠન બનાવ્યું. મુંબઈમાં રહેતા પરપ્રાંતના લોકોને નિશાન બનાવીને તેમને મુંબઈમાંથી હાંકી કાઢવાનો મુદ્દો અજમાવ્યો. પણ ન ફાવ્યાં. સક્રિય રાજકારણમાં તેમના સળવળાટને લઇને શિવસેનાએ દાવો કર્યો કે રાજ ભાજપની ભાષા બોલી રહ્યાં છે..રાજ સામે આવો આરોપ મૂકાયો પણ લોકસભા ચૂંટણીમાં તેમણે શું કર્યું હતું.. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં તેમણે મુંબઈમાં ભાજપની વિરૂધ્ધ જમ કે પ્રચાર કર્યો...ભાજપે 2014માં જે વચનો આપ્યાં તેનો ગણી ગણીને હિસાબ માંગ્યો. 5 ઓગસ્ટ 2019ના રોજ કાશ્મિર માટેની કલમ 370 હટ્યા બાદ લોકસભાના પરિણામોને જોડીને તા. 9 Aug 2019ના રોજ રા.ઠા. ઉવાચ- :"કલમ 370 ભલે હટાવી, પરંતુ 371 લોકસભા બેઠકો પર ગોટાળા કર્યા તેનું શું?"

"ભાજપ ઓવૈસી બંધુઓને નાણાકીય મદદ કરે છે:" રાજ ઠાકરે (10 Apr 2016). મનસેની દાદાગીરી, મુંબઈમાં ગુજરાતી બોર્ડને બનાવ્યા નિશાન: (28 Jul 2017). રાજ ઠારે ફરિ વિવાદમાં આવ્યાં એટલે નેટ અને મિડિયામાં તેમણે અગાઉ શું કહ્યું તે નિવેદનો જોવા મળે છે. 2016માં મનસેએ ઐ દિલ હૈ મુશ્કિલ નામની ફિલ્મનો વિરોધ કર્યો હતો. તે વખતે રેણુકા શહાણેએ જાહેર નિવેદનો કરીને મનસેને તેનો ભૂતકાળ યાદ કરાવ્યો હતો. 21 Oct 2016ના રોજ રેણુકા શહાણે રેણુકાએ ફેસબુક પોસ્ટમાં અમુક ઘટનાક્રમ વિશે જણાવ્યું , અને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે રાજ ઠાકરેની પાર્ટીએ ક્યારે-ક્યારે પોતાના રંગ બદલ્યા છે...

તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, આ ટાઈમલાઈન તે લોકો માટે છે જેમની યાદશક્તિ નબળી છે. 3 ફેબ્રુઆરી, 2008- જયા બચ્ચને પુછ્યું કે, રાજ ઠાકરે કોણ છે? અને ત્યારપછી મનસેએ મુંબઈમાં ઉત્તર ભારતના લોકોને ટાર્ગેટ કર્યા. 8 સપ્ટેમ્બર, 2008- યૂપીના બ્રાન્ડ એમ્બેસેડર બનવા પર અને મહારાષ્ટ્રના બદલે યૂપીની છોકરીઓ માટે સ્કુલ ખોલવા પર મનસેએ અમિતાબ બચ્ચન પર નિશાન સાધ્યા હતા. જયા બચ્ચને એક મ્યુઝિક લોન્ચ વખતે હિન્દીમાં વાત કરવા પર કટાક્ષ કર્યો હતો અને ત્યારપછી મનસેએ અમિતાભ બચ્ચનની ફિલ્મ The Last Learનો વિરોધ શરુ કર્યો.



# ‘મજા માં’ ફિલ્મમાં માધુરી દીક્ષિત બની ગુજરાતી મા

## પ્રાઈમ વીડિયો પર ફિલ્મનો ફર્સ્ટ લુક જાહેર: મા-દીકરાના સંબંધની હળવી ફિલ્મ

માધુરી દીક્ષિત હવે ગુજરાતી માંના રોલમાં જોવા મળશે. ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડિયો પર તેની ફિલ્મ ‘મજા માં’ રિલીઝ થશે.જેની પ્રાઈમ વીડિયોએ જાહેરાત કરી હતી. આ ફિલ્મનું નિર્દેશન આનંદ તિવારીએ કર્યું છે. જયારે નિર્માણ અમૃતપાલ સિંહ બિંદ્રાએ કર્યું છે.

તેમણે અગાઉ વર્ષ 2020ના ‘બંદીશ બેન્ડીટ્સ’ સીરીઝ બનાવી હતી. ‘મજા માં’માં ઋત્વિક ભૌમિક, શિબા ચઢ્ઢા ઉપરાંત બરખાસિંઘ, સૃષ્ટિ શ્રીવાસ્તવ, રજીત કપૂર અને સિમોની સિંઘ પણ ચમકી રહ્યા છે. માધુરી દીક્ષિત કહે છે-ફિલ્મના દરેક કલાકારો ટેલેન્ટેડ છે અને માત્રમાં તે તેમણે દેખાડી છે, દરરોજ હું તેમનામાંથી શીખી છું.

આ ફિલ્મનું શૂટીંગ એક અદભૂત પાત્ર હતી. કરણ (જોહર)એ મને આ ફિલ્મ વિષે કહ્યું હતું. ‘મજા માં’ એક હળવી વિનોદી ફિલ્મ છે જેમાં માધુરી એક પ્રેમાળ માતાનું પાત્ર ભજવે છે, જે અજાણતા તેના દીકરાના લગ્નમાં અજાણતા વિધ્નો ઉભા કરે છે.



# સૌથી પહેલાં ઐશ્વર્યા જ્યૂરી સભ્ય બની હતી

## 75મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતમાંથી એકમાત્ર દીપિકા પાદુકોણ હશે જ્યુરી મેમ્બર

ભારતીય અભિનેત્રી દીપિકા પાદુકોણની ૭૫માં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યુરી મેમ્બર તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ફેસ્ટિવલ આગામી મે મહિનામાં તા. ૧૭થી ૨૮ દરમિયાન યોજાવાનો છે.

કાન ફેસ્ટિવલના સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા જ્યૂરીની સત્તાવાર ઘોષણા કરવામાં આવી તે પછી દીપિકા પાદુકોણે પણ આ ન્યૂઝ શેર કર્યા હતા. રણવીર સિંહે પત્નીની આ સિદ્ધિને વાહ એમ લખીને તાળીઓના ઈમોજી સાથે વધાવી હતી દીપિકાએ પહેલીવાર ૨૦૧૭માં આ ફેસ્ટિવલમાં ડેબ્યૂ કર્યું હતું. હવે તે પહેલીવાર જ્યૂરી મેમ્બર તરીકે ભાગ લેશે. ભારતમાંથી ફિચર ફિલ્મ કેટેગરીમાં જ્યૂરી તરીકે પસંદ પામનારી પ્રથમ હસ્તી ઐશ્વર્યા બચ્ચન હતી. તેને ૨૦૦૩માં આ સન્માન મળ્યું હતું. દર વર્ષે કાનમાં ઐશ્વર્યાની હાજરીની ખાસ રાહ જોવાય છે. અનેક ભારતીય અભિનેત્રીઓ કાનમાં રેડ કાર્પેટ ઈવેન્ટમાં ભાગ લે છે. તેમના કોશ્ચ્યુમ, જવેલરી વગેરે ખાસ ચર્ચાનો વિષય બને છે.

દીપિકા પહેલાં શર્મિલા ટાગોર, મૃણાલ સેન, શેખર કપૂર, મીરાં નાયર, વિદ્યા બાલન, અરુંધતિ રોય અને નંદિતા દાસ પણ વિવિધ કેટગરીમાં જ્યૂરી તરીકે પસંદગી પામી ચૂક્યાં છે.

# ભોજપુરી સ્ટાર પવન સિંહ પત્નીથી લેશે છુટાછેડા, ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી



ભોજપુરી સુપરસ્ટાર અને સિંગર પવન સિંહ હંમેશા ચર્ચામાં રહે છે. આ વખતે પવન સિંહ અંગત કારણોસર ચર્ચામાં છે. વાસ્તવમાં, તેણે આરા ફેમિલી કોર્ટમાં પત્ની જ્યોતિ સિંહથી છૂટાછેડા માટે અરજી કરી છે. પવન સિંહની ગુરુવારે ફેમિલી કોર્ટમાં તારીખ હતી. જેમાં તે પહોંચ્યો ન હતો પરંતુ તેની પત્ની આવી હતી. તેણે ગયા વર્ષે ઓક્ટોબરમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. હવે આ મામલાની આગામી સુનાવણી 26 મેના રોજ થશે. પવન સિંહની પત્ની જ્યોતિ ઘણા સમયથી તેના મામાના ઘરે રહે છે. તેમણે વચગાળાના ભરણપોષણ ભથ્થા તરીકે દર મહિને 3.5 લાખ આપવા માટે અરજી દાખલ કરી છે. જણાવી દઈએ કે પવન સિંહે 2018માં જ્યોતિ સિંહ સાથે બીજા લગ્ન કર્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે લગ્નના થોડા સમય બાદ બંનેના સંબંધોમાં ખટાશ આવવા લાગી હતી. હવે પવન સિંહે છૂટાછેડા માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી છે. સુપરસ્ટારની પહેલી પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી.



# દિશા પટાણીએ સર્જરી કરાવી પોતાનો નેચરલ લૂક બગાડ્યો

બોયફ્રેન્ડ ટાઈગર શ્રોફની હિરોપંતીટૂ ફિલ્મનની સ્ક્રિનિંગ પર પહોંચેલી દિશા પટાણીની તસવીરો જોઈ તેના ચાહકોને આંચકો લાગ્યો છે. હીરોઈનનો ચહેરો બદલાયેલો બદલાયેલો લાગતાં તેણે હોઠ અને નાકની સર્જરીકરાવી હોવાનો ક્યાસ લગાડવામાં આવી રહ્યો છે. જોકે, ચાહકોના મતે તેનો અગાઉનો નેચરલ લૂક વધારે સારો હતો.

હીરોપંતીના સ્ક્રિનિંગ વખતે દિશા લવંડર કલરના ડ્રેસમાં આવી હતી. તેના હાથમાં તદ્દન નાની બેગની પણ લોકોએ ટીખળ કરી હતી. કેટલાય લોકોએ આ બેગને માચીસની ડબ્બી સાથે સરખાવી દિશા તેમાં શું રાખતી હશે તે વિશે અટકળો લગાવી હતી.

કેટલાય ચાહકોએ લખ્યું હતું કે દિશાએ પોતાના હોઠ અને નાકની સર્જરી કરાવી વાણી કપૂરની જેમ પોતાનો લૂક બગાડી નાખ્યો છે. અગાઉ , વાણી કપૂર પણ કોસ્મેટિક સર્જરી કરાવ્યા બાદ ટીકાઓનો ભોગ બની હતી.

આ પહેલાં અનુષ્કા શર્મા અને આયેશા ટાકિયાએ પણ કોસ્મેટિક સર્જરી કરાવ્યા બાદ પોતાની જન્મદત્ત સુંદરતા ગુમાવી દીધી હોવાનું ચાહકોએ જણાવ્યું હતું. બોલિવુડમાં હિરોઈનો સમયાંતરે પોતાના ચહેરાના લૂક્સ જાળવી રાખવા માટે સર્જરી કરાવતી હોય છે. કેટલીક હિરોઈન કોઈ ખાસ ફિચરમાં પરિવર્તન માટે સર્જરી કરાવે છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં સર્જરી કરાવ્યા બાદ લૂક પહેલાં કરતાં ખરાબ થઈ જાય છે.

# અક્ષયે અજયની ફિલ્મ વખાણતાં લોકોએ કહ્યું, આ તો ગુટકા ગેંગ!





અક્ષય કુમારે અજય દેવગણની નવી ફિલ્મનાં વખાણ કરતાં લોકોએ સોશિયલ મીડિયા પર લોકોએ આ કલાકારોની સામસામી વાહવાહીને ગુટખા ગેંગ તરીકે વગોવી ભારે ટીકા કરી હતી.

અજય દેવગણની નવી ફિલ્મ રન વે ૩૪નો બોક્સ ઓફિસ પર પહેલા દિવસનો દેખાવ ખાસ પ્રોત્સાહનજનક રહ્યો નથી. પરંતુ, અજયે રિલીઝ પહેલાં બોલિવુડના કેટલાક કલાકારો માટે પ્રિવ્યૂ ગોઠવ્યો હતો. જે પછી રિવાજ લેખે તમામ કલાકારોએ ફિલ્મનાં વખાણ કર્યાં હતાં.

અક્ષય કુમારે સોશિયલ મીડિયા પર આ ફિલ્મનાં પેટ ભરીને વખાણ કર્યાં હતાં. અજય દેવગણે અક્ષયનો આ પ્રશંસા બદલ આભાર માન્યો હતો.

જોકે, એકબીજાના વખાણ કર્યા કરી પોતાનો હેતુ સિદ્ધ કરવાની બોલિવુડની આ રીતરસમથી કંટાળી ગયા હોય તેમ લોકોએ આ પોસ્ટની ભારે ટીકા કરી હતી.

કેટલાક લોકોએ આ બંને કલાકારોના સંવાદને ગુટખા ગેંગ તરીકે વગોવ્યો હતો. અજય દેવગણ લાંબા સમયથી જે ગુટખા બ્રાન્ડની જાહેરખબર કરે છે તેમાં તેની સાથે અક્ષય કુમાર અને શાહરુખ ખાનપણ જોડાયા છે. જોકે, બાદમાં અક્ષયે આ જાહેરખબર કરવા બદલપોતાના ચાહકોની માફી માગી હતી અને પોતે આ બ્રાન્ડ છોડી રહ્યો હોવાની જાહેરાત કરી હતી. બીજી તરફ અજયે પોતાની જાહેરખબરનો બચાવ કર્યો છે.

## ફિલ્મ ગદર-2નું લખનઉમાં શૂટિંગ પૂર્ણ

# આ ફિલ્મનું 80 ટકા શૂટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે: અનિલ શર્મા



બોલિવૂડના જાણીતા અભિનેતા સની દેઓલ આગામી ફિલ્મ ‘ગદર 2’ને લઈને ખૂબ જ ચર્ચામાં છે. તેના ફેન્સ આ ફિલ્મની ખૂબ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મને લઈને વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. હકીકતમાં ફિલ્મ ‘ગદર 2’ના લખનઉ શેડ્યૂલનું શૂટિંગ પૂરું થઈ ગયું છે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ માહિતી શેર કરી છે. ફિલ્મની ટીમને ટેગ કરતાં તરણ આદર્શે કહ્યું કે ડિરેક્ટર અનિલ શર્માએ ‘ગદર 2’નું 80 ટકા શૂટિંગ પૂર્ણ કરી લીધું છે અને હવે ફિલ્મના આગામી શેડ્યૂલનું શૂટિંગ જૂનમાં શરૂ થવાની આશા છે. લખનઉમાં લગભગ 55 દિવસ સુધી શૂટિંગ કર્યું છે. ફિલ્મના નિર્દેશક અનિલ શર્માએ કહ્યું, ‘લખનૌના 100 થી વધુ કલાકારો તેનો ભાગ હતા. 60 થી વધુ માત્ર કથક કલાકારોને લેવામાં આવ્યા હતા. આ સાથે ફિલ્મમાં લખનઉની ઈમારતો, સંગીત, ખાણી-પીણી સહિત ઘણું બધું જોવા મળશે. ‘ગદર 2’માં ભારત-પાકિસ્તાનના એંગલને આગળ ધપાવવામાં આવશે. ફિલ્મ ગદર એક પ્રેમ કથાની સિક્વલ છે. ફિલ્મના પહેલા ભાગમાં અમીષા પટેલ સની દેઓલ સાથે જોવા મળી હતી, જેમાં બંનેની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. પાર્ટ-2માં પણ સની દેઓલ સાથે અમિષા પટેલ ભૂમિકામાં જોવા મળશે. પુત્રનો રોલ કરી રહેલા બાળ કલાકાર ઉત્કર્ષ શર્મા પણ મહત્વના રોલમાં જોવા મળશે. ફિલ્મ વર્ષ 2022માં જ રિલીઝ થશે.

# માત્ર ઓટીટી હીરો બની ચુકેલા અભિષેકને નવી ફિલ્મની ઓફર




તાન્હાજી અને આદિપુરુષ જેવી ફિલ્મોના ડાયરેક્ટર ઓમ રાઉતે અભિષેક બચ્ચનને પોતાની નવી ફિલ્મ માટે ઓફર આપી હોવાનું કહેવાય છે. જોકે, આ ઓફર હજુ પ્રાથમિક તબક્કામાં છે.

અભિષેક પાસે હાલ એસએસેએસ-૭ નામની તામિલ ફિલ્મનાં સમાંતર બની રહેલાં હિંદી વર્ઝન ઉપરાંત આર બાલ્કીની ઘૂમર હાથ પર છે. ઘૂમરમાં તે ફરી એકવાર પિતા અમિતાભ સાથે દેખાવાનો છે. તાજેતરમાં ઓટીટી પર તેની ફિલ્મ દસવી રિલીઝ થઈ છે. આ ફિલ્મ તેના નબળા અને બાલિશ સ્ક્રિનપ્લે માટે ટીકાને પાત્ર બની છે. જોકે, પિતા અમિતાભ બચ્ચને આ ફિલ્મમાં અભિષેકની એક્ટિંગનાં બહુ જ વખાણ કર્યાં હતાં. અભિષેકની થિયેટરમાં છેલ્લે મનમર્ઝિયાં ફિલ્મ ૨૦૧૮માં આવી હતી પરંતુ તે ફ્લોપ ગઈ હતી. તે પછી ઓટીટી પર લ્યુડો, બોબ બિશ્વાસ અને ધી બિગ બુલ જેવી ફિલ્મો આવી ચુકી છે. આમ છેલ્લા કેટલાય સમયથી તેની ફિલ્મો માત્ર ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. એક અહેવાલ અનુસાર ઓમ રાઉત એક નવી એકશન ડ્રામા ફિલ્મનું આયોજન કરી રહ્યા છે. તે માટે તેમણે અભિષેકનો સંપર્ક સાધ્યો છે. જોકે, હજુ સુધી આખરી નિર્ણય લેવાયો નથી.

# કિંગ ખાને પોતાના ઘર ‘મન્નત’ની નેમ પ્લેટ બદલવા કર્યો 25 લાખ રૂપિયાનો ખર્ચ

બોલીવૂડ સ્ટાર શાહરૂખ ખાન તાજેતરમાં રણબીર અને આલિયાની પાર્ટીમાં નજરે પડ્યો હતો. એ પછી તે બાબા સિદ્દીકીની ઈફતાર પાર્ટીમાં પણ પહોંચ્યો હતો.

હવે કિંગ ખાન પોતાના ઘર મન્નતની નેમ પ્લેટને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં જ શાહરૂખે પોતાના ઘરની નેમ પ્લેટ બદલાવી છે અને તેના ફોટો પણ સોશિયલ મીડિયા પર શેર થઈ રહ્યા છે. એવી અટકળો થઈ રહી છે કે નવી નેમ પ્લેટ શાહરૂખની પત્ની ગૌરી ખાને ડિઝાઈન કરી છે. કારણકે તે પોતે ઈન્ટિરિયર ડેકોરેટર પણ છે. બીજી તરફ મીડિયા રિપોર્ટ પ્રમાણે આ નેમ પ્લેટ 25 થી 30 લાખ રૂપિયાની છે. નેમ પ્લેટના ખર્ચને લઈને ઈન્ટરનેટ પર ચર્ચાઓ ચાલી રહી છે. શાહરૂખ ખાનની વાત કરવામાં આવે તો તે હાલમાં પઠાણના શૂટિંગને પુરૂ કરી ચુકયો છે અને હવે તે રાજકુમાર હિરાનીની ફિલ્મ ડન્કીનુ શૂટિંગ શરૂ કરવાનો છે.



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# માતાનો આર્તનાદ : છ-છ મહિના વિતી ગયા, કોઇ તો મારી દીકરીને ન્યાય અપાવો....!

ઘટના પછી તરત જ ગૃહમંત્રીએ કહ્યું હતું, આ તો મારી બેન છે, ન્યાય ઝડપથી મળશે...

'છ મહિના થયા છતાં પોલીસ અંધારામાં ફાંફા મારે છે, એ નરાધમો સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે, કોઈ તો મારી દિકરીને ન્યાય અપાવો...'' આ શબ્દો છે મૃતક પીડિતાની માતાના.. જે ગૃહમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને ન્યાયની માંગણી કરી રહી છે. છ મહિના પહેલા નવસારીની દીકરીની લાશ વલસાડ નજીક ગુજરાત ક્વીન એક્સપ્રેસ ટ્રેનમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. પ્રાથમિક તપાસમાં વડોદરામાં યુવતી સાથે ગેંગરેપ થયો હોવાનું જાણવા મળ્યું હતું. યુવતી પર સામૂહિક બળાત્કાર ગુજારાયો હોવાનો ઉલ્લેખ તેની ડાયરીમાંથી મળી આવ્યો હતો. જો કે ગાંધીનગરથી આવેલા FSL રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે યુવતી પર કોઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું નથી.







આ ઘટનાને જલ્દી ઉકેલવાની ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ખાતરી આપી હતી, પરંતુ આજે છ મહિને પોલીસ આરોપીઓને પકડવાનું તો દૂર, ઓળખી પણ નથી શકી. મૃતક યુવતીની માતાએ જણાવ્યું હતું કે "મેં વચ્ચે સંઘવી સાહેબને બે વખત ફોન પણ કર્યો હતો, પરંતુ તેમના તરફથી કોઈ રિસ્પોન્સ જ આવ્યો નહોતો. અમે સુરતમાં સંઘવી સાહેબને મળ્યા ત્યારે તો તેમણે કહ્યું હતું કે ગુજરાતની અત્યારસુધીની સૌથી મોટી ટીમ આમાં કામ કરી રહી છે. તમારી દીકરીને ન્યાય તરતને તરત મળી જ રહેશે એવી તેમણે વાતો કરી હતી, પરંતુ કમનસીબે આવું કશું થયું નથી."

"ઓએસિસ સંસ્થા કે જેની સામે કાર્યવાહી કરવાની અમે માગ કરી હતી, પણ હજી સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. અમને એવું લાગે છે કે ત્યાં કાર્યવાહી ઠંડી પડી રહી છે. ઓસેસિસના સંજુ દેસાઈની પણ કોઈ પૂછપરછ પોલીસે કરી કે ન કરી એ ખબર જ નથી. મારી દીકરીએ સૌથી છેલ્લો કોલ સંજુભાઈને કર્યો હતો અને તેઓ એ સંસ્થાના સૌથી મોટા અધિકારી છે. એટલે તેમની તો બધી વસ્તુની જાણકારી હોવી જ જોઈએ." ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તો પીડિતાને બહેન કહીને ગણતરીના દિવસોમાં ગુનેગારો જેલના સળિયા પાછળ હશે,

...અનુસંધાન પેજ નં. 6 પર

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### કોંગ્રેસમાં કોટવાલ જેવા નેતાઓની માનસિકતાઃ એક કદમ ભાજપ કી ઓર... ભાજપ કહે-યે દિલ માંગે મોર....!!



બિચ્ચારા અશ્વિન કોટવાલ. કોંગ્રેસના આદિવાસી સમાજના સિનિયર ધારાસભ્ય, માનસિક રીતે કેટલા હેરાન થયા હશે..? 2007થી તેમના દિલમાં રામ નહીં પણ મોદી વસી રહ્યાં હતા અને 2007થી લઈને છેક 2022માં મોદીની પાર્ટીમાં જવાનો મોકો મળ્યો..કમલમમાં પહોંચીને કેસરી ખેસ અને કેસરી ટોપી પહેરી ત્યારે તેમને એમ થયું હશે કે હાશ...હવે શાંતિ મળી...મેરે તો કેસરીધર ગોપાલ..દુજો ન કોઇ..!

ગુજરાતમાં કોંગ્રેસના સત્યાનાશ પાછળ અશ્વિન કોટવાલ જેવા ધારાસભ્યો અને નેતાઓ હશે કે જેઓ બેસે છે, ફરે છે રાજીવ ગાંધી ભવનમાં પણ મન તો કમલમમાં...! અશ્વિન કોટવાલે ભાજપમાં જોડાયા બાદ પોતાના મન કી બાત કરી કે હું તો 2007થી મોદીનો ચાહક છું, મોદી જેવા કોઇ બીજા વિકાસપુરૂષ આખા વિશ્વમાં નથી...એ સાંભળીને કોંગ્રેસમાં જગદીશ ઠાકોર, અર્જુન મોઢવાડિયા, ભરતસિંહ સોલંકીએ મનમાં બોલ્યા તો હશે જ કે બાવળિયા અને જવાહર ચાવડાની જેમ કોટવાલ પણ છેતરી ગયો...2007થી મોદીના ચાહક અને ટિકિટ લીધી કોંગ્રેસમાંથી તો પાર્ટીમાં રહીને કેટલુ નુકશાન પહોંચાડ્યું હશે..અને કોટવાલ જેવા હજુ કેટલા હશે કોંગ્રેસમાં...?!

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટી હવે મજાકનું સાધન બની ગઇ છે. સૌ કોઇ ઠેકડી ઉડાવે છે- જગદીશભાઇ, આજે કોનો વારો...? જગદીશભાઇ શું બોલે...? કેમ કે એમને પણ વિશ્વાસ નહીં હોય કે જેમની સાથે તેઓ વાત કરી રહ્યાં હશે તે આવતીકાલે કમલમમાં તો નહીં હોય ને..?! કારણ કે એવા એવા કોંગ્રેસીઓએ કેસરી ખેસ ધારણ કર્યો કે જે નેતાઓની કલ્પનાની બહાર હતું. એટલે ચૂંટણીઓ જાહેર થાય ત્યાં સુધીમાં રાજીવ ગાંધી ભવનમાંથી બીજા ધારાસભ્યો અને નેતાઓ કમલમ તરફ જઇ રહ્યાં હશે..એ નિરાશા સાથે કે ગુજરાતમાં કોંગ્રેસ હવે 50 વર્ષ સુધી આવવાની નથી એટલે એક કદમ ભાજપ કી ઓર...અને ભાજપ કહે-યે દિલ માંગે મોર....!!

### ચાલો તો કહો જોઇએ, બાબરીનો ઢાંચો કોણે તોડ્યો..? દેવેન્દ્ર ફડણવીસે આંગળી ઉંચી કરી-સાહેબ મેં તોડ્યો..!

બાબરીનો ઢાંચો કોણે તોડ્યો..? એવો સવાલ અગાઉ કરાતો ત્યારે શિવસેના સિવાય કોઇ એમ નહોતા બોલતા કે હાં, અમે ઢાંચો તોડ્યો.. બાલ ઠાકરેએ ખુલ્લેઆમ કહ્યું હતું કે મારા શિવસૈનિકોએ બાબરીને પાડી. વર્ષો સુધી કોઇએ કહ્યું નહીં કે હાં, મેં બાબરીનો ઢાંચો પાડ્યો હતો..! હવે ભાજપમાંથી મહારાષ્ટ્રના પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસે શિવસેનાને લલકારીને કહ્યું-બાબરીનો ઢાંચો તોડનારામાં હું હતો..શિવસૈનિકો તો દૂર દૂર સુધી નહોતા...મેં 14 દિવસ જેલવાસ વેઠ્યો હતો..

ભાઉ દેવેન્દ્ર, બાબરીનો ઢાંચો તોડવા બદલ તમને પાર્ટીએ સીએમ બનાવ્યાં હશે પણ હવે તમે રહી રહીને કહો છો તો આવકાર અને તમારી વાતને ફુલગુલાબ. હવે તો રાજકારણીઓ અને લોકો બાબરીને ભૂલી ગયા અને બાબરીના સ્થાને હવે અયોધ્યામાં આલિશાન ભવ્ય અને દિવ્ય રામમંદિર બની રહ્યું છે તેવા સમયે ગર્વ સે કહો....ની જેમ જાહેરમાં નિવેદન પાછળ કારણ અને રાજકારણ છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં એન્ટેલિયા કાંડ બાદ જબરજસ્ત ચાલી રહ્યું છે. એવી સ્થિતિ રોજે રોજ બદલાઇ રહી છે કે તેનું પરિણામ એ આવશે કે કાં તો શિવસેના રહેશે કાં તો ભાજપ....! એનસીપી અને કોંગ્રેસ એક સમયના પાકા દોસ્ત અને હવે એકબીજાના કટ્ટર હરિફ એવા ભાજપ અને શિવસેના વચ્ચે ચાલી રહેલા જંગથી પરેશાન નથી. પણ સરકાર ગબડી ન પડે તેની પણ ચિંતા તો હોય જ. તેમાં હવે રાજ ઠાકરેનો ઉદય થયો એટલે એક મોરચે શિવસેના અને સામા મોરચે હવે ભાજપ અને રાજ ઠાકરે. કોઇ મારધાડવાળી ફિલ્મને ટક્કર મારે એવા એવા સમીકરણો બની રહ્યાં છે અને લક્ષ્ય એક જ છે. સીએમ ઉદ્ધવ ઠાકરેના નામની આગળ લખવાનું છે-પૂર્વ સીએમ...! પણ શું એવુ થશે...? શરદ પવાર જાણે..

### મુકેશ અંબાણીના ઘરનું નવુ સરનામું-રિલાયન્સ ટાઉનશીપ મુ.પો. જામનગર...શાંતિથી રહો કોઇ ખતરો નથી..!

ભારતના સૌથી ધનિક મુકેશ અંબાણીએ મુંબઈમાં 27 માળનું એન્ટેલિયા બનાવ્યું પણ એકાદ વર્ષ પહેલાં એન્ટેલિયાને ઉડાવી દેવાના કાવતરાના પર્દાફાશ પછી તેઓ ગુજરાતમાં જ્યાં તેમની રિફાઇનરી છે તે જામનગરમાં નિવાસ કરે છે અને કામકાજ માટે મુંબઇ આવરજવર કરે છે. સાવ એવુ નથી કે તેઓ અને તેમના પરિવારજનો એન્ટેલિયામાં રહેતાં નહીં હોય. રહેતા હશે પણ એન્ટેલિયાની બહાર વિસ્ફોટક ભરેલી કાર મળ્યા બાદ સાવચેતીરૂપે તેમણે મુકામ પોસ્ટ બદલીને સલામત ગુજરાત પર પસંદગી ઉતારીને ટાઉનશીપમાં ભવ્ય અને આલિશાન બંગલો બનાવ્યો છે.

તેમના પરિવારમાં હમણાં જન્મદિવસ ઉજવાયો ત્યારે મુંબઇની સેલેબ્રીટીઝ જામનગર આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હમણાં જામનગરની મુલાકાત લીધી

...અનુસંધાન પેજ નં. 6 પર

## કોર્પોરેશને ગેરકાયદે ગરીબોની ઝૂંપડીઓ પર બુલડોઝર ફેરવ્યું : કોંગ્રેસ



ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીઓ અને દબાણો ગેરકાયદે રીતે બુલડોઝર ચલાવીને તોડી પાડ્યા હોવાનો દાવો ગુજરાત કોંગ્રેસના નેતા દિપકભાઈ બાબરીયા અને પ્રવક્તા મનિષ દોશીએ કર્યો હતો. દિપકભાઈ બાબરીયાએ જણાવ્યું હતું કે, સરખેજ વિસ્તારમાં શકરી તળાવ વિસ્તારના 50થી વધુ કુટુંબો પર બુલડોઝર ફેરવી દેવાની અને અન્યાયી પ્રક્રિયાનો વિરોધ કરતાં ગરીબ માણસોને બેરહેમીથી માર મારી સામાન્ય પ્રજા પર જુલમ ગુજારવામાં આવ્યો હતો. કોંગ્રેસના અગ્રણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં અને રાજ્યમાં 2022 સુધીમાં તમામ ઝૂંપડાવાસીઓને પાકા મકાન આપવાની કેન્દ્ર સરકારની જાહેરાત તેમજ રાજ્ય સરકારની મુખ્યમંત્રી આવાસ યોજના અમલમાં હોવા છતાં આજની તારીખે પણ રાજ્યમાં શહેરી વિસ્તારની

...અનુસંધાન પેજ નં. 6 પર

# ડોન લતીફનું સામ્રાજ્ય ખતમ કરનાર બાહોશ અધિકારી એ.કે. જાડેજાનું નિધન

## છેલ્લા ઘણા સમયથી બીમાર હતા, અમદાવાદમાં લીધા છેલ્લા શ્વાસ

ગુજરાત | વંદન

અમદાવાદના ડૉન અબ્દુલ લતીફને રાજકિય અને કેટલાંક સિનિયર પોલીસ અધિકારીઓનું પીઠબળ મળતા લતીફ અને તેની ગેંગ બેફામ બની હતી, લતીફને નાથવા માટે ગુજરાતના ગૃહમંત્રી સી ડી પટેલે આ જવાબદારી ગુજરાત કેડરના પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી ગીથા જોહરીને સોંપી હતી, એક દિવસ અચાનક ગીથા જોહરીને માહિતી મળે છે કે લતીફ દરિયાપુરમાં આવ્યા છે, આખુ ઓપરેશન ગુપ્ત રહે તે જરૂરી હતી, જોહરીએ પોતાની સાથે ઓટો રીક્ષામાં ડીવાયએસપી એ કે જાડેજા અને પીએસઆઈ પટેલને સાથે રાખ્યા હતા.લતીફના ઘર સુધી પહોચી ગયેલી આ ટીમે લતીફના સાગરીત શરીફખાનને ઝડપી લીધો હતો, પણ આ ટીમના સભ્ય આઈપીએસ અધિકારી એ કે જાડેજા બુધવારની સવારે જીંદગીની લડાઈ હારી ગયા એક ખાનગી દવાખાનામાં તેમણે અતિમ શ્વાસ લીધો હતો,



ગુજરાત પોલીસમાં પીએસઆઈ તરીકે જોડાયેલા એ કે જાડેજાએ ત્યાર બાદ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા પાસ કરી તેઓ ડાયરેકટર ડીવાયએસપી બન્યા હતા, આ એવો સમય ગાળો હતો જયારે લતીફના ઘર સુધી જવા માટે એસઆરપી જવાનોની એક કંપની સાથે રાખવી પડતી હતી, આમ લતીફ બખૌફ થઈ ગયો હતો, તે એક પછી એક ગુનાને અંજામ આપી રહ્યા હતા, સરકારનું દબાણ હતું કે કોઈ પણ કિમંતે તેને પકડો, ઓપરેશન લતીફને અંજામ આપવાના આઈપીએસ અધિકારી ગીથા જોહરી પોતાની ઓફિસમાં હતા ત્યારે તેમને જાણકારી મળી તે લતીફ દરિયાપુરમાં આવ્યો છે જોહરીએ નિર્ણય કર્યો કે સીધા દરિયાપુરમાં જવાને બદલે તેઓ દરિયાપુરની પોલીસ ચોકીમાં ગયા જયા તેમણે ડીવાયએસપી એ કે જાડેજા અને પીએસઆઈ પટેલને બોલાવી રાખ્યા હતા.

જયા જવા માટે પોલીસની ફૌજ જોઈએ ત્યા માત્ર ત્રણ પોલીસ અધિકારીઓએ એકલા જવાનો નિર્ણય કર્યો ઓટો રીક્ષામાં બેસીએ તેઓ પોપટીયાવાડ પહોંચ્યા ત્યારે લતીફ અને શરીફખાન બહાર બેઠા હતા, જોહરીએ ત્વરાથી શરીફને ઝડપી લીધો, પણ ત્યાંથી ભાગવામાં લતીફ સફળ રહ્યો, એ કે જાડેજાએ ઘણો સમય તેનો પીછો કર્યો પણ તે હાથ લાગ્યો નહીં, આમ લતીફના ગઢ સુધી પહોંચનાર આ ત્રણ પ્રથમ અધિકારી હતા,. લતીફ એટલો ડરી ગયો હતો કે તે ભારત છોડી પાકિસ્તાન જતો રહ્યો હતો, આ દરમિયાન ગુજરાત એટીએસની સ્થાપના થતાં એ કે જાડેજા એટીસમાં મુકાયા હતા.

એ કે જાડેજા જયારે એટીએસમાં હતા ત્યારે જાણકારી મળી કે લતીફ ભારત આવ્યો છે અને દિલ્હીમાં છે તે પોતાના પરિવાર સાથે ટેલીફોનથી સંપર્કમાં છે, ગુજરાત એટીએસ પાસે એક માત્ર અધિકારી જાડેજા એવા હતા કે જે અવાજથી લતીફને ઓળખતા હતા, તેમણે દિવસો સુધી ફોન ટેપીંગ માટે ટેલીફોન એકસચેન્જમાં બેસીને લતીફના ફોન સાંભળ્યા અને કન્ફર્મ કર્યુ કે આ ફોન કરનાર લતીફ જ છે જેના આધારે એટીએસ દિલ્હીમાં ઓપરેશન કરી લતીફને ઝડપી લીધો હતો, એ કે જાડેજા ઘણા દિવસથી બીમાર હતા, અને તેમની સારવાર અમદાવાદ સ્થિતિ હોસ્પિટલમાં ચાલી રહી હતી, પણ તેમની સ્થિતિ કથળતા તેમને વેન્ટીલેટર ઉપર લેવાની ફરજ પડી હતી, પણ લોકોની પ્રાર્થના અને વિજ્ઞાન હાર્યુ બુધવારની સવારે તેમને અંતિમ શ્વાસ લીધો હતો આમ ગુજરાત પોલીસના એક બહાદુર પોલીસ અધિકારીની વિદાય થઈ છે.

## ઇ..સ્માઈલ પ્લીઝ..



સ્માર્ટ સીટી અમદાવાદમાં હવે પશ્ચિમ વિસ્તારમાં મેટ્રો રેલનો ધમધમાટ સાંભળવા મળશે. એ વિસ્તારના લોકો મેટ્રો રેલમાં બેસીને પૂર્વ વિસ્તારની મુલાકાત લઈ શકશે. એપરેલ પાર્કથી લઈને યુનિવર્સિટી રોડ સુધી તૈયાર થયેલા મેટ્રો રેલનું ટ્રાયલ ચાલી રહ્યું છે. રેલવે વિભાગ દ્વારા ટ્રાયલ માટેના ખાસ એન્જિનનો ઉપયોગ થઇ રહ્યો છે. આ ટ્રાયલ દરમિયાન તેમાં ફરજ બજાવનાર મેટ્રો રેલ કંપનીના કર્મચારીઓએ મેટ્રો એન્જિનની આગળ સમૂહ તસવીર ખેચાવી ત્યારે તસવીર ખેંચનાર એમને જાણે કે કહી રહ્યો હોય - ઇ..સ્માઈલ પ્લીઝ...!

## રામોલમાં ચોરીના 11 મોબાઈલ સાથે બે આરોપીની ધરપકડ

- રાત્રિ દરમિયાન ધાબા અને મકાનમાંથી મોબાઈલ ચોરીને અંજામ આપતા

ગુજરાત | વંદન



અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી મોબાઈલ ચોરી કરતી ગેંગનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બે મોબાઈલ ચોરની ધરપકડ કરી 11 ફોન રીકવર કર્યા છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે બંને આરોપીઓ રાત્રિ દરમિયાન લોકોના ધાબા અને મકાનમાંથી મોબાઈલની ચોરી કરીને ફરાર થઈ જતા હતા. મળતી માહિતી મુજબ, રામોલ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.બી.સોલંકી તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ અજયસિંહ પ્રતાપસિંહ, પોલીસ કોન્સ્ટેબલ ચેતનભાઈ અને


...અનુસંધાન પેજ નં. 6 પર

### ગુમ હરિહરાનંદ બાપુ મળ્યા, મહારાષ્ટ્રમાં એક સેવક સાથે થયો ભેટો

## ગુજરાતના સાધુ-સંત સમાજમાં વાદ-વિવાદ અને વિખવાદથી લાખો હરિભક્તો ચિંતિત

ગુજરાત | વંદન

છેલ્લા કેટલાંક સમયથી ગુજરાતના સાધુ-સંત સમાજમાં એક પછી એક વાદ-વિવાદ બહાર આવી રહ્યો છે. જે હજારો લાખો હરિ ભક્તોને આઘાત પહોંચાડે છે. સામાન્ય રીતે ધાર્મિક સંગઠનમાં આંતરિક વાદ વિવાદ ભાગ્યેજ જોવા મળે છે. મતભેદ હોય પણ મનભેદ ન હોય પરંતુ સોખડા વિવાદમાં મનભેદ બહાર આવ્યા બાદ ભાગલા પડ્યા તો બીજી તરફ એક ધાર્મિક સંસ્થાના સાધુ-સંત ગુમ થયાની ઘટના બની.



ચાર દિવસથી ગુમ ભારતી આશ્રમના ગાદીપતિ હરિહરાનંદ બાપુ આખરે મળી આવ્યા છે. હરિહરાનંદ છેલ્લાં ચાર દિવસથી ગુમ હતા. વડોદરા પોલીસ છેલ્લા ત્રણ દિવસ શોધી રહી હતી. તેમની માહિતી આપનારને રિવોર્ડની જાહેરાત પણ કરી હતી. ત્યારે બાપુ મહારાષ્ટ્રમાં એક સેવકને મળ્યા હતા. ત્યારબાદ બાપુને વડોદરા લાવવામાં આવ્યા હતા. ત્રણ દિવસથી ગુમ ભારતી આશ્રમના હરિહરાનંદ બાપુ મહારાષ્ટ્રથી મળી આવતા ભક્તોમાં ખુશીનો માહોલ છવાયો હતો. બાપુ મળી આવતાં અમદાવાદમા આવેલ સરખેજ આશ્રમના વિવાદ એનેક ખુલાસા થશે. સરખેજ ભારતી આશ્રમના વિવાદથી વ્યથિત મહામંડલેશ્વર હરિહરાનંદ ભારતી બાપુ ગુમ થયા હતા. વ્યથિત હોવાથી હરિહરાનંદ ભારતી બાપુ આશ્રમ છોડી નિકળી ગયા હતા. ઉલ્લેખનીય છે કે જૂનાગઢ ભારતી આશ્રમના સ્થાપક ભારતી બાપુના દેવલોક પામ્યા બાદ હરિહરાનંદ ભારતી બાપુએ ગાદી સંભાળી છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### સોખડા વિવાદઃ ગુણાતીત સ્વામીના અપમૃત્યુ કેસમાં મોટો ઘટસ્ફોટ



વડોદરાના સોખડા સ્વામિનારાયણ મંદિર વિવાદ યથાવત છે. જેમાં ગુણાતીત ચરણ સ્વામીએ સંતના ત્રાસથી આપઘાત કર્યાની ચર્ચા થઇ રહી છે. જેમાં પોલીસે સૌથી વધુ પ્રભુપ્રિય સ્વામીની પૂછપરછ કરી છે. તેમજ આપઘાત અગાઉ ગુણાતીત ચરણ સ્વામીએ નિકટ ના એક વ્યક્તિ પાસે ફોનથી વ્યથા ઠાલવી હતી. તથા મંદિર સંતોમાંથી આપઘાત બાદ કોણે વધુ ફોન કર્યા તેની તપાસ ચાલુ છે. તેમજ વધુ તપાસમાં ચોંકાવાનાર ખુલાસા થઇ છે. સોખડા હરિધામમાં ગુણાતીત સ્વામીના અપમૃત્યુ કેસના પાંચ દિવસ બાદ પોલીસ અંધારામાં છે. એક તરફ, ગુણાતીત સ્વામીના આપઘાતનો તાળો મેળવવા પોલીસ નિષ્ફળ રહી છે. બીજી તરફ, ગુણાતીત સ્વામીએ એક સંતના ત્રાસથી જીવાદોરી ટુંકાવી અને તે અંગે ગુણાતીત સ્વામીએ તેમની નિકટના વ્યક્તિ સાથે ફોન પર વ્યથા ઠાલવી હોવાની હરિભક્તોમાં ચર્ચા છે. આ કેસમાં આગામી દિવસોમાં નવો ઘટસ્ફોટ થવાની શક્યતા છે.


# જો ગુજરાત પેટ્રોલ-ડીઝલ પર વેટ ઘટાડે તો 3555 કરોડનો પ્રજાને લાભ મળે

- વેટ ઘટે તો કર્ણાટકને સૌથી મોટુ નુકસાન

ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રીઓની સાથે બેઠક કરી. આ બેઠક કોરોનાની હાલની સ્થિતિ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી હતી. પરંતુ તેમાં પ્રધાનમંત્રી મોદીએ રાજ્યોને પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં રાહત આપવાની સલાહ આપી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકારે ગયા વર્ષે નવેમ્બરમાં એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી હતી અને રાજ્યોને ટેક્સ ઓછો કરવાની સલાહ આપી હતી. પરંતુ કેટલાંક રાજ્યોએ મારી વાત માની નહીં. તેમણે વિપક્ષી પાર્ટીઓના મુખ્યમંત્રીઓને કહ્યું કે મારો આગ્રહ છેકે વેટ ઘટાડો અને નાગરિકોને લાભ પહોંચાડો. પીએમ મોદીએ આ બેઠકમાં મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, કેરળ, ઝારખંડ અને તમિલનાડુનું નામ લીધું. જ્યારે કર્ણાટક અને ગુજરાત જેવા બીજેપી શાસિત રાજ્યોના વખાણ કરતાં કહ્યું કે જો તે વેટ ન ઘટાડત તો તેમને હજારો કરોડો રૂપિયાની રેવન્યુ મળત.

## વેટ ઘટાડવાથી કોને કેટલું નુકસાન



| | | | |
|---|---|---|---|
| 1. કર્ણાટક | 5314 કરોડ રૂપિયા | 7. ઓડિશા | 1154 કરોડ રૂપિયા |
| 2. ગુજરાત | 3555 કરોડ રૂપિયા | 8. હરિયાણા | 973 કરોડ રૂપિયા |
| 3. ઉત્તર પ્રદેશ | 2806 કરોડ રૂપિયા | 9. અસમ | 789 કરોડ રૂપિયા |
| 4. રાજસ્થાન | 2415 કરોડ રૂપિયા | 10. બિહાર | 700 કરોડ રૂપિયા |
| 5. મધ્ય પ્રદેશ | 2114 કરોડ રૂપિયા | 11. જમ્મુ કાશ્મીર | 506 કરોડ રૂપિયા |
| 6. પંજાબ | 1949 કરોડ રૂપિયા | | |

## સરકાર 2,5,7 કે 10 રૂપિયા ઘટાડે તો શું અસર થાય?:

1 **2 રૂપિયા ઘટાડે તો** | બિહાર સરકારે ગયા વર્ષે નવેમ્બરમાં પેટ્રોલમાં 1.30 રૂપિયા અને ડિઝલ પર 1.90 રૂપિયાનો વેટ ઘટાડ્યો હતો. તેનાથી તેમને 6 મહિનામાં 700 કરોડનું નુકસાન થયું છે. આ જ રીતે ઓડિશાએ પ્રતિ લિટર પેટ્રોલ-ડિઝલ પર 3 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. જેનાથી તેને 11154 કરોડ રૂપિયાનું નુકસાન થયું.

2 **5 રૂપિયા ઘટાડે તો** | રાજસ્થાન સરકારે પણ પેટ્રોલ પર 5 અને ડિઝલ પર 4 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. જેનાથી સરકારને 2415 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

3 **7 રૂપિયા ઘટાડે તો** | યૂપીએ પેટ્રોલ પર 7 અને ડિઝલ પર 2 રૂપિયા ઘટાડ્યા તો સરકારને 2806 કરોડ રૂપિયાનું નુકસાન થયું. કર્ણાટક સરકારે પેટ્રોલ-ડિઝલ પર 7 રૂપિયાનો વેટ ઘટાડ્યો હતો. તેનાથી તેમને 5314 કરોડ રૂપિયાનું નુકસાન થયું. ગુજરાતે પણ બંને પર 7 રૂપિયાનો વેટ ઘટાડ્યો તો તેને 3555 કરોડ રૂપિયાનું નુકસાન થયું. હરિયાણા સરકારે નવેમ્બરમાં પેટ્રોલ પર 7 અને ડિઝલ પર 2 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. જેનાથી તેમની રેવન્યૂમાં 973 કરોડ રૂપિયા ઓછા આવ્યા. અસમે 7 રૂપિયા ઘટાડ્યા તો 789 કરોડ રૂપિયા, જમ્મુ કાશ્મીરે પણ 7 રૂપિયા ઘટાડ્યો તો 506 કરોડ રૂપિયાનું નુકસાન થયું. મધ્ય પ્રદેશ પણ 7 રૂપિયા વેટ ઘટાડ્યો તો 2114 કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું.

4 **10 રૂપિયા ઘટાડે તો** | પંજાબ સરકારે પ્રતિ લિટર પેટ્રોલ પર 10 રૂપિયા અને ડિઝલ પર 5 રૂપિયા ઘટાડ્યા હતા. તેનાથી તેમની રેવન્યૂમાં 1949 કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો.

## પેટ્રોલ-ડિઝલ પર ટેક્સથી કોની કેટલી કમાણી

**1. કેન્દ્ર સરકાર** | પેટ્રોલ પર 27.90 રૂપિયા અને ડિઝલ પર 21.80 રૂપિયા એક્સાઈઝ ડ્યૂટી લાગે છે. એક્સાઈઝ ડ્યૂટીથી કેન્દ્ર સરકારે છેલ્લાં 8 વર્ષમાં 18.23 લાખ કરોડની કમાણી કરી છે. તેમાંથી 2.62 લાખ કરોડ રૂપિયા તો એપ્રિલ 2021થી ડિસેમ્બર 2021ની વચ્ચે મેળવ્યા છે.

**2. રાજ્ય સરકાર** | અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ વેટ, સેસ કે બીજા પ્રકારના ટેક્સ પેટ્રોલ-ડિઝલ પર લાગે છે. છેલ્લાં 8 વર્ષમાં રાજ્ય સરકારોએ પેટ્રોલ-ડિઝલ પર ટેક્સમાં 14.26 લાખ કરોડ રૂપિયાથી વધારેની કમાણી કરી છે. તેમાંથી 1.89 લાખ કરોડ રૂપિયા તો 2021-22ના ત્રીજા ક્વાર્ટરમાં જ મેળવ્યા છે.